
# પૂર્ણિમા પાછી ઊગી

— 'ચિત્રભાનુ'



શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ : વર્ષ ૧૮ : પુ. ૨ જું

# પૂર્ણિમા પાછી ઊગી

: લેખક :

'ચિત્રભાનુ'

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ : અમદાવાદ

પહેલી આવૃત્તિ : ૧૯૬૬

: કિંમત :
રૂા. ૨-૦૦ પૈસા

પ્રકાશક :
**લાલભાઈ મણિલાલ શાહ**
શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા
ટ્રસ્ટ : હઠીભાઈના દેરા સામે,
દિલ્હી દરવાજા બહાર : અમદાવાદ

મુદ્રક :
કાન્તિલાલ એમ. દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરજાપુર રોડ : અમદાવાદ



# પ્રકાશકીય

આભને અજવાળતી પૂર્ણિમા વાદળોની ઓટમાં છુપાઈ ગઈ છે, વાદળોના થર એની શુભ્ર ધવલ ચાંદનીને આવરી બેઠા છે, સંસારમાં પ્રકાશ જેવું કાંઈ રહ્યું નથી. જે છે તે માત્ર જીવનવંચના જ માત્ર છે!

રાત વેરણ બની છે, કષાયોનાં ટોળાં ને ટોળાં જીવનની સમૃદ્ધિને છડેચોક લૂંટી જવા લાગ્યાં છે. મિત્ર અને શત્રુ, મોહ અને પ્રેમ, ત્યાગ ને વૈરાગ્ય બધું ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાંની જેમ એક ભાવે વેચાવા લાગ્યું છે!

અંધકાર મન-બુદ્ધિને આવરીને હવે આત્માનો બન્યો છે. દિશા કોઈ સૂઝતી નથી. દિશા સાચી સમજી દોડીએ તો ત્યાં ભીંત સાથે માથું અફળાય છે! ઘાણીના બેલની જેમ ઠેરના ઠેર ફરીને ઊભા રહીએ છીએ. ક્યાં જવું? કેમ જવું? શું કરવું?

સહુને ચારિત્ર્યના સૂર્ય સાંપડતા નથી. અમને સંસારીઓને તો પૂર્ણિમા ભરી રાત પણ ખપે. સંસારની અમારી રાત ઉજિયારી બનવી જોઈએ. અમે ચોર અને શાહુકાર, મિત્ર અને શત્રુ, ઉપકારી અને અપકારીને તો ઓળખી શકીએ ને!

પૂર્ણિમાના પરમ આરાધને બેઠેલા મુમુક્ષુઓને એક નવો સંગ્રહ સાંપડે છે, એક નવી ચાંદની મનની બિછાત પર પથરાય છે, અપૂર્વ કાંઈ કૌમુદી કાંટા અને ફૂલ બંને પર વેરાય છે. જાગો ને જુઓ! અનુભવો ને આત્મસાક્ષાત્કાર કરો!

પૂર્ણિમા પાછી ઊગી છે! એ પૂર્ણિમાનાં સ્વાગત કરીએ.

—વ્યવસ્થાપક

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | પૂર્ણિમા પાછી ઊગી | ૧ |
| ૨. | અહંને ઓળખો | ૧૪ |
| ૩. | સ્ત્રીની શક્તિ | ૨૩ |
| ૪. | સાચું આભૂષણ | ૪૩ |
| ૫. | અભય કેળવો | ૫૮ |
| ૬. | આજના યુવાનોને | ૭૩ |
| ૭. | પ્રશ્ન-ત્રિપુટી | ૮૩ |
| ૮. | આજના યુગમાં | ૯૮ |
| ૯. | જીવનસાફલ્યની કૂંચી | ૧૦૪ |
| ૧૦. | આપણને ઓળખીએ | ૧૧૫ |
| ૧૧. | દાન એક ઉત્સવ | ૧૩૭ |
| ૧૨. | રત્નત્રયી | ૧૪૭ |
| ૧૩. | તેજનો લિસોટો | ૧૭૬ |
| ૧૪. | સ્ત્રી જ્વાળા નહિ, જ્યોત | ૧૭૮ |

# પૂર્ણિમા પાછી ઊગી!

ભારતભરમાં આજનો દિવસ જુદી જુદી રીતે ઊજવાઈ રહ્યો છે. ત્યાગી મહાત્માઓ સાધના, સ્વાધ્યાય, ચિંતન અને સેવા—આ ચાર કાર્યો ચાર મહિના સુધી એક સ્થળે પૂર્ણ કરી, બીજા ગામ પ્રતિ પ્રયાણ કરવાની પ્રભાતથી તૈયારી કરતા હશે. એટલે એક રીતે ચાર મહિના સુધી એક ઠેકાણે રહેલા તપ અને ત્યાગની મૂર્તિ જેવા આ સંતો, આજે નદીના પ્રવાહની જેમ જુદા જુદા ક્ષેત્રને પલ્લવિત કરવા નીકળી પડશે.

વળી આજના દિવસે, હજારો ભાવિક હૃદયને પ્રેરણા આપતું ભારતવર્ષનું અજોડ તીર્થ પાલિતાણા ભાવિક આત્માઓને બોલાવી રહ્યું છે. આપણે જેમ અહીં પાંચ માળ ચડયા તેમ ત્યાં આગળ ત્રણ માઈલ ઊંચો આપણો જે ગિરિરાજ છે તે, ઉત્સાહથી ઉપર ચડતાં વૃદ્ધો અને થાકેલા માણસોને બળ આપી રહ્યો છે. અને એનું આ દૃશ્ય અત્યારે મારી સામે આવીને ઊભું છે.

ભગવાન હેમચંદ્રાચાર્ય મહારાજ, જેમણે ભારતવર્ષમાં અહિંસાની જ્યોત જગાવી અને કુમારપાળ અને સિદ્ધરાજ જેવા સમર્થ રાજવીઓના ધર્મગુરુ બનવાનું મહાન સૌભાગ્ય

પ્રાપ્ત કર્યું તેમનો આજ જન્મદિન પણ છે.

ગુરુ બનવું તો સહેલ છે પણ શિષ્યના આત્માનો ઉદ્ધાર કરવો, એના આત્માને ઉઠાવી લેવો; ઊંચે ચડાવવો એ કામ કઠિન છે. એવા પ્રકારના જે થોડાઘણા ગણ્યાગાંઠયા ગુરુ થયા તેમાં કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યનું નામ પ્રથમ છે.

એ મહાપ્રભાવક કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય એક ઠેકાણે લખે છે:

'માણસના જીવનનો હેતુ શો છે? આ સંસારમાં આપણે બધા આવ્યા અને જીવન જીવ્યા, પણ એનો હેતુ શો?'

સવારે ઊઠીએ ત્યારથી સાંજ સુધી એક જાતની આપણી દોડ ચાલે છે. જે લોકોની પાસે વધારે વેગવાન વાહન છે, અને વધારે દોટ લગાવી જાણે છે એ લોકો સમાજમાં વધારે ભાગ્યશાળી ગણાય છે.

એક ભાઈએ એક શ્રીમંતની ઓળખ આપતાં કહ્યું: 'આ ભાઈ કોણ છે તે તમને ખબર છે?'

મેં કહ્યું: 'હું ક્યાંથી જાણું?'

'તેમની પાસે બે તો હેલીકોપ્ટર છે,' એમ કહીને એમણે મને એમની ઓળખાણ આપી.

મેં પૂછ્યું: 'શા માટે?'

એ કહે: 'અમે જેમ બે મોટર રાખીએ છીએ તેમ આ ભાઈ પાસે બે હેલીકોપ્ટર છે, અને જ્યારે ક્યાંય જવું હોય ત્યારે હેલીકોપ્ટરમાં જ જાય છે, કારણ કે એમને ટાઈમની બહુ કિંમત છે.'

મને થયું કે આવા માણસને ગુરુ બનાવવા જોઈએ, કારણ કે જેને સમયની કિંમત છે તે જ પ્રાજ્ઞ, તે જ સાચો સાધક, તે જ ખરો ગુરુ.

મેં પૂછ્યું : 'ભાઈ, તમે સમય તો બચાવો છો પણ એ સમય બચાવીને શું કરો છો?' તો કહે : 'મહારાજ, તમને તો કંઈ ખબર લાગતી નથી; તમે તો ઉપાશ્રયમાં બેસી ગયા છો. કેટલા ઉદ્યોગો ચલાવવા પડે છે, કેટલાં કારખાનાંઓ છે, કેટલી ઓફિસોમાં ધ્યાન પરોવવું પડે છે! પ્રવૃત્તિ એટલી છે કે જીવવાની કે મરવાની ફુરસદ નથી.'

વિચારતાં વિચારતાં મેં પૂછ્યું : 'રાતના તમને ઊંઘ તો શાંતિથી આવતી જ હશે ને?'

'અરે, ઊંઘ કેવી? એ માટે તો ઊંઘવાની ગોળી લેવી પડે છે.'

ત્યારે મને થયું કે સુંદરમાં સુંદર બબ્બે હેલીકોપ્ટર રાખનાર માણસને ઊંઘ લેવા માટે દવાની મદદ લેવી પડે, દવાને ટેકે જીવવું પડે એના જેવો પરાધીન અને દુઃખી માણસ બીજો કોણ હોઈ શકે?

આજ સુધી સંસારમાં માનવીનાં મૂલ્યો માત્ર આર્થિક દૃષ્ટિએ જ કરાયાં છે, પણ હવે એવો જમાનો આવી ગયો છે કે વિચારકો અને ચિંતકો તરફ માણસો વળવા લાગ્યા છે. માણસના જીવનમાં માણસને પોતાને જો શાંતિ ન મળે, માણસ ઓશિકા ઉપર માથું મૂકે અને એને જો ઊંઘ ન આવે, તો આ બધાનો અર્થ શો? માણસ સમાધિમય શાંતિનો

સ્પર્શ જો ન પામી શકતો હોય તો સમગ્ર જીવનનો મહાન પ્રયત્ન માત્ર પાણી વલોવવા જેવો જ નિષ્ફળ છે.

ઘણી વાર એમ પણ દેખાય છે કે રેતીમાં ઘર બાંધીને બાળકો જ્યારે સાંજ થાય છે ત્યારે 'આ ઘર મારું ને તે ઘર તારું' કહીને લડતા હોય છે; મોટાઓ પણ આવું જ કરતા દેખાય છે. બાળકોના કજિયા રેતીના ઘર માટે છે; મોટાઓના ઝઘડા ઈંટોનાં મકાન માટે છે. બન્ને લડે છે નાશવંત વસ્તુઓ માટે. માણસો આમ લડ્યા જ કરે તો માણસે આ ભૂમિમાં થઈ ગયેલા આટઆટલા મહાપુરુષો પાસેથી મેળવ્યું શું? આટલાં વર્ષોમાં કેળવ્યું શું?

બહારના લોકો અધ્યાત્મની તૃષા છિપાવવા અહીં આવે છે. એ સમજે છે કે ભારતમાં આધ્યાત્મિક અમૃત છે; જેનો એક પ્યાલો પીવાથી આત્માને અમરત્વ પ્રાપ્ત થાય છે.

આ એક અમેરિકન ભાઈ તો તમારી સાથે જ બેઠા છે. એ વનસ્પત્યાહારી છે એ જાણી તમને બહુ આનંદ થશે. અને વધુ આનંદિત થવા જેવી વાત તો એ છે કે એ વનસ્પત્યાહારી તો છે, પણ આગળ વધીને એ દૂધ અને માખણ પણ લેતા નથી. એમની જ્યારે મને ઓળખાણ આપી ત્યારે મેં કહ્યું કે, 'one step ahead–એક પગલું તમે આગળ વધેલા છો.'

એ કહે છે: 'ગાયનું દૂધ લઈને એના વછેરાને મારે જુદું પાડી, એને ભૂખ્યું નથી રાખવું.' આવી સૂક્ષ્મ અહિંસાથી એને જીવન જીવવું છે.

જે અમેરિકા તરફ આપણા હજારો જુવાનોની આંખ છે, જે અમેરિકા જવાના વિસા મેળવવા માટે આડીઅવળી

રીત અજમાવી, ભગવાનના સોગન ખાવા હોય તો તે ખાઈને પણ, વિસા મેળવવા તૈયાર છે; અને જે લોકો એમ માનતા હોય કે અમે ભગવાનને વફાદાર છીએ, એ લોકો વિસાની ખાતર વફાદારી છોડીને જવાને તૈયાર છે; જ્યારે અમેરિકાનો ત્યાગ કરીને આ માણસો અહીં આવી રહ્યા છે. શા માટે આવી રહ્યા છે?

તેઓ માને છે કે ભારતભૂમિમાં કોઈ એવી મહાન વસ્તુ છે, એવી સંજીવની છે, કોઈક એવું અમૃત છે કે જેનો માત્ર એક પ્યાલો પીવામાં આવે તો માનવ અમર બની જાય ને જન્મ–મરણના ફેરા ટળી જાય. સંસ્કૃતિનું જે ઘર કહેવાય, સમર્પણની સંસ્કૃતિનું જે જન્મસ્થાન કહેવાય, સંતોની જે જન્મભૂમિ કહેવાય, એ જ સંતોની જન્મભૂમિ પરથી આજે સંસ્કૃતિ કેટલી ઝડપથી ધોવાઈ રહી છે, ભૂંસાઈ રહી છે, ભુલાઈ રહી છે! અને જો આમ જ ચાલ્યા કરશે તો જીવનનો જે ઉદ્દેશ છે તે જ ભુલાઈ જશે.

માટે જ આજે આપણે વિચારવાનું છે કે માણસનું જે જીવન છે તે પરમ શાંતિની શોધ માટે છે. માણસની જીવનયાત્રા તે પૂર્ણપ્રતિ પ્રયાણ છે. માણસથી આ ન બની શકે, કે માણસાઈનો પૂર્ણ અનુભવ ન મેળવી શકાય, તો હું તમને કહીશ કે જીવન નિરર્થક છે–એકસો ને એક ટકા નિરર્થક છે.

જિંદગીનો વિજય શેના પર આધારિત છે? બાહ્ય વસ્તુ પર કે અંદરનાં તત્ત્વોનાં સંશોધન પર? માણસમાં રહેલાં એનાં નિયામક તત્ત્વોને ત્રણ ભાગમાં વહેંચી શકાય, અને તે પ્રમાણે માણસનો વિકાસક્રમ વિચારી શકાય.

કેટલાક માણસો વૃત્તિપ્રધાન છે, કેટલાક માણસો વિચારપ્રધાન છે અને કેટલાક માણસો વિવેકપ્રધાન છે.

જે વૃત્તિપ્રધાન માણસો છે, એ લોકો વૃત્તિની દોડમાં દોડી રહ્યા છે. વૃત્તિનો આવેગ આવ્યો અને આહાર, નિદ્રા, ભય, મૈથુન કરી લીધું. તેના માટે એને કોઈ જ વિચાર નથી. એ વૃત્તિના પ્રેરેલા નશામાં માણસ પોતે પોતાને જ ભૂલી જાય છે; એ વૃત્તિઓના પ્રવાહમાં તણાતો હોય છે. આ વિભાગ માત્ર વૃત્તિઓ ઉપર જ જીવનારો વર્ગ છે. આ વર્ગને બીજો કોઈ જ વિચાર નથી. વૃત્તિઓથી પ્રેરાઈને, વૃત્તિઓને અધીન બનીને એ જ્યારે વૃત્તિઓની ઇચ્છાને પૂર્ણ કરે છે ત્યારે એ માને છે કે એણે ચક્રવર્તીનું સુખ ભોગવી લીધું.

આ વૃત્તિપ્રધાન જીવન તે પશુતા છે. પશુઓની વૃત્તિ એવી હોય છે કે ભૂખ લાગી એટલે ખાઈ લે, તરસ લાગી તો પી લે, કામ જાગે એટલે પૂર્ણ કરી લે, ઊંઘ આવી તો ચાલતાં કે બેઠાં પણ ઊંઘી લે. ટૂંકમાં આવેગ અગર વૃત્તિઓના એક જબરદસ્ત હુમલા સાથે ઇચ્છા પૂર્ણ કરી લે. આવા વર્ગને પશુતાપ્રધાન કહી શકાય.

એના પછી બીજો વર્ગ આવે છે વિચારપ્રધાનનો. વિચાર-પ્રધાનમાં વૃત્તિ તો છે જ, પણ નિર્ણય કરી શકતો નથી કે શું કરું. કદીક વૃત્તિ જાગે છે અને વિચાર આવે છે: 'ના, મારે આ નથી કરવું.' કદીક વળી એમ થાય: 'કરી લઉં.' એ વિચારોમાં છે; નિર્ણય કરી શકતો નથી. એનામાં માણસનું જરાક દર્શન થાય છે. એ ભૂલ કરે છે, પણ ભૂલ કરવા છતાં તેને લાગે છે કે આ ભૂલ કરવા જેવી નથી.

તે જૂઠું બોલે છે, પણ જૂઠું બોલ્યા પછી વિચાર કરે છે કે જૂઠું બોલવું ખરાબ છે. પોતે એમ ઇચ્છે કે મને આ ખોટો વારસો મળી ગયો છે, એ વારસો મારાં સંતાનોને ન મળે તો સારું. એ દારૂ પીતો હોવા છતાં એમ માને છે કે મારો દીકરો દારૂ ન પીએ.

એટલે 'નથી પીવો' એ 'વિચાર' છે ને 'પીધા વિના ચાલતું નથી' એ 'વૃત્તિ' છે. વૃત્તિ અને વિચાર વચ્ચેનું ઘર્ષણ એ માણસના જીવનમાં થોડીક માનવતાની હવા લાવે છે, પણ પશુતા એને છોડતી નથી.

સમાજમાં આવા માણસોનું આપણને ઘણી વાર દર્શન થાય છે, જે વૃત્તિઓને દબાવી પશુતાના સ્તરથી ઉપર આવ્યા હોય છે. છતાં તેમના હૃદયના ઊંડાણમાં સતત એવું કંઈક નિર્બળ વહેતું જ હોય છે જે એમને ચોક્કસ કે નિર્ણીત થવા નથી દેતું. આવા માણસોમાં માનવતાની સુવાસ કદીક મહેકી પણ ઊઠે, વળી કદીક બદબો પણ ઊછળી પડે.

આવા માણસો પ્રાર્થના કરે છે: 'હે ભગવાન! મને પ્રકાશ આપ. અંધકારમાંથી બહાર કાઢ. અસત્યમાંથી ઉપર ઉઠાવ. નિમ્નમાંથી ઉન્નત પ્રતિ લઈ જા.' અહીં પ્રાર્થના છે પણ પ્રયત્ન નથી.

જેની અંદર પ્રાર્થના છે પણ પ્રયત્ન નથી એવી જે અવસ્થા છે, તે વિચારપ્રધાન પ્રવાહી અવસ્થા છે—અનિશ્ચિત વિચારોની અવસ્થા છે.

ત્રીજો એક વર્ગ છે, જેમાં વૃત્તિ નહિ, વિચાર નહિ, પણ વિવેક છે. અને વિવેક એ પ્રભુતા છે. તમે કાર્ય કરો

ત્યારે વિવેક દીપક ધરે તો જાણવું કે આ જ પ્રભુતા છે, પ્રભુ હવે દૂર નથી.

એક આચાર્યે ઠીક જ કહ્યું છે: 'કાન્તા અને કનકના પાતળા દોરાથી આખુંય વિશ્વ બંધાયેલું છે, પણ જે માણસનું મન વિવેકથી એ બન્નેમાં વિરક્ત છે, તે બે ભુજાવાળો પરમેશ્વર છે.'

જેમાં વિવેક છે, જેનું માથું પ્રલોભનો સામે નમતું નથી, જેનું હૃદય લોભાતું નથી, જેના વિચારોમાં ચાંચલ્ય ઊભું થતું નથી એવા પ્રકારનો માણસ દ્વિભુજ ભગવાન છે.

ગગનના પેલા કલ્પનાના ભગવાનને ભલે ચાર ભુજા હોય, પણ આ તો આ પૃથ્વી પરનો બે ભુજાવાળો ભગવાન છે, કારણ કે એનામાં વિવેકપૂર્ણ વિરક્તિ છે.

ભારતીય સંસ્કૃતિનાં આપણાં જીવનમૂલ્યો એ પ્રભુતા તરફ જવાવાળાં મૂલ્યો છે. તમે જોશો કે પાશવતાપ્રધાન જે પ્રવૃત્તિ છે, એ વૃત્તિપ્રધાન છે; વિચાર પ્રધાન જે જીવન છે, એ માનવપ્રધાન જીવન છે; અને જેની અંદર વિવેકપ્રધાન જીવન છે એ જીવનમાં જ પ્રભુતા વસેલી છે.

એક ભાઈએ મને પૂછેલું કે, પ્રભુતાનું દર્શન કેમ થાય? મેં કહ્યું: 'વૃત્તિ અને વિચારના વિસર્જનથી.' તો કહે: 'દૃષ્ટાન્ત ન આપી શકો?'

મેં કહ્યું: 'આ કાગળ પર પ્રભુતા શબ્દ લખો.' એમણે આ શબ્દ લખ્યો. પછી એમને પૂછ્યું; 'તમારા ખીસામાં કંઈ છે?' એ કહે: 'એક ગીની છે.' 'તો એને આ શબ્દ પર મૂકો. હવે પ્રભુતા વંચાય છે?

દેખાય છે? નહિ. કારણ કે એ ઢંકાયેલ છે. એનું દર્શન કરવું હોય તો ગીનીનું વિસર્જન કરો.'

ભગવાનને દબાવનાર કોણ? ભગવાન દબાયો ગીની નીચે–સોના નીચે. દબાયેલ પ્રભુતા પ્રાર્થના કરે છે, પણ પ્રયત્ન નથી. એકલી પ્રાર્થનાથી શું વળે? ભગવાનને જોવા હોય, સાંભળવા હોય તો પ્રયત્ન કરી આ ગીનીને ખસેડી નાખો, સોનાનું પડ ખસેડી નાખો, તો જ હૃદય ખુલ્લું થાય અને પ્રભુતાનું દર્શન થાય.

દાન શું છે? હૃદય સોનાના ભારથી દબાઈ ગયું છે તેને ખુલ્લું કરવું તે દાન છે. પ્રભુતાને પામવાનો આ એક સુંદરમાં સુંદર ઉપાય છે.

હું તો માનું છું કે સાધુઓ તમારા ઉપકારી છે. એ તમને બોજ વગરના ( Burdenless ) બનાવી રહ્યા છે.

તમને લાગવું જોઈએ કે આ બોજ ક્યારે ઉતારું! હું જોઉં છું કે અહીં ઘણા બોજવાળા માણસો છે. શુભેચ્છા એવી છે કે સૌ હળવા થાય. પણ કેટલાક તો કહે છે, ' અમે ભાર તો નહિ જ છોડીએ.' ભારને વળગી રહેવું અને ભગવાનને કહેવું કે તું મને ઉડાવી લે. તો ભગવાન કહે છે કે તું એટલો વજનદાર છે કે મારાથી તું ઊપડે એમ નથી; તને ઉઠાવું તો કદાચ હું તારા નીચે દબાઈ જાઉં. અને આ ડૂબતો માણસ તારનારને પણ પકડી લે.

એટલા જ માટે ભગવાનને જો જોવા હોય તો આપણા ઉપર જે ભાર છે તે ભારને આપણે ઓછો કરવો પડશે. તો હું તમને એટલું જ કહું છું કે આખર તો માનવજીવનની

યાત્રા કોઈક પરમ તત્ત્વને મળવા માટે જ છે. આપણે અહીંયાં મળ્યા છીએ તે કેટલો આનંદ છે! પણ જો એ પ્રભુતાને આપણે મળીએ તો તો કેવો અપૂર્વ આનંદ પ્રસરી જાય!

સાંભળેલો એક પ્રસંગ યાદ આવે છે. દિલ્હીનું એક કુટુંબ ઘણાં વર્ષોથી મુંબઈમાં રહેતું હતું. મુંબઈમાં હુલ્લડ થતાં આ કુટુંબને પોતાની જન્મભૂમિ સાંભરી આવી. એણે દિલ્હી-ની ટિકિટ કઢાવી. એ ગાડીમાં બેઠું. સ્ત્રીએ પૂછ્યું: 'આટલાં વર્ષે આપણે દિલ્હી જઈએ છીએ. ત્યાં આપણને અગવડ નહિ પડે?' પુરુષે કહ્યું: 'અગવડ શાની પડે? તું જો તો ખરી, ઊલટી સગવડ થશે. આપણે મુંબઈ આવ્યાં, ધનવાન થયાં છતાં આપણે આપણા મિત્રોને ભૂલ્યા નથી; અહીં બેઠાં બેઠાં પણ એમનું ધ્યાન રાખ્યું છે. આપણને જેમ મુંબઈમાં હતું તેવું જ ત્યાં પણ છે.'

આ વાત એમની બાજુમાં જરા ઉદાસ બેઠેલો એક પ્રવાસી સાંભળી રહ્યો હતો. પોતાના વિષાદને વાતો દ્વારા હળવો કરવા એણે કહ્યું: 'હું પણ દિલ્હી જ જઈ રહ્યો છું, પણ મારા દિલમાં તમારા જેટલી ખુશી નથી, કારણ કે દિલ્હીથી મુંબઈ આવ્યા પછી મુંબઈના રંગરાગમાં વતનના મિત્રોને સાવ જ વીસરી ગયો. આજ આફત આવતાં દિલ્હી સાંભરી આવ્યું. જાઉં તો છું પણ ક્યાં ઊતરવું અને કોને મળવું એ વિચારનો વિષય થઈ પડ્યો છે. તમારું સ્વાગત થશે, જ્યારે મારે ઊત-રવા માટે સ્થાનની શોધ કરવા રખડવું પડશે; અને તે પણ પૈસા વિના કેમ મળે? અને આજ તો ખીસું પણ ખાલી છે.'

એટલામાં એક ચોરને દોરડાથી બાંધી બે પોલીસ ટ્રેનમાં દાખલ થયા અને બાજુના પાટિયા પર બેઠા. પેલા ભાઈએ પૂછ્યું: 'તમે ક્યાં જાઓ છો?' તો કહે: 'અમે દિલ્હી જઈ રહ્યા છીએ. આ ચોર દિલ્હીનો છે. એણે મુંબઈ આવી ઘણાને શીશામાં ઉતાર્યા છે—ઘણાને છેતર્યા છે અને વર્ષો સુધી ઠગવિદ્યા અજમાવી છે. હવે એ પકડાયો છે. એને દિલ્હીની કેદમાં નાખવા જઈ રહ્યા છીએ........'

આ વાર્તામાં આવતા આવા ત્રણે જાતના પ્રવાસીઓ આપણને આ જિંદગીરૂપ ટ્રેનમાં જોવા મળે છે. પ્રવાસીનો પ્રથમ વર્ગ વિવેકપ્રધાન છે, જે આ દુનિયારૂપી મુંબઈમાં આવવા છતાં પોતાના અંતિમ ધ્યેયરૂપી દિલ્હીને ભૂલ્યો નથી; એમાં બિરાજતા શુદ્ધ અને શ્રેષ્ઠ મિત્રોને ભૂલ્યો નથી. એનો વિવેક, એને દોસ્તો હોવાથી, એ અહીં રહેવા છતાં પરલોક જવા માટે અને અંદર બેઠેલ ચૈતન્યદેવ માટે સતત કાર્ય કર્યા જ કરે છે, અને એને જવાનો પ્રસંગ આવે છે ત્યારે ખુશી થાય છે કે મેં પહેલેથી તૈયારી કરી રાખી છે, મારું તો ત્યાં પણ સ્વાગત જ થવાનું છે, કારણ કે મેં અહીં બેઠાં બેઠાં એ શ્રેષ્ઠ મિત્રોની ખબર રાખી છે; તો હવે તે અમારી ખબર રાખવાના જ. એટલે આ વિવેકપ્રધાન વર્ગના મુખ પર તો, જતાં જતાં પણ, આનંદની સુરખી જ હોય છે, પ્રસન્નતા જ હોય છે.

બીજો વર્ગ તે વિચારપ્રધાન છે. એણે અહીં આવી વૃત્તિના આકર્ષણમાં પોતામાં બિરાજતા પ્રભુ માટે જે ધ્યેયાત્મક કંઈ કરવું જોઈએ તે કર્યું જ નહિ. વિચાર જ કરતો

રહ્યો, પ્રાર્થના જ કરતો રહ્યો, પ્રયત્ન કંઈ જ ન કર્યો. અલબત્ત, એ વૃત્તિની અધમતાએ નથી પહોંચ્યો, પણ સાથે સાથે એટલો ઉપર પણ નથી આવ્યો. એણે ભલે બૂરું નથી કર્યું, તો સારું પણ કંઈ જ નથી કર્યું. એ ખાલી છે, વિવેક અને વૃત્તિની વચ્ચે ઝોલાં ખાતો રહી ગયો છે. આવો વર્ગ જાય છે ત્યારે એના મુખ પર વિષાદ છે, ચિન્તાની ઘેરી છાયા છે.

ત્રીજો વર્ગ જે માત્ર વૃત્તિપ્રધાન જ છે, એ વૃત્તિઓને અધીન થઈ અધમ કોટિનું જીવન જીવે છે. સત્ય કે સદાચારનો વિચાર પણ ન કરે. એ સહેલાઈથી જૂઠું બોલે, ચોરી કરે, હિંસાત્મક નિષ્ઠુર જીવન જીવે અને એ રીતે અધોગતિ માટેનાં અધમ કાર્યો કરી જિંદગીને પૂરી કરે. આવો જીવ ચોરની જેમ અધોગામી જીવન પૂરું કરી પોતાનાં શરમભરેલાં કાર્યો માટે આંસુ સારતો સારતો જાય છે.

આપણે જોયું કે ત્રણ વર્ગ છે—દિવ્યતાપ્રધાન, માનવતા-પ્રધાન અને પશુતાપ્રધાન. વિવેક, વિચાર અને વૃત્તિ એ એમનાં પ્રેરક તત્ત્વો છે. માણસે એ ચિન્તન કરવાનું છે: પોતે ક્યાં છે, પોતાનું ધ્યેય શું છે અને અહીં આવવાનો હેતુ શો છે?

પ્રભુ મહાવીરે એ જ પૂછ્યું: તું કોણ છે એ તો જાણ, અને તું અહીં શા માટે આવ્યો છે તે તો કહે?

આ બે વાતનું આપણે ઊંડાણથી ચિન્તન કરશું તો લાગશે કે આપણે કોણ છીએ તે આપણે ખુદ જ જાણતા નથી. આપણે આપણને જાણવા માટે પ્રયત્નશીલ પણ

નથી, ત્યાં અહીં આવવાનું પ્રયોજન શું કે હેતુ શો તેનો વિચાર કરવાનો તો અવકાશ જ ક્યાં? માણસના અંતરમાં વિવેકનો દીપક પ્રગટે તો જ તેના પ્રકાશમાં તે આ વસ્તુને સ્પષ્ટ રીતે જોઈ શકે, અને પોતામાં રહેલી પ્રભુતાનો અનુભવ કરી શકે.

આ પ્રભુતાનું દર્શન એકદમ નથી થતું. માણસ શાન્ત પ્રહરમાં ઊંડાણમાં ઊતરી આત્મનિરીક્ષણ કરતો રહે કે હું વૃત્તિપ્રધાન છું, વિચારપ્રધાન છું કે વિવેકપ્રધાન છું? મારી પ્રવૃત્તિનું પ્રેરક બળ વૃત્તિ છે, વિચાર છે કે વિવેક છે?

આ રીતે ચિન્તન વધતાં માણસને લાગશે કે દરેકેદરેક આત્મામાં પ્રભુતા પોઢેલી છે; માત્ર એણે પ્રયત્નશીલ થઈ એને જગાડવાની છે. જાગૃતિના પ્રભાતમાં જ એ પ્રભુતાનું દર્શન લાધશે.

આજનો દિવસ પૂર્ણિમાનો છે. સંતો ચાર મહિના સુધી ચિન્તન સ્વાધ્યાયથી પુષ્ટ બની આજે હવે ગામેગામ આ ચિન્તનપ્રવાહને વહાવવા સરિતાની જેમ સહજ સ્ફૂર્ણાથી વિહરી રહ્યા છે. વિહારમાં એમના જ્ઞાનમાંથી વહેતી પ્રભુતાની આ દિવ્યસુધા સૌને પ્રાપ્ત હો એ મહેચ્છા. *

* [તા. ૯–૧૧–૧૯૬૫ ના રોજ ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે મુંબઈના "જ્યોતિસદન"ની અગાસીમાં આપેલ પ્રવચન]

# અહંને ઓળખો

મારો પ્રશ્ન એ છે કે આત્મામાં સુખ છે તો આ સુખનો અનુભવ માણસને થતો કેમ નથી? વિજ્ઞાનની અનેક શોધો થઈ છે, સુખ માટેનાં શાતાદાયક સામગ્રીનાં અનેક સંશોધનો પણ થયાં છે, છતાં એવો કોઈ છદ્મસ્થ આદમી અહીં જોવામાં નથી આવતો કે જે હૃદય પર હાથ મૂકી કહી શકે કે હું સંપૂર્ણ સુખી છું. આનું કારણ શું? માણસ શા માટે સુખની પરિતૃપ્તિ અનુભવી શકતો નથી?

આ સંસાર દુઃખોથી ભરેલો છે તેથી સંપૂર્ણ સુખના અનુભવની શક્યતા નથી એમ કહી શકાય તેવું નથી. સંસાર અને જગત માત્ર દુઃખથી જ ભરપૂર હોત તો તીર્થંકરો, સર્વજ્ઞો અને મહાપુરુષો આ જગતમાં પણ જે સુખની પરિતૃપ્તિ માણી શક્યા તે માણી શક્યા ન હોત. જ્યાં દુઃખ અને ક્લેશ જોવામાં આવે છે, તેવા જગતમાં પણ અનેક મહાત્મા પુરુષોએ સુખનો પૂર્ણ અનુભવ કર્યો છે. દુઃખનું તાત્ત્વિક કારણ એ છે કે સુખ ક્યાં છે તે માણસને ખબર નથી.

લોકશાહીની રચના બહુમતી અને લઘુમતીને આધારે

કરવામાં આવી છે. બહુમતી પર લોકસભા ચાલે છે. આ બહુમતીની દષ્ટિએ તો આ દુનિયા દુ:ખથી ભરેલી છે. લઘુમતીમાં ભગવાન મહાવીર, પાર્શ્વનાથ, નેમનાથ, શ્રીરામ જેવી થોડી મહાન વિભૂતિઓ આવે છે. અમૃતનો કુંભ તો, આ અવનિ પર, હજાર બે હજાર વર્ષે આવતી આવી વિભૂતિઓ દ્વારા જ અનુભવાતો જોવાય છે. બહુમતીને—મોટા ભાગના લોકોને—સુખ વિશે પૂછશો તો તેઓ પોતાના હૈયાની વરાળ કાઢશે. આ વરાળનો પ્રવાહ એવો પ્રસરી ગયો છે કે ઘણી વાર તો લોકોને શંકા પણ થાય કે ખરેખર દેખાતા મહાપુરુષો તેઓને પ્રાપ્ત થયેલાં સુખોની વાતમાં સાચા હશે ખરા?

નિશ્ચય નયે સત્ય વાત તો એ છે કે આ જગત બીજું કાંઈ નથી પણ આનંદથી ભરેલું પૂર્ણ જગત છે. આમ છતાં સંસાર દુ:ખથી ઘેરાયેલો જ જોવા મળે છે એનું કારણ આ વાતમાં ઊંડા ઊતરીશું તો જણાશે કે દુનિયામાં દુ:ખ નથી, માનસિક શ્રમ છે, અહંનો બોજો એ જ દુ:ખ છે.

એક કપ દૂધની જરૂર હોય તેને ટેબલ પર દૂધથી ભરેલી આખી બાટલી જોવા મળે; બહારગામ જવું હોય તો ટ્રેનને બદલે તેને મોટું પ્લેન મળે; સુંદર વસ્ત્રો, કીમતી આભૂષણો, રહેવા માટે આલિશાન બ્લૉક કે બંગલો, ખાવા માટે ભાતભાતનાં સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પદાર્થો મળે;—આ બધું જોઈ તમે એમને પૂછો કે, ભાઈ! તમે તો બધી વાતે સુખી જણાઓ છો, તો એ તરત જવાબ આપશે: “મારાં દુ:ખોની વાત કરવામાં મજા નથી; એ વાત જ જવા દો!” આમ જેની પાસે સુખનાં સાધનોનો સંપૂર્ણ સદ્‌ભાવ હોય અને દુ:ખનાં સાધનોનો સદંતર અભાવ હોય ત્યાં પણ માણસ

સુખી નથી, તેનું કારણ શું?

માણસ શરીરે તંદુરસ્ત હોય, અજ્ઞાંકિત પત્ની હોય, સારા પુત્રો હોય, ભલા અને સારા મિત્રો હોય, દુનિયાના દુઃખનું કોઈ કારણ પણ ન હોય છતાં એ ગમગીન લાગે છે. એને પૂછીએ કે આ બધું હોવા છતાં પ્રફુલ્લતા ને પ્રસન્નતા કેમ નથી? તો એ જવાબ આપશે કે હું Mood-માં નથી, હું સ્વસ્થ નથી. સુખનાં સાધનોનો અભાવ નથી, દુઃખ ક્યાંય દેખાતું નથી, તેમ છતાં આવી પરિસ્થિતિ પ્રવર્તે છે, કારણ કે એના કહેવા પ્રમાણે એ 'સ્વસ્થ' નથી. દુઃખનું કારણ પદાર્થોનો અભાવ નથી. દુઃખ વસ્તુના અભાવથી નહિ પણ અહંને કારણે થાય છે. અહં વ્યક્તિને પોતાના કેન્દ્ર-માંથી–સ્વમાંથી ખસેડી દે છે. એ સ્વસ્થ નથી એનો અર્થ એ કે એ પોતાના કેન્દ્રમાં નથી; અહંની તૃપ્તિ માટે એ જ્યાંત્યાં બહાર ભટકે છે. આ અહંની વ્યાખ્યા આપવી કઠિન છે. એ વ્યાખ્યાનો વિષય નથી, છતાં એમ કહી શકાય કે જે નથી છતાં અનુભવાય છે તે અહં દ્વારા વસ્તુ ન હોય છતાં જણાય. વસ્તુરૂપે ન હોય છતાં વસ્તુનો ભાસ થાય–દેખાય, જેમ કે ખારાપાટમાં કોઈ અજાણ મુસાફર મુસાફરી કરી રહ્યો હોય અને એને પાણીની તરસ લાગે અને જુએ તો દૂર દૂર પાણીના સરોવર દેખાય. ધારી ધારીને જુએ તો પાણીના રેલા પણ વહેતા દેખાય. એ પોતાની ગતિ પ્રમાણે ઝડપથી ચાલે, પણ જેમ જેમ એ આગળ જાય તેમ તેમ સરોવર દૂર ને દૂર જતું દેખાય, સરોવર નજીક આવવાને બદલે દૂર જતું જોવામાં આવે છે. વસ્તુસ્થિતિ એ

છે કે એ સરોવર નથી; ત્યાં પાણી પણ નથી; પણ સરોવર અને પાણીનો માત્ર આભાસ છે. પાણી ન હોવા છતાં પાણીનું દર્શન થાય છે. એ દર્શન માત્ર ઝાંઝવાના જળનું છે, મૃગજળનું છે.

'અહં'ના વિષયમાં પણ માણસો આ સ્થિતિનો જ ભોગ બન્યા છે. જે અહમ્ નથી, તેનું દર્શન થઈ રહ્યું છે. ધ્રુવરૂપે એ વસ્તુ નથી, તેમ છતાં ભ્રમરૂપે તે છે. હકીકત-રૂપે નહિ હોવા છતાં વસ્તુ દેખાય છે! કમળાના રોગીને શંખ અને ચંદ્ર જેવી સફેદ વસ્તુઓમાં પણ પીળો રંગ દેખાય છે તે માત્ર આભાસ છે. સાચું નથી છતાં દેખાય તો છે જ. શરીર અને પ્રકૃતિને જ્યારે એવો અનુભવ થાય; અર્થાત્ જે વસ્તુ જે રૂપે નથી તે વસ્તુ તે રૂપે દેખાય, ત્યારે ત્યાં જોશો તો જણાશે કે અહં કામ કરતું હોય છે. અહં વિષેની વધુ કરુણતા તો એ છે માનવી તેના લીધે પરિતૃપ્ત થવાને બદલે ક્ષુધિત અને ક્ષુબ્ધ થતો જાય છે. ઝાંઝવાનાં જળ પાછળ જેટલા પ્રમાણમાં વધુ દોડો તેટલા પ્રમાણમાં તે વધુ ને વધુ દૂર થતું જોવામાં આવે છે. આ સંસારે એવા કોઈ પણ માનવીને જોયો નથી જે પોતાના અહંને પૂર્ણ તૃપ્ત કરી શક્યો હોય.

એક સામાન્ય માનવી શેઠને ત્યાં નોકરી કરતાં કરતાં પોતે જ મોટો શેઠ થઈ જાય, તેનાં સ્વપ્નો સાકાર બને અને શેઠમાંથી મિલનો માલિક થઈ જાય. અને તમે તેની આ સફળતા માટે ધન્યવાદ આપવા જાઓ તો તમને કહેશે: 'એક મિલમાં તે શું? હું કાંઈ મોટો Industrialist (ઉદ્યોગ-

પતિ) હજુ ન ગણાઉં.' આવા માણસ આગળ સંતોષની વાત પણ ન થાય, કારણ કે એ તો જે નથી તેને પકડવા નીકળ્યો છે; અહંની જ સાધના કરી રહ્યો છે; અહંની અતૃપ્તિના કારણે તેનું માનસિક વલણ જુદું છે.

વિશ્વકવિઓમાં જેનું શ્રેષ્ઠ નામ છે એવા શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું નામ તો આપ જાણો જ છો. તેમણે પોતાની એક અનુભવકથા લખી છે. ભારે મઝાની છે આ નાની કથા! એ લખે છે: શરદપૂનમની રાત હતી. ઘરમાં હું એકલો જ હતો. એક આધ્યાત્મિક પુસ્તક વાંચતો હતો. વાંચતાં વાંચતાં થાકી ગયો, એટલે થોડી ક્ષણો માટે મેં આંખ બંધ કરી, પણ લાઈટ ચાલુ હતી. આંખને આરામ આપવા મેં Switch off કરી પણ ત્યાં તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. પૂનમના ચંદ્રમાંથી પ્રકાશની રેલી વહી રહી હતી! રૂમમાં જ્યાં સુધી ઇલેક્ટ્રિક લાઈટનો પ્રકાશ હતો, ત્યાં સુધી આ સુંદર ચાંદનીના પ્રકાશનો અનુભવ જ ન થયો. પણ જેવો એ કૃત્રિમ પ્રકાશ બંધ થયો કે નૈસર્ગિક પ્રકાશ મારા ઓરડાને, મારા તનને, મારા મનને, મારા પ્રાણોને ભરી રહ્યો. આવી મધુર ઉજ્જવલ સુંદર ચાંદની અત્યાર સુધી મને દેખાઈ કેમ નહિ? કારણ કે ઇલેકટ્રિક લાઈટ માર્ગમાં અવરોધ કરતી હતી. બનાવટી પ્રકાશ નૈસર્ગિક પ્રકાશના અનુભવને રોકતો હતો.'

માણસમાં રહેલો અહં પણ તે જ રીતે પરમાત્માના પ્રકાશને રોકે છે. આપણામાં રહેલું અહં પણ પેલી ઇલેકટ્રિક લાઈટના પ્રકાશ જેવું છે. તે આપણને પરમાત્માનો અનુભવ નથી થવા દેતું. જેમ ઇલેકટ્રિક લાઈટનો પ્રકાશ બંધ થતાં નૈસર્ગિક

પ્રકાશનો અનુભવ થયો તેમ અહંનો નાશ થાય તો જ માનવીને પરમાત્માની જ્યોતનો લાભ મળી શકે!

આ અહં માણસની સાથે જ છે. એ યાત્રાએ જાય કે પૂજા કરે, પણ અહં તો સાથેનું સાથે જ. આ અહં તો દાન આપતી વખતે પણ કામ કરતું હોય છે. નામની તક્તી અને સંસ્થા સાથે નામ જોડવાની શરતોનો મોહ કેવો તીવ્ર હોય છે? અહં એક જાતનો મેલ છે. એ મેલ ઊતરે તો શરીર જેમ સ્વચ્છ થાય અને આનંદ અનુભવાય, તેમ અહંના મેલથી માણસ મુક્ત થાય તો જ તે સુખનો અનુભવ કરી શકે. દાન દેતાં અહં ગળી જાય તો દિલ પ્રેમમાં ઓગળી જાય અને આંખમાંથી હર્ષાશ્રુ વહે, શરીરમાં રોમાંચ થાય અને વિચાર આવે કે, અહો! મેં ખાસ કંઈ આપ્યું નથી, પણ આત્મા માટે પ્રાપ્ત કર્યું છે.

આજે તો કોઈ વ્યાખ્યાનકાર પણ સારું વ્યાખ્યાન આપી આડકતરી રીતે શ્રોતાજનોને પૂછે: 'કેમ? આજનું વ્યાખ્યાન હૃદયમાં સીધું ઊતરી જાય એવું હતું ને?' અને આમ પ્રવચનકાર પોતાનામાં રહેલા અંહને પોષે છે. વ્યાખ્યાન વખતે પણ શ્રોતાજનો બોલતા હોય છે: 'જી, સાહેબ! વાહ, પ્રભુ!' આમ લોકો તેનાં વખાણ કરે, પાનો ચઢાવે, અહંને વધારે તો તેને ગમે. તે લોકો પાસેથી તેને appreciation –પ્રસંશા મેળવવી છે! અહં સ્વથી સંતુષ્ટ નથી, પરથી પુષ્ટ છે. સુપ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી આઇન્સ્ટાઈન સત્યના સંશોધન અને પ્રયોગોમાં એટલા એકચિત્ત હતા કે એક વખત સતત દોઢ મહિના સુધી તે દાઢી કરવાનું જ ભૂલી ગયા. કોઈએ

તે તરફ તેમનું લક્ષ ખેંચ્યું ત્યારે એમણે હસીને કહ્યું : 'હું એવી ચીજ જોઈ રહ્યો હતો કે જેના તરફથી દૃષ્ટિ ફેરવી આ દાઢી તરફ જોવામાં મને કંઈક લૂંટાઈ જતું જણાયું. અને મેં એને જ જોયા કર્યું.' આનું નામ વિસર્જન. અહંના વિસર્જન વિના સર્જન થઈ શકતું નથી.

ધાર્મિક અનુષ્ઠાનો કરતી વખતે નિયમાનુસાર તો નિર્જરા થવી જોઈએ. પણ અહંના કારણે ઘણી વાર નિર્જરાને બદલે બંધ પડે છે. ધર્મક્રિયા સૌથી સૂક્ષ્મ છે, એમાં જાડી બુદ્ધિ કામ નહિ લાગે.

આ પ્રસંગે મને શૈશવની એક રમત યાદ આવે છે. અમે નાના હતા ત્યારે સૌ ભેગા મળી ડાહીના ઘોડાની રમત રમતા. તમે સૌ પણ બાલ્યાવસ્થામાં એ રમત રમ્યા હશો. છોકરાઓ પૈકી એક ડાહી થાય છે, એક જણ ઘોડો થાય છે. ડાહી પેલાને આંખે પાટા બાંધે કે આંખ મીંચે જ્યારે બીજાં બધાં છોકરાંઓ જુદા જુદા ઠેકાણે સંતાઈ જાય. ડાહી તો તેના મૂળ સ્થાને જ બેસી રહે છે, પણ ઘોડો બધાને પકડવા જાય છે. દરમિયાન જે છોકરાંઓ પકડાયાં પહેલાં ડાહીને સ્પર્શ કરી લે, તે મુક્ત થયા ગણાય છે. આ ઘોડો તે કાળ ને ડાહી તે પરમાત્મા. બાળકો તે આપણે સંસારી જીવો છીએ. કાળની આંખ ચૂકવી ડાહીને સ્પર્શ કરી લેનારને કાળ કશું જ કરી શકતો નથી, કારણ કે એ મુક્ત થઈ ગયેલો હોય છે. ડાહીને પ્રભુની ઉપમા આપી શકાય. અહં જેમાંથી નીકળી જાય અને ડાહીનો સ્પર્શ કરી લે તે સોહં બની જાય છે. પણ આ ક્યારે શક્ય બને? જ્યારે અહંમાંથી નાહંની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે.

અહં અને સોહંની વચ્ચે નાહં છે. નાહં થયા વિના સોહંની પ્રાપ્તિ થઈ શકતી નથી. કાળની અસર જેના પર ન થાય એવું આત્માનું સ્વરૂપ તે સોહં છે.

આવા માનવીને પછી માનસિક શ્રમ પજવી શકતો નથી; પછી ભલે તે અનેકવિધ પ્રવૃત્તિ કરે, પણ અહં ગયું એટલે વલણ બદલાયું. એને પછી કામમાં નિષ્ફળતા મળે તોય નિરાશા ન આવે. નિષ્ફળતા મળવી કુદરતના હાથની વાત છે. નિરાશ થઈ નિર્માલ્ય ન થવું તે માણસના હાથની વાત છે.

અહં એ રોગ છે. આ રોગ જતાં કષ્ટ આવે તોયે કાયરતા ન આવે; નિષ્ફળતા મળે તો પણ નિર્માલ્યતા ન આવે; મતભેદ થાય તોપણ મનોભેદ ન થાય.

अहंનું સ્વરૂપ હવે તમને સમજાઈ જવું જોઈએ. અહં એટલે જે નથી છતાં અનુભવાય છે. અહંથી મુક્ત થવા દૃઢ સંસ્કાર દ્વારા नाहं=न+अहं—હું આ દેહ નથી—ની સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્નો કરવા જોઈએ. રણમાં ગમે તેટલી ઝડપી દોટ મારો; તમને સરોવર કે પાણી મળવાનું જ નથી; પાણી માટે ગામ તરફ વળવું જોઈએ. ત્યાં ભલેને સરોવર ન દેખાય; પણ પાણીનો લોટો જરૂર મળી રહેશે.

नाहं દ્વારા નમ્રતા આવવા માંડે છે, અને નમ્રતા દ્વારા પૂર્ણતા પ્રાપ્ત થાય છે. બાળક નમ્ર છે એટલે જ એ સૌને પ્રિય લાગે છે. બાળકને બધાં જ બોલાવે છે, બધાંને જ બાળકો ગમે છે. આપણે સૌને ગમતાં નથી એનું કારણ અન્ય કાંઈ નહિ પણ આપણામાં રહેલું મોટું અહં છે. લઘુતામાં પ્રભુતા છે. હું કંઈક છું એવું અભિમાન એ જ

ખોટું તત્ત્વ છે, આવો વિચાર જ ભૂલ ભરેલો છે, કારણ કે એ તો પેલા ઝાંઝવાના જળ જેવું છે. જેમ જેમ પાછળ દોડો તેમ તેમ તે દૂર ને દૂર ભાગે. નાહં એ જ વિકાસલક્ષી છે અને તે સ્થિતિ પ્રાપ્ત થયા પછી જ नाहमांथी सोहं (सः એટલે પરમ આત્મા; अहं એટલે હું છું)ની સ્થિતિ પ્રાપ્ત કરી શકશે.

માનવજાતનો મોટો ભાગ દુઃખમાં રિબાઈ રહ્યો છે તેનું કારણ વસ્તુનો અભાવ નહિ પણ આ ભેદજ્ઞાનનો અભાવ છે. ખાવા માટે પદાર્થો, રહેવા માટે ઘર, પહેરવા માટે વસ્ત્રો—આ બધું છે છતાંય માણસો દુઃખી છે ને? કારણ કે સોહંમાં મગ્ન બની આત્માની મસ્તી માણવાને બદલે અહંને પોષવાની ધમાલમાં જીવો પડ્યા છે. અહંને ગમે તેટલો પૂરવા અને પોષવાનો પ્રયત્ન કરો પણ તે પૂર્ણ થઈ શકે તેમ નથી. સુખ પ્રાપ્ત કરવું હોય તો અહંને વિદાય આપવી જ રહી. અહંની જગ્યાએ નાહંની સ્થિતિ લાવી સોહંની અવસ્થા અનુભવવી જ રહી.

સોહંનો ભાવસ્પર્શ થતાં જ તમને લાગશે કે હું સુખમય છું, આનંદમય છું અને શાશ્વત છું; અને પછી તો તમને જોનારને પણ લાગશે કે આ માણસના અંગમાં અને આંખમાં કેવી પ્રસન્ન પ્રફુલ્લતા વ્યાપી રહી છે!

# સ્ત્રીની શક્તિ

દિવાળીના દિવસોમાં લક્ષ્મી, કાળી અને સરસ્વતી, એમ ત્રણ શક્તિઓનું પૂજન કરાય છે. તેરસ, ચૌદસ અને અમાસ, એમ ત્રણ દિવસ આપણા ભારતની સંસ્કૃતિવાળી માનવજાત, આ પૂજા કરે છે.

તમે જોજો કે અહીં કયાંય પુરુષની પૂજા થતી નથી, પણ શકિતની પૂજા થાય છે. આ શકિત પ્રત્યેક સ્ત્રીની અંદર વિલસી રહી છે. એનું પૂજન માનવી એટલા માટે કરે છે કે તે શકિતનું અવતરણ દરેક માનવીમાં થાય. માનવીમાં જો આ શક્તિનું અવતરણ ન હોય તો માનવ, માટીનો માનવ બની જાય, નિર્માલ્ય થઈ જાય.

આજના યુગમાં યંત્ર-માનવ પણ સરજી શકાય છે. એ રીતે બનાવેલો યંત્ર-માનવ તમને 'વેલ્કમ' કહે, 'ગુડ મોર્નિંગ' કહે, 'ગુડ ઈવનિંગ' કહે, 'આવજો' કહે, 'ભલે પધાર્યા' કહે, 'આવો' કહે, 'જાઓ' કહે. આમ આવા શિષ્ટાચારના શબ્દો સર્જવા એ તો યંત્રવાદી દુનિયામાં બહુ સહેલી વાત છે. તેઓ યંત્ર પાસે આવા શબ્દો ભલે બોલાવી શકે, પરંતુ માનવજીવનના નિર્માણ માટેની શકિત પેદા કરવાની કળા એમની પાસે નથી.

આ શકિત આપણામાં છે જ. એ શકિત જાગતી રહે, સુષુપ્ત ન રહે, પ્રમાદમાં ન પડી જાય, એટલા માટે જ આ ત્રણ દિવસની પૂજા રાખી છે.

તેરશને દિવસે આપણે 'લક્ષ્મી'ની પૂજા કરીએ છીએ, 'ધન'ની નહિ. ધનની પૂજા તો કંજૂસ કરે. આર્ય માનવી તો લક્ષ્મીની પૂજા કરે.

લક્ષ્મીમાં અને ધનમાં ફેર છે. ધન તો એક નાચનારી બાઈ પણ એક વખતનો નાચ કરીને દશ હજાર રૂપિયા સુધીનું મેળવી શકે છે, પણ એની પાસે લક્ષ્મી નથી હોતી. લક્ષ્મી જ્યાં હોય છે ત્યાં સૌભાગ્ય અને શાન્તિ હોય છે, સુખ અને સમૃદ્ધિ હોય છે, પ્રસન્નતા અને કલ્યાણ હોય છે; કારણ કે એ લક્ષ્મી છે.

ધનવાળા માણસનાં મોઢાં તમે જોજો. એની પાસે જો સાચી લક્ષ્મી નહિ હોય, લક્ષ્મીનો આનંદ નહિ હોય, તો એ ધનવાન ભલે હોય, છતાં એના મોં પર દરિદ્રતાની છાયા છવાયેલી હશે; કોઈ વેદનાનો આતશ જાણે એમના હૈયામાં સળગી રહ્યો હોય એવા ભાવો મુખ ઉપર તરવરતા હશે કારણ માત્ર એટલું જ છે કે ત્યાં ધન છે, પણ લક્ષ્મી નથી.

ધન તો આજે અમેરિકામાં અઢળક છે. પરંતુ ત્યાં જેટલી ગાંડાની હોસ્પિટલો છે એટલી દુનિયામાં બીજે ક્યાંય નથી, એટલે લક્ષ્મીની પૂજા લક્ષ્મી મેળવવા માટે હોય છે. સાચી લક્ષ્મી જ્યારે આવે છે ત્યારે માનવીનું મન સુખ, શાંતિ અને સમૃદ્ધિનો અનુભવ કરે છે. પૈસો આવે અને જો અસંતોષનો હડકવા લાગે તો જાણજો કે એ લક્ષ્મી નથી.

ધન છે. એટલે આપણે ધન અને લક્ષ્મી વચ્ચેનો ભેદ વિવેક-પૂર્વક પારખવાનો છે.

આજે જ્યારે ધનની પૂજા વધી રહી છે, ત્યારે લક્ષ્મીની પૂજા અનિવાર્ય બની જાય છે. એ અનિવાર્યતાને આપણે પિછાણવાની છે અને સમજવાનું છે કે, લક્ષ્મી એ શી ચીજ છે.

એક માનવીને ત્યાં હું આહાર લેવા ગયેલો. એના ઘરનાં દ્વાર પર ચાર સુંદર પંક્તિઓ લખેલી હતી :

**સંતોષથી જીવન ગુજરે, એટલું પ્રભુ આપજે;**
**ઘરઘર ગરીબી છે છતાં, દિલ અમીરી રાખજે.**

એનો ભાવ એ છે કે મારે પૈસા નહિ જોઈએ, ધન નહિ જોઈએ; લક્ષ્મી જોઈએ, જેના વડે સંતોષથી જીવન ગુજરે.

લોકોએ આજે પૈસા જેવી જડ વસ્તુને લક્ષ્મીનું નામ અને લક્ષ્મી જેટલું માન આપીને, એને પોતાના સ્થાન પરથી નીચે ઉતારી છે. આપણે લક્ષ્મીને તેના પોતાના અસલી સ્થાન પર પાછી બેસાડવાની છે, એની પુનઃપ્રતિષ્ઠા કરવાની છે.

આ કાર્ય બહેનોએ કરવાનું છે. આ કામ ત્યારે જ કરી શકાશે જ્યારે લક્ષ્મી શી ચીજ છે એ બતાવી શકાશે. આ લક્ષ્મીનું પ્રત્યક્ષ સ્વરૂપ નારીએ લેવાનું છે.

આજે તો ઘેરઘેર ગરીબી છે. શ્રીમંતો જેવા ગરીબ દુનિયામાં બીજા કોઈ નથી. પૈસો આવે એટલે ગરીબી વધે છે, કારણ કે વધારે સંગ્રહ કરવાની લાલસા જાગે છે. ગરીબી ભલે આવે, દિલની અમીરાત તજશો નહિ.

ભારતમાં તો એવી એવી નારીઓ હતી, જે એક ટંક ભૂખ વેઠીને, એકટાણું કરીને, એકાદશી કરીને પણ મોઢું હસતું રાખી શકતી હતી. ગમે તેવી હાલતમાં પણ એના મોઢા પર દીનતા, દરિદ્રતા કે કંગાલિયત વરતાતી નહિ. એટલે જ એ મૃતવત્ અને હતાશ પુરુષને પણ પ્રેરણા આપીને ઊભો કરી શકતી હતી. આવી લક્ષ્મી જેના ઘરમાં હોય એના ઘરમાં, કથનાનુસાર, દેવતાઓ હાજર હોય એમાં શી નવાઈ?

તેરસ પછી ચૌદશ આવે છે. એ ચૌદશ તો કાળી, અંધારી, ભયજનક છે. છાતી ફાટી જાય એવી અંધારી રાતમાં એની પૂજા થાય છે.

એ પૂજા મહાકાળીની પૂજા છે. સ્ત્રીમાં લક્ષ્મીની સૌમ્યતા પણ છે, અને મહાકાળીની રુદ્રતા પણ છે. સ્ત્રીની એક આંખમાં લક્ષ્મીની સૌમ્યતા જોઈશે; બીજી આંખમાં મહાકાળીની રુદ્રતા જોઈશે.

પવિત્રતા ઉપર એ પ્રસન્ન હોય, પણ અડપલાં કરે એને તો એ બાળી જ નાખે.

જ્યાં માન, સન્માન, પ્રતિષ્ઠા, ગૌરવ અને શિયળ જળવાય છે ત્યાં સ્ત્રીની આંખમાંથી લક્ષ્મી વરસે છે; પરંતુ જ્યાં અપમાન યા કુદૃષ્ટિ થાય છે, હીન નજરે જોવાય છે, ત્યાં એની આંખમાંથી જ્વાળાઓ પ્રગટે છે. બહેનોને ખંજર કે તલવારની કશી જરૂર નથી. એમની આંખોમાં જ તલવાર પડેલી છે. એ તલવારની ધાર જેવી આંખ એ જ્યાં બતાવે ત્યાં કુટિલ માણસ ઊભો જ રહી શકે નહિ. સ્ત્રીની અંદર પડી રહેલી આ શક્તિને હવે આપણે ધીમે ધીમે બહાર લાવવાની છે.

સ્ત્રીની આ શક્તિ પાસે તો શસ્ત્ર પણ નિઃશસ્ત્ર બની જાય છે. આ દિવસોમાં મહાકાળીની શક્તિનાં પ્રતીકો ઊભાં કરવામાં આવેલાં છે. આ મહાકાળીનાં ચરણોમાં શંકર જેવા મોટા મોટા દેવતાઓ પડેલા છે; એ શું બતાવે છે ? એ એમ બતાવે છે, કે સ્ત્રીમાં મહાકાળીની શક્તિ ઊભી થાય છે ત્યારે તેની સન્મુખ કોઈ ઊભું રહી શકતું નથી. આજે આ શક્તિ પ્રગટાવવાની છે.

તમે તમરા ગૌરવને તમારા પ્રાણ સમજો, તમારું શિયળ એ જ તમારું જીવન છે એમ માનો, તમારું ચારિત્ર્ય એ તમારા જીવનમંદિરનું શિખર છે એમ ગણો.

જીવનમાં જો આ તત્ત્વો નથી તો જીવન કંઈ નથી. શરીરને શણગારવામાં, ટાપટીપ કરવામાં અને બહાર ફરવા-હરવામાં જ જે સમજે એ બધી ઢીંગલીઓ છે. તમારે ઢીંગલી નથી બનવાનું, શકિત કેળવવાની છે, મહાશકિત બનવાનું છે.

તમને ખબર હશે કે, ભારતની એક જ સ્ત્રીએ રામાયણ ઊભું કર્યું હતું. રાવણ જેવો સમર્થ પુરુષ, જેનાં ચરણો આગળ નવનવ ગ્રહો પડ્યા રહેતા; જેની આગળ ઇન્દ્ર ચામર ઢાળતો હતો; જે વીર હતો, રૂપાળો હતો, સમર્થ હતો, જ્ઞાની હતો. જેની તત્ત્વોની મીમાંસા પણ અદ્‌ભુત હતી. આવા રાવણે બધે જ વિજયપતાકા ફરકાવી હતી, આ જ રાવણ સીતાજી સમક્ષ પામર બન્યો હતો.

રાવણ આવીને કહે છે: ‘ રામ એટલે જંગલમાં ફરનારો, રામ એટલે વનમાં ભટકનારો, રામ એટલે વલ્કલ પહેરનારો અને હું એટલે ત્રણ ભુવનનો સ્વામી. તું જો મારા પર

પ્રસન્ન થાય તો હું તારો દાસ બનવા માટે પણ તૈયાર છું; તને સમ્રાજ્ઞી બનાવું.

તે વખતે સીતાજી કહે છે: 'જે માણસો પરસ્ત્રીના દાસ બને એવા વામણા માણસોની સામે તો હું નજર નાખવામાં પણ પાપ સમજું છું, કારણ કે જે વાસનાઓનો ગુલામ છે, તે આખી દુનિયાનો ગુલામ છે.' આ છે સ્ત્રીની શક્તિ!

બર્નાર્ડ શૉ એક ઠેકાણે લખે છે: 'Give me that man, who is not passion's slave. And I will wear him in my heart's core.–મને એવો માણસ બતાવો, જે વાસના-ઓનો, વૃત્તિઓનો ગુલામ નથી. આવા માણસને હું હૃદયના ખંડમાં પધરાવીશ.'

અમે નાના હતા ત્યારે એક વાર મદ્રાસમાં વિક્ટોરિયા ગાર્ડનમાં ફરવા ગયેલા. એક મોટો શેર (સિંહ) સૂતો હતો. અમે બધા ભાઈબંધો તોફાને ચઢ્યા હતા. પેલા પોઢેલા શેરનું ટીખળ કરવા માટે જરાક પૂંછડું ખેંચ્યું. થોડીક વાર તો સિંહ ન બોલ્યો, પણ પછી તો એવી ગર્જના થઈ કે અમારે ભાગવું પણ ભારે પડી ગયું. બહાર દોડી જઈને ધ્રૂજવા લાગ્યા.

હતો તો એ પાંજરામાં, પણ એની શક્તિ, એની ગર્જના એટલી બધી જબરદસ્ત હતી કે અમે દોડીને દરવાજા બહાર જઈને ઊભા રહ્યા છતાં અમારા હૃદયમાં પેલા સિંહની ગર્જનાના પડઘા સંભળાતા હતા.

સિંહની આ જે શક્તિ છે તે તમારામાંય પોઢેલી છે, પરંતુ એ શક્તિ આજે સૂતેલી છે, એ ઊંઘનાં ઝોકાં ખાય છે. એ શક્તિને જગાડો, બહાર લાવો અને પછી તમે જુઓ કે તમારામાં કઈ જાતનું તેજ આવે છે.

આ શક્તિ પ્રગટ કરવા માટે આપણે સૌથી પહેલી વાત લક્ષ્મીની વિચારી. બીજી વાત કાળી–મહાકાળીની પણ વિચારી. એની સાથે સાથે એક ત્રીજી શક્તિની પણ જરૂર છે. એક બાજુ પ્રસન્નતા હોય, બીજી બાજુ રુદ્રતા હોય, પણ એ પ્રસન્નતા અને રુદ્રતાની વચ્ચે કોઈક પૂલ તો હોવો જોઈએ, સેતુ તો હોવો જોઈએ! એ બંનેને જોડનારો પુલ–સેતુ એટલે સરસ્વતી. બસ, એટલા જ માટે અમાસના દિવસે સરસ્વતીનું પૂજન થાય છે–ચોપડાપૂજન થાય છે. આ ત્રણેને જુદી જુદી રીતે ગોઠવવામાં આવેલ છે, પરંતુ જો મૂળમાં જોવા જઈએ તો કેન્દ્રમાં એક જ શકિત પડેલી છે.

લક્ષ્મીની શકિત જુઓ, કાળીની શકિત જુઓ, સરસ્વતીની શક્તિ જુઓ. એક ઠેકાણે સૌમ્યતા છે, બીજે ઠેકાણે રુદ્રતા છે અને ત્રીજે ઠેકાણે જ્ઞાનના તેજરૂપ વિવેક છે.

આપણે તો આ ત્રણેનું પૂજન કરવાનું છે. સરસ્વતી ન હોય તો રુદ્રતાને ડારે કોણ, પ્રસન્નતાને સુપ્રસન્ન રાખે કોણ? એટલા માટે જ જ્ઞાન નામની એક શક્તિ વહી રહી છે. આ ત્રણ શક્તિની પૂજા દ્વારા આપણે ત્રણેયની પાછળ રહેલી શક્તિને સમજવાની છે. આ શક્તિને ધીમે ધીમે તમારા જ્ઞાન, વિજ્ઞાન અને અધ્યયન સાથે બહાર લાવવી જોઈએ.

હીરો જ્યારે ખાણમાંથી બહાર આવે છે ત્યારે તેમાં કોઈ તેજકિરણ દેખાતું નથી; માત્ર એક સામાન્ય ચકચકતો પથ્થર જ હોય છે. પરંતુ કુશળ કારીગર એને પાસાં પાડે પછી એ એવો કીમતી બની જાય છે કે, સામાન્ય જણાતા કાળા પથરાની કિંમત પાંચ હજાર, દશ હજાર, લાખ, બે લાખ એમ વધતી જાય છે, કારણ કે, એનાં કિરણો બહાર આવતાં જાય છે.

એ જ રીતે પ્રારંભમાં તો બધાય સામાન્ય કક્ષામાં જ પડેલા હોય છે. પરંતુ જેમ જેમ એની ઉપર કેળવણીનાં, સંસ્કારનાં પાસાંઓ પડતાં જાય છે, તેમ તેમ તેજ બહાર આવતું જાય છે.

ભગવાન મહાવીર ને બુદ્ધના જમાનાની એક વાત છે:

એનું નામ હતું વિશાખા. અઢી હજાર વર્ષ પહેલાં એ થઈ ગઈ છતાં આજે એને યાદ કરીએ છીએ. એનું લગ્ન મગધથી સુદૂરના કોશલ દેશના મહામંત્રી મૃગધરના પુત્ર વેરે થયું. એ શ્વસુરગૃહે આવી.

કેળવણી તો ખૂબ લઈને આવી હતી, પરંતુ કોઈ દહાડો એનું પ્રદર્શન એ ભરતી નહિ.

જ્ઞાન આવડતું હોય તો સાચવી મૂકજો, અવસર આવે ત્યારે ઉપયોગમાં લેજો. અંધારું હોય અને સ્વિચ દાબો એટલે જે રીતે પ્રકાશ પથરાઈ જાય છે, તે રીતે તમારું જ્ઞાન પણ જરૂર પડ્યે બહાર આવીને તિમિર માત્રને ટાળી નાખે એવું હોવું જોઈએ. આ વિશાખાનું જ્ઞાન પણ એવું હતું.

એક દિવસની વાત છે. રાજા પ્રસેનજિતની સભામાં દૂરનો સોદાગર બે ઘોડી લઈને આવ્યો, અને સભા વચ્ચે કહ્યું: ' આ બે ઘોડીઓમાં એક મા છે, બીજી દીકરી છે. આ સભામાં હું બન્નેને ઊભી રાખું છું. જે કોઈ એ મા–દીકરીને બરાબર ઓળખી શકશે એને બેય ઘોડી આપી દઈશ. ઉપરાંત, એક હજાર સોનામહોર આપીશ.'

બધાય લોકો જોયા કરે. મા અને દીકરી રૂપમાં, રંગમાં, વાનમાં, દેખાવમાં એવાં એકસરખાં હતાં, કે આકૃતિમાં, આંખમાં અને ઊંચાઈમાં ક્યાંય ફરક ન મળે. બધા જોયા જ કરે, પણ એમાં મા કોણ અને દીકરી કોણ એનો પત્તો જ ન ખાય.

મોટા મોટા વિદ્વાનો બેઠા હતા. રાજા પ્રસેનજિત ઊંચો-નીચો થતો હતો. પણ કંઈ વળતું નહોતું.

આખરે મહામંત્રી મૃગધર સામે એની નજર ગઈ. એને આનો ઉત્તર આપવાનું સૂચવ્યું.

મૃગધર ઊભો થવા તો ગયો, પણ એને વિચાર આવ્યો કે ઊભો થઈશ ને ઓળખી શકીશ નહિ તો આજ સુધીની મારી બુદ્ધિની પ્રતિભા, જે ચારે બાજુ પ્રસરેલી છે, તેને બટ્ટો લાગશે.

ઊભા થયા પછી ઘોડીને ઓળખવી કેમ એ પ્રશ્ન બહુ જટિલ હતો. કઠિન પ્રશ્નોને ઉકેલે એનું નામ જ પ્રજ્ઞા છે. એની આ પ્રજ્ઞા ઝાંખી પડતી લાગી. એટલે મૃગધરે કહ્યું: ' આજ નહિ, ત્રણ દિવસ પછી ઉત્તર આપીશ.'

પણ ત્રણ દિવસ પછી પણ ઉત્તર આપવો ક્યાંથી?

એ હૈયા-ઉકલતનો સવાલ છે, અંદરની શક્તિનો પ્રશ્ન છે.

પછી તો મૃગધર ઘેર ગયા, જમવા બેઠા.

ભોજન પીરસાય છે, પીરસેલા ભોજનમાંથી એક કોળિયો લીધો; અને પાછા વિચારે ચઢી ગયા. ક્યાંય સુધી બસ એમ ને એમ જ બેસી રહ્યા.

વિશાખા વિચાર કરે છે કે, આજે સસરા ચિંતામાં પડી ગયા છે? એણે પૂછ્યું: 'પિતાજી, આજે તમે ચિંતામાં કેમ જણાઓ છો?'

'બેટા, એ રાજદ્વારી વાતો છે. એમાં તમારું કામ નથી.'

'ના બાપુ, કહેવાનું હોય તે જરૂર કહો. અમે સ્ત્રીઓ ભલે ઘરમાં બેસી રહીએ, પરંતુ અમારી હૈયાકોટડીમાં પણ નાનો એવો પણ જ્ઞાનનો દીપક બળતો હોય છે. એના અજવાળે કોઈક વાત ઉકેલી શકાય તેમ હોય તો વળી ઉકેલી પણ નાખીએ.'

'પણ બેટા, એ સમસ્યા તો એવી કઠિન છે કે, મારા જેવાથી પણ નથી ઊકલતી.'

'બાપુ, વાત તો સાચી છે. પણ કેટલીક વાર એવું બને છે કે મોટાઓથી ન ઊકલતી સમસ્યા કદીક નાનકડાઓ ઉકેલી નાખે છે. કેટલીક જગા એવી હોય છે કે તેમાંથી જાડા–મોટા માણસો નીકળી શકતા નથી, જ્યારે નાના હોય તો તરત જ નીકળી જાય છે.'

મૃગધરે માંડીને પુત્રવધૂને બધી વાત કહી.

વિશાખા કહે: 'અરે, આ તો બહુ સહેલી વાત છે.'

'હેં!' મહામંત્રી આભો બન્યો. 'કેવી રીતે સહેલી છે? આ તે કંઈ પેંડા ખાવાની વાત છે?'

'ના, પરંતુ આ સ્ત્રીનો (ઘોડીનો) સવાલ છે....અને એ સ્ત્રી જ ઉકેલી શકશે; પુરુષો ઉકેલી નહિ શકે.'

આજે આપણા કાર્યકરો સ્ત્રીની સમસ્યાઓ ઉકેલવા મેદાનમાં આવ્યા છે. પરંતુ એ પોતાના ઘરની જ સમસ્યા ઉકેલી શકતા નથી ત્યાં બીજી સમસ્યા ક્યાંથી ઉકેલવાના હતા? ઘરમાં લડાલડી થતી હોય, ઘરમાં તો ભાઈસાહેબની કશી ગણના ન હોય, અને દુનિયામાં સ્ત્રી-સમસ્યા ઉકેલવા નીકળી પડે. મેં જોયું છે કે, આજે જે કેટલાક સ્ત્રીસમસ્યા ઉકેલવા નીકળી પડ્યા છે, તે બધા, મોટે ભાગે ઘરના દાઝેલા અને બળેલા છે.

સ્ત્રીનો પ્રશ્ન સ્ત્રી સિવાય અન્ય કોઈ ઉકેલી શકવાના નથી. એટલે જ સ્ત્રીઓએ પ્રજ્ઞા કેળવવાની છે.

મૃગધર કહે: 'કેવી રીતે?'

વિશાખા કહે: 'જુઓ, સીધી જ વાત છે. મા પાસે વાત્સલ્ય છે, મા પાસે સ્નેહ છે, કરુણા છે, ક્ષમા છે.'

મૃગધર કહે: 'એ વાત તો હું જાણું છું. પણ અહીં એ વાતની શી ઉપયોગિતા છે?'

વિશાખા કહે: 'એ જ કહું છું. આવતી કાલે રાજસભાની અંદર બન્નેને ઊભી રાખજો, અને બેયની સામે ચંદ્રી થાળમાં ભરીને મૂકી દેજો. મા હશે તે ઠરેલ હશે, દીકરી હશે તે ઉતાવળી હશે. દીકરી ઝપાઝપ કરતી ખાઈ જશે,

મા ધીરે ધીરે ખાશે. વળી, મા ખાઈ રહેશે તોપણ દીકરીના થાળમાં મોઢું નહિ નાખે. એને થશે કે દીકરીને ખાવા દો. પણ જો દીકરી પહેલી ખાઈ રહેશે તો માના થાળમાં મોઢું નાખ્યા વિના નહિ રહે. અને જો દીકરી મોઢું નાખશે તો મા પોતાનું મોઢું ઊંચું કરી નાખશે અને દીકરીને ખાવા દેશે. આ રીતે મા અને દીકરી ઓળખાઈ જશે.'

મૃગધરને થયું કે વાત તો બરાબર છે. બહુ જ સરળ સમસ્યા છે.

બીજે દિવસે સવારે રાજદરબારમાં બેય ઘોડીને ઊભી રાખવામાં આવી. બેયની સામે ચંદીના થાળ મુકાયા. દીકરી હતી એણે તો ઝપાઝપ ખાવા માંડયું. મા ધીરે ધીરે ખાતી હતી. દીકરી ખાઈ રહી એટલે માના થાળમાં મોં નાખ્યું. એટલે માએ મોં ઊઠાવી લીધું. માનાં વાત્સલ્ય, પ્રેમ અને કરુણાનું દર્શન સૌ કોઈને થઈ રહ્યું.

એટલે તરત જ મૃગધરે કહ્યું: 'જેનું મોં બહાર છે તે મા છે અને હજી જે ખાય છે તે દીકરી છે.'

પેલો સોદાગર કહે: 'મૃગધર, આ પ્રશ્ન તમે નથી ઉકેલ્યો લાગતો. તમે જશ ખાટી જાવ એ જુદી વાત છે.'

મૃગધર કહે: 'મેં નથી ઉકેલ્યો તો પછી કોણે ઉકેલ્યો છે?'

'મા સિવાય આ પ્રશ્નનો ઉકેલ બીજું કોઈ લાવી શકે નહિ. એટલે આ પ્રશ્નનો ઉત્તર કોણે આપ્યો છે તે મને કહો.'

ત્યારે મૃગધરે કહ્યું : 'મારી એક પુત્રવધૂ છે. એનું નામ વિશાખા છે. એ મગધથી આવેલી છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ જ્યાં થઈ ગયા એ પવિત્ર ભૂમિમાંથી એણે સંસ્કાર મેળવેલા છે. એ મારી પુત્રવધૂએ મારી આ સમસ્યા ઉકેલી છે. સિત્તેર વર્ષની વૃદ્ધાવસ્થાએ આજે જ્યાં હું નિષ્ફળ નીવડવાનો હતો ત્યાં મારી પુત્રવધૂએ મને સફળ બનાવ્યો છે.'

આખી સભા દિગ્મૂઢ બની ગઈ. રાજા પ્રસેનજિતે કહ્યું : 'મારે તમારી પુત્રવધૂનાં દર્શન કરવાં છે. એને હાથી પર બેસાડીને માન સહિત અહીં લાવો.'

અને વિશાખાને માન સહિત રાજસભામાં લાવવામાં આવી. એને માન સાથે બેસાડવામાં આવી. અને પછી મૃગધરે એને એક વાત પૂછી. આ વાત તમારે સમજવા જેવી છે.

મૃગધર કહે : 'આજે તેં મારી સમસ્યા ઉકેલી આપી છે ત્યારે મને એક વાત પૂછવાનું મન થાય છે. લગ્ન વેળાએ તારાં માબાપે તને શિખામણમાં જે ચાર વાતો કહી હતી તે આજે મને યાદ આવે છે, અને એટલે જ મારા મનમાં એક સવાલ ઊભો થયો છે.'

વિશાખા કહે : 'પૂછો બાપુ, આપને જે પૂછવું હોય તે પૂછો.'

'જ્યારે તું સાસરે આવવા નીકળી ત્યારે તારી આંખમાં મોતી જેવાં બે આંસુ હતાં. એ આંસુ સહિત જ્યારે તેં

તારાં પિતા અને માતાની ચરણરજ માથે ચઢાવી ત્યારે તેમણે તને વિદાય વેળાના આશીર્વાદ આપ્યા હતા. આશીર્વાદમાં કહ્યું હતું કે, 'બેટા, તને મોટી કરી, તને કપડાં, દાગીના અને સુખસમૃદ્ધિ આપ્યાં, તેથી અમારા મનને સંતોષ નથી થયો, પરંતુ અમે તને જે સંસ્કાર આપ્યા છે એનો અમને સંતોષ છે. તું આજે હવે જાય છે, પરંતુ અમારી ઇજ્જત રાખવી એ તારા હાથની વાત છે. એટલે બહેન, આ ચાર વાત તું ધ્યાનમાં રાખજે : (૧) સૂરજ અને ચંદ્રને પૂજતી રહેજે. (૨) અગ્નિ સાથે અડપલાં કરીશ નહિ. (૩) આરસીને ચોખ્ખી રાખજે. (૪) દેજે ખરી પણ લઈશ નહિ, તેમ લેજે, પણ દઈશ નહિ. મને આ ચાર વાત યાદ આવે છે અને એમ થાય છે કે, તને તારાં માબાપે આપેલ શિખામણમાંથી તું કંઈ કરતી તો દેખાતી નથી. સવારમાં ઊઠીને નથી તો તું સૂરજ અને ચંદ્રને પૂજતી, નથી આરસીને માંજતી, તો પછી આ બધું શું છે ?'

વિશાખા કહે : 'પિતાજી, હું સૂરજ અને ચંદ્રને રોજ પૂજું જ છું. મારાં સૂરજ અને ચંદ્ર એટલે સાસુ અને અને શ્વસૂર. શ્વસૂર સૂરજ જેવા એટલા માટે કે, એ ઘરમાં આવે કે તરત જ ઘરનું વાતાવરણ સ્વસ્થ થઈ જાય એવો એમનો તાપ હોય છે. સાસુ ચંદ્રમા જેવાં એટલા માટે કે એ ચંદ્ર જેવી શીતળતા આપતાં હોય છે. કહેતા હોય છે કે, 'વહુ બેટા, હું બેઠી છું, પછી તારે શી ચિંતા છે?' માના વિયોગમાં મા બની હૈયા-ટાઢક આપનારી સાસુ ચંદ્રમા નથી તો બીજું શું છે? એટલા જ માટે મારા ગૃહ-ગગનના સૂરજ અને ચંદ્ર બીજા કોઈ નહિ, પરંતુ સાસુ ને સસરા

છે. કહો, પિતાજી! હું એ સૂરજ અને ચંદ્રને પૂજું છું કે નહિ? સવારમાં ઊઠીને તમને અને મારાં સાસુજીને દિલના આદરથી વંદન કરું છું કે નહિ? સદ્‌ભાવપૂર્વકનો આદર આપું છું કે નહિ? બસ, અંતરનો આદર એ જ મારે મન સાચી પૂજા છે. જેના અંતરમાં આદર ન હોય, મનમાં ધિક્કાર ભર્યો હોય છતાં પૂજા કરવી અને વંદન કરવાં એ તો કેવળ દેખાવ છે, પાખંડ છે. પૂજા તો આદરથી કરવાની હોય. કહો પિતાજી, હું આવી પૂજા કરું છું કે નહિ? અને આપની તેમ જ મારાં સાસુજીની આવી સાચી પૂજા મારે માટે સાચા સૂરજ અને સાચા ચંદ્રમાની પૂજા બરાબર ગણાય કે નહિ?'

મૃગધરના અંતરમાં આદર ઊમટી આવ્યો.

વિશાખાએ આગળ કહ્યું: 'વળી, મારાં માબાપે મને બીજી શિખામણ એ આપી હતી કે અગ્નિ સાથે અડપલાં કરીશ નહિ. આ અગ્નિ એટલે શું? મારે મન પતિ એટલે અગ્નિ. એ ઘર ચલાવે પણ ખરા અને જલાવે પર ખરા. અગ્નિ વડે રસોઈ પણ કરી શકાય, ટાઢ વખતે તાપણી પણ કરી શકાય. પરંતુ જો એમાં હાથ નાખીએ તો હાથ જલી જાય, અને એની સાથે અડપલાં કરીએ તો ઘર જલી જાય. સ્ત્રીને માટે પુરુષ પણ અગ્નિ જેવો છે. એની સાથે સ્ત્રી મર્યાદા મૂકીને બોલે, મર્યાદા મૂકીને વર્તે તો તેની અસર ખૂબ ખરાબ પડે. પરિણામે પુરુષ અને સ્ત્રી વચ્ચે જે સન્માનની લાગણી રહેવી જોઈએ તે રહે નહિ એટલું જ નહિ, પણ એકબીજાની સામે ધિક્કાર અને તિરસ્કાર

કેળવાતો જાય. ઘરમાં જો છોકરાં હોય તો તેમના સંસ્કાર પણ આવું જોઈને સળગી જાય છે, એટલે સ્ત્રીએ પુરુષની સાથે તો અગ્નિની જેમ જાળવીને મર્યાદાપૂર્વક કામ લેવાનું છે. મર્યાદા ભૂલી જવાય તો અગ્નિના તણખાની જેમ ઘરને જલાવી દે. કહો પિતાજી, મારા પતિની મર્યાદા અગ્નિની જેમ જાળવું છું કે નહિ?'

આજે તો રસ્તે ગમે ત્યાં જતાં–આવતાં, ગમે તેમ વર્તવું, ગમે તેમ ફરવું, ગમે તેમ મશ્કરીઓ કરવી, અને ગમે તેવા નિર્લજ્જ ચેનચાળા કરવા એ એક ફેશન બની ગઈ છે; અને આ ફેશનને લીધે જ આપણી શિસ્ત અને આપણી સંસ્કારિતા નષ્ટ થઈ રહી છે; આપણા સમાજનો ધ્વંસ થઈ રહ્યો છે.

આગળ ચાલતાં વિશાખા કહે છે : 'હવે આપણે ત્રીજી વાત વિચારીએ. મારાં માતપિતાએ આરસી ચોખ્ખી રાખવાનું –માંજતા રહેવાનું સૂચવ્યું હતું. આરસી એટલે ઘરનું આંગણું અને સ્ત્રીનું શિયળ.

'ઘર એવું સ્વચ્છ હોવું જોઈએ કે એમાં જરા પણ કચરો ન દેખાય. જરા પણ અવ્યવસ્થા ન હોય.

'કપડાં નવાં હોય કે જૂનાં, પણ ઘડી કરીને મૂકવાં જોઈએ. એક કપડું આમ ફેંકીએ અને એક કપડું તેમ ફેંકીએ એ ન ચાલે. ખંડની અવ્યવસ્થા એવી હોય કે કોઈ માણસ અણધાર્યો આવે તો શરમાવું પડે, એ કેવું?

'જેમ ધોયેલાં કપડાંને ઘડી કરીને મૂકવાની જરૂર છે, તેમ મેલાં કપડાંને પણ જ્યાં સુધી ધોવાય નહિ ત્યાં સુધી

ઘડી કરીને મૂકવાની જરૂર છે. આવી ટેવ પાડશો તો તમારું ઘર અને આંગણું સુંદર લાગશે.

'વ્યવસ્થા સુંદર લાગે છે, જ્યારે અવ્યવસ્થા આંખને અકળાવી દે છે.

'આંગણું તો સ્વચ્છ જ હોવું જોઈએ. જ્યાંત્યાં થૂંકાય નહિ, જ્યાંત્યાં કાગળ કે કપડાંના ડૂચા નખાય નહિ, અને જીવન પણ જેમ તેમ જિવાય નહિ.

'જેની વ્યવસ્થા સુંદર, એનું આંગણું સુંદર. જેનું આંગણું આરસી જેવું સુંદર હોય, એનું હૈયું પણ એવું જ સુંદર હોય, અને તેથી જ એને આંગણે આવનારો ઉમળકાભેર આવે. જેમ આંગણું ચોખ્ખું હોવું જોઈએ તેમ શિયળ પણ ચોખ્ખું હોવું જોઈએ.

'ચારિત્ર્ય તો એટલું બધું નિષ્કલંક, તેજસ્વી અને ઉજ્જવળ હોવું જોઈએ કે, જેમ અગ્નિમાંથી દોષ કાઢી શકાતો નથી; તેમ શિયળમાંથી પણ કોઈ દોષ કાઢી શકે નહિ. પિતાજી; આંગણું અને શિયળ ચોખ્ખું ને નિષ્કલંક રાખીને મેં આરસી નથી માંજી?'

મૃગધર અને રાજસભાને વિશાખાની વાતમાંથી કંઈક વિશિષ્ટ જીવનની વાત મળી રહી હતી. સૌ મુગ્ધ હતા. મૃગધરે કહ્યું: 'બેટા, ખરેખર! આરસી તેં બરાબર માંજી છે. ઘરને તો તેં સ્વર્ગ બનાવી દીધું છે.'

વિશાખાએ વાત આગળ ચલાવી: 'મારાં માબાપે ચોથી વાત એ કહી હતી કે, દેજે ખરી, પણ લઈશ નહિ. અને વળી આગળ એમ કહ્યું હતું કે, લેજે, પણ દઈશ નહિ. આ બે

વાતોમાં પહેલી વાત દાન માટેની હતી. અને બીજી વાત ગાળ માટેની હતી. દાન દેવું ખરું પણ લેવું નહિ; અને ગાળ લેવી પણ દેવી નહિ.

'જીવનમાં આમ બેય વાત કેળવવાની છે: દાન લેવું નહિ; કોઈ આપે તો લેવા માટે હાથ લંબાવવો નહિ; પરંતુ જે લેવા આવે તેને શક્તિ પ્રમાણે આપતાં રહેવું.

'દાનમાં દેવાનું છે, પણ લેવાનું નથી. કોઈ આપણને દાન શું આપતા હતા? આપણે જ આપણા પુરુષાર્થથી ઊભા રહેવું જોઈએ. કોઈની પણ વસ્તુ, જો એક વાર પણ તમે લીધી, તો પછી એના ઉપકારની છાયા તમારી પાંપણ ઉપર એવી જામી જશે કે દૃષ્ટિ ઊંચી પણ નહિ થઈ શકે. પછી તમે કંઈ નહિ કરી શકો.

'દ્રોણાચાર્ય જેવા વીર અને ભીષ્મ પિતામહ જેવા સમર્થ પુરુષો કૌરવોના ઉપકાર-ભાગ નીચે દબાયેલા હોવાથી દ્રૌપદીનાં વસ્ત્ર ઊતારતાં હતાં ત્યારે નીચું ઘાલી બેઠા હતા. આનું કારણ મહાભારતમાં તેમણે જાતે જ કહ્યું છે કે, "અર્થાનામ્ દાસા વયમ્—અમે અર્થના દાસ થઈ ગયા છીએ. આ કૌરવોએ અમને પોષ્યા એટલે એની શરમથી અમે દબાઈ ગયા છીએ. અમે ગુલામ છીએ. ગુલામ શું કરી શકે?"

'મહાભારતનું આ વાક્ય જીવનમાં યાદ રાખવાનું છે: તમે કોઈની પાસેથી કંઈક દાન લીધું એટલે ખલાસ. તમારો આત્મા અને તમારું સ્વમાન મર્યાં જ સમજો. ગાળની બાબતમાં આથી ઊલટું છે. ગાળ લેજો ખરા, દેશો નહિ. બીજાનાં ગમે તેવાં કડવાં વેણ આવે, ગમે તેટલી કડવી વાણી આવે,

કડવા વિચાર આવે, તેને અમૃત બનાવીને અંદર ઉતારજો, પણ જબાનથી ઉત્તર ન આપશો.

'તમે જો સામાના ક્રોધનો ઉત્તર ક્રોધથી નહિ આપો તો સામાને ઠંડું થવું જ પડશે'

છેવટે વિશાખાએ કહ્યું : 'હે પિતાજી, આજસુધી લોકોએ મારા માટે ગમેતેમ કહ્યું હોય, છતાં મેં કાયમ સાંભળ્યું જ છે. કોઈ દિવસ સામો ઉત્તર આપ્યો છે ખરો ?'

મૃગધર કહે : 'ના, બેટા, તને ઊંચેથી બોલતાં મેં સાંભળેલ જ નથી.'

વિશાખા કહે : 'ત્યારે કહો પિતાજી, મેં આજ દિન સુધીમાં દાન દીધાં છે, પણ કોઈની સામે હાથ લાંબો કર્યો છે ?'

મૃગધર કહે : 'કદી નહિ. તારી વાત બરાબર છે, બેટા !'

વિશાખાએ આગળ કહ્યું : 'આ ચાર વાત મારી માતાએ અને મારા પિતાએ લગ્ન વખતની વિદાય-વેળાએ વારસામાં આપી હતી. મેં તેને બરાબર જાળવી છે કે નહિ !'

મૃગધર કહે : 'બેટા, તેં બરાબર જાળવી છે.'

આ આખીય વાત સાંભળીને પ્રસન્ન થયેલો રાજા પ્રસેનજિત બોલી ઊઠે છે : 'વિશાખા, તને હું એક બિરુદ આપવા માગું છું'

મૃગધર તો રાજાના મનની વાત સમજી જાય એવો ટેવાઈ ગયો હતો. એટલે એણે કહ્યું : 'રાજાજી, તમે વિશાખાને 'મા'નું બિરુદ આપવા માગો છો. અને હું પોતે પણ એ

જ આપવા માગું છું. બેટા વિશાખા, તું તો અમારી **મા** છે, **વહુમા** છે. આકાશમાં ચંદ્રમા છે, પૃથ્વી પર ધરતીમાતા છે, ને ઘરઘરમાં વહુમા છે. એનામાં નિઃસ્વાર્થ પ્રેમ છે, મા જેવી સેવા છે, મા જેવી વત્સલતા છે, મા જેવું કારુણ્ય છે, મા જેવી સમજણ છે—એ વહુમા છે.'

તે દિવસે વિશાખાને હાથી ઉપર બેસાડીને આખા નગરમાં ફેરવવામાં આવી.

તે દિવસે રાજા પ્રસેનજિત અને મંત્રી મૃગધરે વિશાખાને વહુમાનું બિરુદ આપ્યું. આ શબ્દ આજે હિંદી ભાષામાં ખૂબ જ વ્યાપક છે. ગુજરાતીમાં પણ ધીરે ધીરે પ્રચાર પામવા લાગ્યો છે.

સ્ત્રી કેવી મહાન શક્તિ છે તે તમારે આ વાર્તા પરથી વિચારીને જીવવાનું છે. *

[ * આ લેખ દીપાવલી નિમિત્તે લખાયો હતો.]

# સાચું આભૂષણ

બીજમાં જ્યાં સુધી ઝંખના જાગતી નથી ત્યાં સુધી એ ધરતીમાંથી બહાર આવતું નથી; પરંતુ જ્યારે એમાં ઝંખના જાગે છે ત્યારે, ધરતીને ફાડીને પણ એ પોતાનો માર્ગ કરી લે છે.

મહાપુરુષો જણાવે છે: આ ચૈતન્યમાં પણ જ્યાં સુધી જડમાંથી બહાર નીકળવાની ઝંખના ન જાગે ત્યાં સુધી બહારથી ગમે તેટલો પ્રયત્ન હોય તોપણ, જડમાંથી બહાર આવી શકતું નથી.

એ ભલે ગમે તેવી ક્રિયાઓ કરે કે લોકોમાં ધર્મિષ્ઠ હોવાની છાપ પાડે કે એવો આભાસ ઉત્પન્ન કરે; પરંતુ જે રીતે થવો જોઈએ એ રીતે આત્મા મુક્ત થઈ શકતો નથી, કારણ કે જડમાંથી મુક્ત થવાનો જે અભિલાષ જાગવો જોઈએ તે હજુ જાગ્યો નથી.

'હું ચૈતન્ય છું, મને વળી બાંધનાર કોણ?' એમ માનવા છતાં હું બંધાયેલો લાગું છું. અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલું આ બંધન મારે માટે ખરાબમાં ખરાબ વસ્તુ છે. એટલે મારે મારા આત્માને વહેલામાં વહેલી તકે મુક્ત કરવો જ જોઈએ,

એવા પ્રકારનો તીવ્ર અભિલાષ આત્મામાં જાગે નહિ ત્યાં સુધી બધી જ ક્રિયાઓ દેખાવે સારી હોવા છતાં પણ, આત્માને મુક્ત થવા માટેનું ઉત્તમ નિમિત્ત બની શકતી નથી. એટલા માટે જ ક્રિયાઓના પાંચ ભાગ પાડવામાં આવ્યા છે. આમાં સૌથી શ્રેષ્ઠ ક્રિયા અમૃતક્રિયા છે.

એ ક્રિયા એટલા માટે શ્રેષ્ઠ છે કે, આત્મા તેની સાથે એકાકાર બની જાય છે ને એથી માનવી જડમાંથી મુક્ત બને છે.

આ રીતે સમજીને જે ક્રિયા કરે છે એના જીવનમાં પરિવર્તન આવતું જાય છે, ને તેની જિંદગીમાં બીજું કંઈ નહિ તોપણ રાગદ્વેષ તો અચૂકપણે પાતળા થઈ જ જાય છે. વસ્તુ જેમ જેમ ઘસાતી જાય તેમ તેમ પાતળી થતી જાય છે, તે જ રીતે આપણા રાગદ્વેષ પણ પાતળા પડયા છે કે નહિ તે આપણે જોવાનું છે. આટઆટલાં અનુષ્ઠાનો કરવા છતાં, આટઆટલા સંત–સાધુઓ પાસે જવા છતાં અને આટઆટલો ઉપદેશ શ્રવણ કરવા છતાં આપણા રાગદ્વેષ જો પાતળા ન થાય તો, શાંતિથી વિચારવું જોઈએ કે, હજુ રાગદ્વેષ પાતળા કેમ થયા નથી?

આવા પ્રકારની ઝંખનાવાળો આત્મા જે ક્રિયા કરતો હોય તે ક્રિયા એકલી જડ ક્રિયા ન કરે, પરંતુ ક્રિયા કરતાં કરતાં પોતાના આત્માની શોધ એના દ્વારા કરતો રહે.

એટલે જ્ઞાનીઓએ કહ્યું છે કે, આ બધી જે ક્રિયાઓ

છે, તે ક્રિયાઓની પાછળ છુપાયેલા આશયનો આપણે વિચાર કરવાનો છે.

આપણે આ વિચારવાનું છે. આવો વિચાર કરીશું તો જ આપણે આપણા આત્માના ઉત્કર્ષની સાથે સાથે ધર્મની પણ સાધના કરી શકીશું. એ ભાવના નહિ હોય તો ન તો આપણા આત્માનો ઉત્કર્ષ થશે; ન તો ધર્મની આરાધના થશે. જે લોકો પોતાનો ઉત્કર્ષ કરતા જાય છે તે લોકો જ દુનિયામાં ધર્મની સ્થાપના કરવા સમર્થ બને છે. પોતાનો ઉત્કર્ષ કર્યાં વિના કોઈ પણ માણસ દુનિયાનો ઉદ્ધાર કરી શકવાનો નથી.

આ વસ્તુનો વિચાર કરવા માટે જ જ્ઞાનીઓએ જણાવ્યું કે, 'મારે મુક્ત બનવું છે, બંધનોમાંથી બહાર આવવું છે,' આપણામાં પણ એવો એક જાતનો અભિલાષ જાગવો જોઈએ.

આવા પ્રકારનો અભિલાષ એક શિષ્યના હૃદયમાં જાગ્યો. એટલે એણે આવીને પહેલો જ પ્રશ્ન એ કર્યો કે: 'હે ગુરુ, મારો એક પ્રશ્ન છે, કિં ભૂષણાદ્ ભૂષણં અસ્તિ ? હે ભગવાન, લોકો દાગીના પહેરે છે, શરીરને સુંદર બતાવવા માટે લોકો અલંકાર પહેરે છે, તો પછી મારે પણ શરીરની શોભા વધારવા માટે એક દાગીનો પહેરવો છે. મને એક એવો સરસ દાગીનો બતાવો કે જે દાગીનો પહેરું એટલે હું શોભી ઊઠું. જ્ઞાનીઓ પણ એ જોઈ કહે કે વાહ ! અલંકાર તો આનું નામ કહેવાય !

'મને એવો દાગીનો બતાવો કે દુષ્ટો જેને ભ્રષ્ટ કરી

શકે નહિ, અને જે પહેર્યા પછી કોઈ દિવસ આપણને છોડે નહિ.'

દાગીનાની શરત બહુ આકરી હતી.

એવો દાગીનો ક્યાંથી લાવવો?

ગુરુએ જોયું કે શિષ્યમાં જબરી ઝંખના જાગી છે.

બસ, ઝંખના જાગી એટલે બેડો પાર. બીજને ઝંખના થાય કે હવે બહાર નીકળવું છે, એટલે કોઈપણ ભોગે એ નીકળવાનું જ. પછી ભલે આ ઋતુમાં કે આવતી ઋતુમાં; પણ એ ધરતીની બહાર નીકળીને જ જંપવાનું.

સમ્યકત્વ એટલે આત્માની ઝંખના. 'મારું સ્વરૂપ શું? હું કોણ?'—આવી ઝંખના જેને જાગી એનો બેડો પાર થઈ જવાનો, હા, સમ્યક્દષ્ટિ જીવને સાત–આઠ ભવ તો બહુ વધારે થઈ જાય છે.

ગુરુએ શિષ્યને કહ્યું: 'હા, છે એવો દાગીનો. આવો દાગીનો ભરત ચક્રવર્તીએ પહેર્યો હતો, એવો દાગીનો મહાસતી સીતાએ કહેર્યો હતો, એવો દાગીનો મહાસતી મદનરેખાએ પહેર્યો હતો!'

એ દાગીનો કયો હશે? વીંટી હશે? બાજુબંધ હશે? ગળાનો હાર હશે? નવસેરિયો હાર હશે? ના, એક પણ અલંકાર શિષ્યે કહી એવી લાયકાત ધરાવતો ન હતો....ત્યારે?

ગુરુમહારાજે ઉત્તર આપ્યો: 'શીલં–શિયળ'. તમે જો શીલનો દાગીનો પહેર્યો હોય તો તમને જ્ઞાનીઓ પણ જુએ. એ માટે તો આપણે ત્યાં કહેવાય છે: 'યત્ર

નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા: ' જે દેશમાં નારી પૂજાને પાત્ર બને છે તે દેશમાં દેવતાઓ રમે છે. પણ જે દેશમાં સ્ત્રીઓનું અપમાન કરવામાં આવે છે, જે દેશના લોકો નારીને 'નરકની ખાણ' કહીને તેને નિંદે છે, તે દેશ અધોગતિ પામે છે.

નારીને નરકની ખાણ કહેનારા વિચાર કરે કે, નારીમાં નરક ભરેલું છે તો શું તમારામાં અમૃત ભર્યું છે?

પણ આ જે વિરોધ કરવામાં આવેલો છે તે નારી કે પુરુષનો વિરોધ નથી, કામનો વિરોધ છે.

**કામની વૃત્તિ તમે છોડી દો; નારીને એક પવિત્ર મા તરીકે જુઓ—એક દેવી તરીકે વંદો. એને શિયળની મૂર્તિ તરીકે ઓળખો, તો તમારી આંખમાંથી વિકાર બળી જશે. પરંતુ, જો તમે કામની દૃષ્ટિથી જોશો તો તમારી નજર માટે એક નરક છે એમ કહેવામાં આવ્યું છે. નારી નરક નથી, પરંતુ તમારી દૃષ્ટિમાં જે વિકાર આવ્યો છે તે તમારે માટે નરક છે.**

એટલે આપણે એ સમજવાનું છે કે નારીને જ્યાં માનભર્યું સ્થાન આપવામાં આવે ત્યાં સાત્ત્વિકતા ને દિવ્યતાનો નિવાસ હોય છે.

સ્થૂલિભદ્રે કામવાસનાને જીતી પોતાનું નામ અમર કર્યું. આપણે તકતીમાં મોટું નામ કોતરાવીએ પણ તે કેટલાં વર્ષ રહેશે એની આપણને ખબર છે?

તકતીમાં આપણું નામ જોઈને આપણે ખુશી થઈ જઈએ છીએ કે, 'આહાહા, આપણું નામ કેટલું સરસ

આવ્યું !' આપણે પથ્થરની એ તકતી કરતાં, કોઈ જીવનની તકતી ઉપર, કોઈ ઇતિહાસ ઉપર, જો ચીતરાઈ જઈએ તો કાળ પણ તેનો ધ્વંશ ન કરી શકે.

તમારું નામ કાળના પડને પણ ભેદીને બહાર આવે એવું કંઈક કરો તો જ નામના સાચી. આવું નામ કમાવા માટે જીવનની સાધના કરવી પડે છે. આવી જીવન-સાધનાને અંતે એ મહાન આત્મા દુનિયામાં અમર બની જાય છે.

તમે ગૃહસ્થાશ્રમમાં બેઠા છો એનો અર્થ એ નથી કે જેમ ફાવે તેમ વર્તવાનો તમને પરવાનો મળી ગયો છે. ગૃહસ્થાશ્રમમાં પણ મર્યાદા હોવી જોઈએ. સ્વપુરુષ-સંતોષ અને સ્વનારી-સંતોષ એ ગૃહસ્થાશ્રમનો પહેલો ધર્મ છે. તમે જો આંખમાંથી વિકારને દૂર કરો તો તમારો ગૃહસ્થાશ્રમ પણ દીપી ઊઠે.

એટલે જ્ઞાનીઓ આપણને જણાવે છે કે, સૌ કરતાં સારામાં સારું ભૂષણ કે અલંકાર તો શીલ છે. તમે શીલનો દાગીનો પહેરો; બ્રહ્મચર્યનો દાગીનો પહેરો. બ્રહ્મ એટલે આત્મા. ચર્યા એટલે વિચરવું. આત્મામાં જ વિચરો, બહાર નહિ.

આપણે આજ સુધી ખૂબ ફર્યા છીએ. જડમાં ફર્યા, ભૌતિક વસ્તુઓમાં ફર્યા, પૌદ્‌ગલિક વસ્તુઓમાં વિચર્યા; પણ હવે થોડાક આત્મામાં આવીએ અને એમાં જોઈએ. પછી જે પુરુષ સ્વદારા-સંતોષમાં અને જે સ્ત્રી સ્વપુરુષ-સંતોષમાં રહે છે તેમનું મન પરિણામે એક ઠેકાણે કેન્દ્રિત બનતું જાય છે, અને વાસનામાંથી પાછું વળે છે. આમ આપણે પહેલામાં પહેલી વાત એ જાણવી કે સારામાં સારો અલંકાર

તો શીલ છે. બાકીના અલંકારો તો અમુક વર્ષમાં સારા લાગે છે. વર્ષો બદલાય છે એટલે અલંકારો છોડવા પડે છે.

છોકરી નાનકડી હોય, ત્યારે એના નાકમાં નથ નાખેલી હોય કે એના કાનમાં એરિંગ પહેરેલાં હોય, તો તે સુંદર લાગે. પણ ડોશી થઈ ગયા પછી પણ એવા દાગીના પહેરીને નીકળે તો કેવી લાગે, કહો જોઈએ ? એ ભલે એમ માનતી હોય કે મારી પાસે ઘણું સોનું છે અને હું પહેરીને નીકળું. પણ લોકો શું કહે....? એ તો કહેશે કે, ' આ ઘરડી ઘોડીને લાલ લગામ શી ? અત્યારે આ શોભે....?' આમ અલંકાર તો સમય જશે ત્યારે ખરતા જશે, પણ તમારા આત્માનો જે અલંકાર છે એ મરણ પછી પણ સાથે આવશે; એ કદી પણ ખરશે નહિ. આ અલંકાર ગમે તે વયમાં એકસરખી શોભા આપશે. આ જ અલંકાર મહાપુરુષોએ પહેર્યા છે.

ભરત ચક્રવર્તી અરિસા-ભુવનમાં આવ્યા છે. ત્યાગી પણ રાગી થઈ જાય એવું એ સ્થાન છે. પોતે સુંદર રૂપવાળા છે. પ્રભાવશાળી એવું વ્યક્તિત્વ છે. એવા પ્રકારના ભરત ચક્રવર્તી અરિસા-ભુવનમાં પોતાનું મુખ જોવા માટે આવ્યા છે. તે દરમિયાન તેમની પોતાની આંગળીમાંથી એક વીંટી સરકી જાય છે.

એ વિચાર કરે છે કે વીંટી વિના આંગળી સુંદર લાગતી નથી, તો હું વીંટીથી શોભું કે વીંટી મારાથી શોભે ? કોણ કોનાથી શોભે ? આજે અવસ્થા એ છે કે વસ્તુઓ જો ન હોય તો એના વિના આપણે ભૂંડા લાગીએ છીએ. જે માણસ કોટ પહેરતો હોય એને કોટ વિના ગમતું નથી. એ

કહે છે, 'રોજની ટેવ પડી એટલે પહેરવો પડે છે.' જે માણસ કાયમ કાંડે ઘડિયાળ બાંધતો હોય છે એને ઘડિયાળ ન બાંધી હોય ત્યારે હાથ ખાલી ખાલી લાગે છે. બહાર નીકળે ત્યારે એને પોતાને ગમતું નથી. એટલે, આજે વસ્તુઓ એવી વિચિત્ર રીતે આપણા ઉપર ચઢી બેઠેલી છે કે એના વિના જાણે આપણે સારા લાગતા નથી.

ભરત ચક્રવર્તી કહે છે કે આ આંગળી હીરા–પન્નાથી શોભતી હતી તે આજે કેમ આવી લાગે છે? આહા....વીંટી મારાથી નહોતી શોભતી હું વીંટીથી શોભતો હતો.

એમને વિચાર આવ્યો: 'મારા પિતા ભગવાન ઋષભદેવ! એમને એક પણ અલંકાર નથી. જેને એકે દાગીનો નથી, જેને એકે વૈભવ નથી, છતાં પણ એવા શોભે છે કે જગતના દેવાધિદેવ બની રહ્યા છે. એ દેવાધિદેવને ઇન્દ્રના ઇન્દ્રો પણ આવીને નમી રહ્યા છે.

'આહા....એ કેવા અને એક વીંટીથી શોભનારો હું કેવો? વગર વીંટીએ શોભનારા મારા એ મહાન પિતાનો હું આવો પુત્ર?'

પછી ઊંડાણથી વિચાર કર્યો કે, આ દેહ પણ એક અલંકાર છે. એ પણ મને શોભાવનારી ચીજ છે. મારો આત્મા તો દેહ વિના પણ રહી શકે છે.'

આહા....બસ એ તો ચિન્તનની પાંખે આરૂઢ થયા. એ ભાવનામાં ચઢયા અને એ ભાવનામાં એવા એકાકાર બન્યા કે એના એ અરિસા-ભુવનમાં રાગ કરવાને બદલે ત્યાગ કરી કેવળજ્ઞાન પામી ગયા.

આપણે વિચાર કરવાનો છે કે આજે આપણી દશા એવી બની ગઈ છે કે, બહારના દેખાવમાં, બહારના રૂપરંગમાં, બહારનાં રમકડાંમાં આપણે રાચ્યામાચ્યા રહીએ છીએ, પણ આપણે આજે અંતરનાં આભૂષણો, અંતરની વાતો ભૂલી ગયા છીએ. પરિણામ એ આવી ગયું છે કે, આજે આપણે ત્યાં જે વાતો થાય છે તે બહારની જ વાતો થાય છે.

અંદર પડેલા ચૈતન્યને બહાર કેમ લાવવું, એ શક્તિને કેમ ખીલવવી, આત્માનો વિચાર કેમ કરવો, એ અંગેની વિચારણા કે વાતો પણ નથી થતી; ને થાય છે તો લોકોને ગમતી પણ નથી.

લોકોને બહારની વાતો જોઈએ છે. એમને બહારના દેખાવો જોઈએ છે. અંતરનું હીર બહાર પ્રગટાવવું નથી; માત્ર બહારના દેખાવ કરવા છે, પણ પહેલાં તો અંતરનું હીર પ્રગટે અને પછી જ બહારનો દેખાવ શોભે.

વીંટીમાં નંગ શોભે છે તો વીંટી એ નંગને માટે અલંકાર છે, એને શોભાવનારી બહારની વસ્તુ છે. વીંટી નંગને શોભાવનારી વસ્તુ છે એ વાત સાચી, પણ નંગમાં પોતામાં પણ પ્રકાશ તો હોવો જોઈએ ને?

નંગ જ જો કિરણ વગરનું હોય, એ જ જો પ્રકાશ વગરનું હોય, તો એને તમે સોનાની વીંટીમાં મઢો કે એનાથી મોંઘી એવી પ્લેટિનમની વીંટીમાં મૂકો તોપણ નકામું છે, કારણ કે એ નંગમાં જ તેજ નથી.

એટલે મહાપુરુષો જણાવે છે કે બહારની બધીય વસ્તુઓ ખરી, પણ તમારું અંદરનું હીર—ચૈતન્યનું હીર—

હશે તો જ એ શોભશે. ને શોભશે તો એવું શોભશે કે ના પૂછો વાત !

પણ તમારું હીર તો તમે જાણતા નથી. ઉ. યશોવિજયજી મહારાજ કહે છે, ‘ તારી જે બહારની પૂર્ણતા છે, બહાર જે દેખાય છે, તારી મોટરગાડી, કપડાં, પ્રતિષ્ઠા, સમાજમાં મોભાભર્યું સ્થાન, ધન, વૈભવ, જમીન, જાગીર—આ બધુંય જાણે તને પૂર્ણ બનાવતું હોય એમ જે તને લાગે છે, એનાથી તું પૂર્ણ થઈને ફરે છે; પરંતુ તારી એ પૂર્ણતા તો અપૂર્ણતા છે, કારણ કે કાં તો એ તને છોડશે, કાં તો તું એને છોડીશ. એમાંથી એક તો બનશે જ. તો જેને તારે છોડવી પડે અગર તો જે તને છોડે એને ખરેખર પૂર્ણતા કહેવાય ખરી? પૂર્ણતા તો એ છે, જે તમને ન છોડે અને તમે એને ન છોડો. બહારથી લાવેલી પૂર્ણતા તો માગી લાવેલા દાગીના જેવી છે.

આત્માની અંદરથી જે પૂર્ણતા પ્રગટે છે તે અનંત દર્શનમય, અનંત આનંદમય, અનંત જ્ઞાનમય, અનંત શાંતિમય ને અનંત સુખમય હોય છે. બહારનો કોઈ પણ પદાર્થ આવીને તમારી એ પૂર્ણતાને ક્ષુબ્ધ કરી શકતો નથી.

તમારા અંતરમાંથી જ તમારી પૂર્ણતા જો પ્રગટેલી હશે અને બહારથી કોઈ માણસ આવીને કહેશે કે તમે બહુ સારા છો, તમે બહુ ગુણિયલ છો, તો એ સાંભળીને તમને ગર્વ નહિ થાય. મન જરાય નહિ ફુલાય. બીજો વળી આવીને કદાચ કહેશે કે તમે નાલાયક છો, લુચ્ચા છો, તો એ વખતે રોષ પણ નહિ થાય. એ કહેશે કે મારે શું? હું મારાથી

પૂર્ણ છું. એ માણસની સ્તુતિથી હું પૂર્ણ થવાનો નથી, અને આ માણસની નિંદાથી હું અપૂર્ણ થવાનો નથી. હું તો જે છું તે જ હું છું. આની નિંદા મારામાં હીનતા લાવી શકવાની નથી અને પેલાની પ્રશંસા મારામાં અભિવૃદ્ધિ કરી શકવાની નથી, કારણ કે મારું તત્ત્વ તો જુદું જ છે. એ તો 'બહારના' છે અને હું બહારની વસ્તુઓથી પર છું.

આવી—ન તો હર્ષ, ન તો શોક આવી દશા ધીમે ધીમે કેળવવાની છે. અને એ કેળવવાની વાત બહુ આકરી છે. હમણાં હું કહું અને મારામાં આવી જાય અને વળી પાછી તમારામાં આવી જાય એવી વાત માનવા જેવી નથી. એની પાછળ આપણે પ્રયત્ન કરીએ, એની પાછળ આપણે લાગી રહીએ, તો કોક દહાડો પણ એ બાબતમાં આપણે જરૂર સફળ થઈએ.

જડ બુદ્ધિના છોકરાઓ જો પહેલે વર્ષે નાપાસ થઈ જાય તો એ કહેશે કે, બીજી વાર, પછી ત્રીજી વાર, ચોથી વાર, પાંચમી વાર—એમ એક એક (વિષય) લઈશું અને દર વર્ષે પરીક્ષા આપીશું. સાત વર્ષે સાત વિષય તો થશે ને? ઠોઠ વિદ્યાર્થી પણ જો આટલી ધીરજ રાખે તો પાસ થઈ શકે છે.

આવા, ઠોઠ વિદ્યાર્થી કરતાં પણ જઈએ તેવા તો આપણે નથી. પણ એક વાત એ છે કે એને માટેનો સતત પ્રયત્ન આપણે આદર્યો નથી.

બહારથી ધમાધમ તો ખૂબ કરીએ છીએ, પણ અંતરમાં જરીય શાંતિનો કે સુખનો અનુભવ થાય છે ખરો? મૌન લઈને બેઠા હો ને ખૂણામાં બેઠો બેઠો કોઈ વાત કરતો હોય

કે, 'મૌનનો દેખાવ કરે છે. ભગવતડો છે, પણ પહેલા નંબરનો બગભગત છે!' આવા શબ્દો તમારા કાનમાં પડે તો તમે શું કરો ?

તમે તરત જ એની પાસે જવાના અને કહેશો, 'શું છે? મારી વાત કરો છો? હું બગભગત છું? તારો આપબગભગત હશે, સમજ્યો!'....અને બસ કલહનું પારાયણ ચાલ્યું!

આ આપણી એક કસોટી છે. એ વખતે આપણે એટલો વિચાર કરી શકતા નથી કે આ તપનો સમય છે, અને એ સમયે બધું ભૂલી જવું જોઈએ. એ વખતે એને તો એમ કહેવું જોઈએ કે તું તારે ફાવે તેમ કર ને ભાઈ! અત્યારે તો હું મારામાં મગ્ન છું.

જો આપણે બે ઘડીનો સાચો આનંદ માણવાની ટેવ પાડી હોય તો એ બે ઘડીની ટેવમાંથી આપણે ધીમે ધીમે આગળ વધી શકીએ. પણ, વાત એ છે કે, એનો અનુભવ જે રીતે કરવો જોઈએ તે માટે આપણે પ્રયત્ન જ કરતા નથી.

છાપામાં લડાલડી કરે, 'હું મોટો ને તું ખોટો' એવી જે જાહેરાતો છપાવે એ બધા યોગીશ્વર નથી; એ બધા સાધુ પણ નથી; એ તો બધા બહારની વાતો કરનારા છે.

યોગીને તો કંઈ લાગે જ નહિ....એ તો કહે કે તું તારે ફાવે એમ કર અને હું મારે માર્ગે ધીમે ધીમે જઉં છું, આવો માણસ જ સાચો યોગીશ્વર છે.

બાકી, આજે તો નિરનિરાળાં વિશેષણો લાગે છે. એવાં વિશેષણો કે તે સાંભળીને જ આપણે સ્તબ્ધ થઈ જઈએ.

કોઈ કહે જગદ્‌ગુરુ તો કોઈ કહે ભારત-વિખ્યાત; કોઈ કહે સાહિત્યરત્ન તો કોઈ કહે કવિકુલશિરોમણિ.

પણ જો તમે આવા હો તો દુનિયા તમને કેવી માનતી હોવી જોઈએ ? તમે જો ખરેખર જગદ્‌ગુરુ હો તો તમારી તરફનો આદર કેવો હોવો જોઈએ ?

આખા જગતની વાત જવા દઈએ તોપણ કહો, તમારો આખો સમાજ પણ તમને આદરથી માને છે ખરો ? તમે જો કવિરત્ન હો કે કવિકુલશિરોમણિ હો, તો તો દુનિયાના બીજા કવિઓ તમારી જ કવિતા વાંચતા હોવા જોઈએ.

ખરેખર, તમે જો એવા હો તો તમારા મુખમાંથી વાણી ઝરે ત્યારે સરસ્વતી પ્રત્યક્ષ આવી ઊભેલી હોવી જોઈએ.

પરંતુ હકીકતમાં એવું નથી. આજે તો વિશેષણો બહુ સહેલાં થઈ ગયાં છે. એનું પરિણામ એ આવી ગયું છે કે વિશેષણનું વિશિષ્ટ મૂલ્ય જે રહેવું જોઈએ તે આજે રહ્યું નથી, શબ્દો આજે સસ્તા થઈ ગયા છે, અને તેનો વપરાશ છૂટથી કરવામાં આવે છે.

'આચાર્ય' એ એક જ વિશેષણ કેવું અર્થપૂર્ણ છે. જેમાં છત્રીશ ગુણ હોય, જે પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં કરે, ચાર કષાયને જીતે, પંચાચારને પાળે, નવ પ્રકારની બ્રહ્મ-મર્યાદા રાખે—આવા પ્રકારના છત્રીસ ગુણો જેમનામાં હોય એ સાચો આચાર્ય.

આમ 'આચાર્ય' અગર તો 'મુનિ' એ શબ્દ જ તેમની મહત્તાને ન્યાય આપવા માટે પૂરતા છે. છતાં આપણને એમ લાગે કે એ શબ્દમાં કંઈક ઓછું છે એટલે 'બસ

લગાવો....સુપ્રસિદ્ધ વક્તા મુનિ ચંદ્રપ્રભસાગરજી....લગાવો.'

અલ્યા, પણ મુનિ થયો એટલે મૌન રહેવાનું છે અને એમાંથી સમય મળે ત્યારે કંઈક બોલવાનું છે. પણ આ 'મુનિ' એને સમજાયું નથી એટલે એને આગળ વિશેષણ લગાડવું પડે છે.

એટલે ખરી વાત તો એ છે કે, જો આપણે ઊંડા ઊતરીને વિચારીશું તો ખ્યાલ આવશે કે, આપણે બાહ્ય વાતોમાં બહુ રમીએ છીએ. એટલા બધા રમતા થઈ ગયા છીએ કે ઘરમાં જવાનું મન થતું નથી.

પેલું નાનકડું છોકરું ધૂળમાં ઘર બનાવે, રમત રમ્યા કરે, ફર્યા કરે, બહાર ખાય, બહાર રખડે, પણ એને યાદ આવતું નથી કે, મારી મા ત્યાં વાટ જુએ છે. બિચારી, મા બોલાવી રહી છે, એણે રસોઈ બનાવી છે. મારે નાહવાનું છે, ધોવાનું છે, ખાવાનું છે—એની કશી ખબર પેલા છોકરાને નથી. એ તો એક રમતમાંથી બીજી રમત, બીજીમાંથી ત્રીજી, ત્રીજીમાંથી ચોથી અને એમ ને એમ રમતમાં લીન બનતો જાય છે.

એટલી બધી એણે રમતો માંડી છે કે, એ એમાં જ મગ્ન બની ગયું છે. મા રાહ જુએ છે, ખાવા માટે બોલાવે છે, બધું તૈયાર છે, છતાં બાળકને તે કશું યાદ આવતું નથી.

જ્ઞાનીઓ કહે છે કે, પ્રભુરૂપી માતા પણ તારી પ્રતીક્ષા કરે છે. તને બોલાવે છે: 'તું અંદર આવ; અને તું તને અનુભવ,' પરંતુ એ તો એવો મોહમાં અને બાહ્ય જીવમાં લાગી ગએલો છે કે તે એવું સતત ઝંખ્યા જ કરે છે: મારું

નામ આવે, મારી પ્રસિદ્ધિ થાય, હું આખા સમાજમાં બહાર આવી જાઉં.

એ બધામાં તારું શું વળવાનું? તને કઈ શાંતિ મળવાની? આખી દુનિયા તારા ગુણગાન ગાય, પણ આત્મામાં જો સમતા નહિ હોય તો આખી દુનિયાના ગુણગાનથી પણ અંદર સુખ નહિ મળે.

પૂર્ણતાનો સાદ આવી રહ્યો છે કે, 'તું બહાર ન જા. થોડીક વાર પણ તને લઈને તું અંદર આવ. સમાધિમાં બેસીને જો કે તારું ભૂષણ શું? તારો અલંકાર શું? તારો દાગીનો કયો? તું પૂર્ણ શાથી?

# અભય કેળવો

રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીર પધાર્યા હતા. હજારો નરનારીઓ વંદન કરવા માટે તૈયાર થઈને ઊભાં હતાં.

આજના લોકો રજાને દિવસે જેમ સિનેમા–નાટકમાં જાય છે, તેમ એ જમાનામાં લોકો સાધુસંતોને સાંભળવા જતા.

બસ, માનવ અહીં જ પલટાયો છે. પહેલાંના જમાનામાં યુવાનો પણ ધર્મ સાંભળવા ને સંતનાં દર્શન કરવા જતા હતા; જ્યારે આજે તો વૃદ્ધો પણ નાટક–સિનેમામાં જાય છે, અને મોહ તેમ જ રંગરાગમાં રાચે છે. એ વખતે, ભગવાન મહાવીર પધારતા ત્યારે બધાંનાં હૈયાંમાં ઉલ્લાસ ઊછળતો. તેમને હૈયાધરપત મળતી કે ચાલો; હવે મોહનું સામ્રાજ્ય ઘટશે ને ધર્મનું સામ્રાજ્ય વધશે.

સૌની સાથે, મગધના સમ્રાટ બિંબિસાર, જેમનું બીજું નામ શ્રેણિક છે, તે પણ ઉમળકાભેર સત્કારવા તૈયાર થયા. બિંબિસારની પટરાણી અને ગણતંત્રના અધ્યક્ષ ચેટક રાજાની પુત્રી ચેલણા પણ તૈયાર થઈ.

બન્ને રથમાં બેઠાં. પણ રથનો સારથિ ઘોડાની લગામ હાથમાં લે છે એટલામાં તો એક ભયાનક ગર્જના સંભળાઈ.

સાંભળતા જ સારથિના હાથની લગામ છૂટી ગઈ. વીજળી જેવા તેજસ્વી ઘોડા ઢીલાઢફ થઈ ગયા. સર્વત્ર ભય વ્યાપી ગયો. પછી તો બીજાઓ પણ એક–પછી–એક પોતાના રથમાંથી નીચે ઊતરવા લાગ્યાં: આજે ભગવાનનાં દર્શન કરવા નહિ જવાય, કારણ, આપણને અંતરાયકર્મ નડે છે. સાચી વાત તો એ છે, આપણું નિર્બળ તત્ત્વ જ આપણા માર્ગમાં અંતરાય નાખતું હોય છે.

આપણા પ્રમાદને લીધે આપણે સત્કર્મ ન કરીએ તોપણ આપણે મનને એવી રીતે મનાવીએ છીએ કે આજે આપણા નસીબમાં સત્કર્મ લખાયું નહિ હોય. ધર્મના શબ્દોનો ઉપયોગ આજે આમ બહાનાં કાઢવા માટે થઈ રહ્યો છે.

આપણે ઘણી વાર એમ કહીએ છીએ કે, આજે મને અંતરાય નડચો એટલે વ્યખ્યાનમાં ન આવી શકચો. પણ કોઈ દિવસ તમે એમ કહ્યું ખરું કે અંતરાયને લીધે હું આજે દુકાને ન જઈ શકચો? એ વખતે તમને અંતરાય નહિ નડવાનો, કારણ કે ત્યાં તમારો સ્વાર્થ છે.

પરંતુ જ્યારે આત્મામાં જાગૃતિ આવશે, ત્યારે દુનિયાનું એક પણ તત્ત્વ એવું નથી કે જે તમારા ધર્મકાર્યમાં આડે આવે.

મુંબઈ જેવા શહેરમાં માનવી પેટને માટે દૂર દૂર સુધી દોડાદોડ કરે છે, પરંતુ ધર્મ કરવા માટે અને વ્યાખ્યાન સાંભળવા માટે લોકોને સ્થળો દૂર પડે છે. પરંતુ જ્યારે એનો રંગ લાગશે ત્યારે માઈલો નજીક લાગવાના.

જેનું મન જોરદાર છે એને દૂર કાંઈ નથી. જેનું મન નબળું છે એને નજીક કાંઈ નથી.

એટલા માટે કહ્યું છે કે દૂર છે એ મનથી કરીને નજીક છે.

એટલે, માણસનું મન નક્કી થઈ જાય પછી એ ગાઉના ગાઉ અને પંથોના પંથ કાપે પણ ત્યાં પહોંચ્યા વિના રહે નહિ.

એ વખતે એક માણસે કહ્યું : 'ભગવાનનાં દર્શન કરવા નીકળનારને દુનિયામાં રોકનાર કોણ છે? પણ બીજાઓએ કહ્યું કે ધર્મની પાછળ બહુ ઘેલો ન થા. ભગવાન મહાવીર ક્યાં નાસી જવાના છે?'

પેલો કહે : 'બીજો અવાજ સાંભળવા મારી પાસે કાન નથી. મારા કાનમાં અત્યારે ફક્ત મહાવીરનો જ અવાજ આવી રહ્યો છે.'

જેના મનમાં એક જ અવાજ ગુંજતો હોય એના કાનને બીજો અવાજ ગમતો નથી. પરંતુ આપણે તો સત્તર અવાજો સાંભળીએ, પણ એકેયમાં ચિત્ત સ્થિર ન હોય.

એ ભાઈના કાનમાં એક જ અવાજ હતો, આંખમાં એક જ છબી હતી, મનમાં એક જ મૂર્તિ હતી. એ દર્શન કરવા નીકળ્યો ત્યારે ગામના દરવાજા બંધ થવાની અણી પર હતા. કોઈ કે એને કહ્યું કે બહાર તો ભય છે. પણ એ સાંભળ્યા વિના જોતજોતામાં બહાર નીકળી ગયો. એને રોકવા માટે બહાર જવાની તો કોઈની હિંમત જ નહોતી.

આપણા મનમાં ભય છે, અને દરવાજા બંધ હોય તોપણ ડર લાગે છે.

પછી નગરરક્ષકને રાજાએ પૂછયું કે બધા સલામત છે?

નગરરક્ષકે જવાબ આપ્યો કે, 'ના, પેલો વણિક બહાર નીકળી ગયો છે. એને ઘણું સમજાવ્યો, પરંતુ એ તો કહે કે મારા કાનમાં ફક્ત ભગવાનનો અવાજ સંભળાય છે. બીજા માટે મને ફુરસદ નથી; ભગવાનની છબી સિવાય બીજી કોઈ છબી જોવાનો અવકાશ નથી; મનમાં ભગવાનનો જ ભાવ રમી રહ્યો છે.'

ત્યારે શ્રેણિકે પૂછયું કે, આ અવાજ શેનો છે? આ ભય શેનો છે? અને ગામ કેમ આટલું બધું ધ્રૂજી રહ્યું છે?'

ત્યારે કોઈ કે કહ્યું કે, 'મહારાજ, માળણની એક રૂપાળી, ખૂબ સુંદર છોકરી, છાબડીમાં તાજાં ખીલેલાં ફૂલોને લઈને આવતી હતી એ આપને યાદ આવે છે?'

'હા, યાદ આવે છે. એ છોકરી સુંદર તાજાં પુષ્પો લઈને આવતી હતી. પાછળ એક માળીનો છોકરો પણ આવતો હતો. એ બન્ને નાનપણથી સાથે જ રહેતાં હતાં, તેથી એમના બાપે બન્ને વચ્ચે એક જ રાગ હોવાથી તેમનાં લગ્ન કરી આપ્યાં હતાં. પણ તેનું શું?'

'તેઓ બન્ને હમેશાં સાથે હોય. દૂધ અને પાણીના જેવી મૈત્રી હતી. ફૂલો ચૂંટવા જવાનું હોય તોપણ સાથે. માળા ગૂંથવાની હોય તોપણ સાથે. એમનું એક જ કામ હતું કે રાજદરબારમાં જઈને જે લોકો પ્રભુપ્રેમી હોય તેમને સુંદર માળાઓ બનાવી આપવી.

'એ લોકો એવાં ભક્ત હતાં કે પોતાના ધર્મ ઉપરાંત બધાય ધર્મોને માનતા હતાં, એટલે ભગવાનને ચડાવવાનાં

ફૂલ કરમાયેલાં ન હોય, કળીવાળાં કે વાસી ન હોય એની ખાસ કાળજી રાખતાં. તાજાં પુષ્પો જ ભગવાનને ચઢાવવા માટે આપતાં.

'પોતાના ભગવાન યક્ષને માટે પણ સુંદર માળા બનાવતાં. બન્ને જણ જઈને એ માળા યક્ષને ચઢાવતાં, પગે લાગતાં અને પછી બહાર આવી, માળી મૃદંગ બજાવે અને માળણ નૃત્ય કરે. આમ સુંદર વાતાવરણ જામતું. લોકો કહેતા કે, ભક્તિ તો આનું નામ.'

આપણે ભગવાન પાસે જઈએ અને આપણી જાતને ભૂલીએ નહિ તો, ભગવાન પાસે ગયા કે ન ગયા બરાબર છે. ભગવાન પાસે જાઓ ત્યારે તમે તમારી જાતને ભૂલી જાઓ કે, હું કોણ છું. આવી આત્મવિસ્મૃતિ એટલે જ ભગવાનની ભક્તિ. આપણી જાત જો યાદ આવતી હોય તો હું અને તું બે જુદા છીએ; અને ત્યાં મજા નથી.

યાદ રાખજો કે, સાકર દૂધમાં ઓગળ્યા સિવાય કદી મીઠાશ નહિ આપી શકે. જો ગાંગડો પડ્યો હશે તો ગાંગડો અને દૂધ જુદાં રહેશે. એવી રીતે ભગવાનમાં તમે ઓગળો નહિ, એક બનો નહિ, ત્યાં સુધી એકતાની મજા તમે માણી શકશો નહિ.

ભક્તિ એટલે બીજું કાંઈ જ નહિ. ત્યાં તમે બધાય ભાવ ભૂલી જાઓ અને 'હું ભગવાન રૂપ એક તાદાત્મ્ય બની ગયો અને ભગવાન અને હું જુદા જ નહિ' એવો ભાવ કેળવવો જાઈએ. એટલા માટે એક કવિએ કહ્યું છે કે, "હે મહાપૂજ્ય, તારી સાથે ઐક્ય સાધવામાં આભૂષણો

અંતરાયરૂપ થાય છે. મારે આ આભૂષણ નથી જોઈતાં, કારણ ત્યાં મને ખ્યાલ આવે છે કે હું મોટો છું, મારામાં કંઈક મહત્તા છે, લોકોમાં મારું કંઈક સ્થાન છે."

જેમ સાકર દૂધમાં ભળી જાય છે તેમ માણસ જ્યારે ભગવાનમાં એકરૂપ થાય છે ત્યારે એની મીઠાશ અને મધુરતાની તોલે બીજું કાંઈ ન આવે.

આમ માળી અને માળણ એવી ભક્તિ કરે છે કે જાણે પુષ્પ અને પરાગની જોડી. એમની પ્રીત અને એમનાં નૃત્ય લોકો જ્યારે જુએ ત્યારે કહે કે ખરેખર, આ બન્નેનાં જીવનની કલા એટલે સુંદર નૃત્ય અને ભાવ!

ગામના દુર્જનો એમને જોવા જાય ત્યારે એમના હૃદયમાં સારો ભાવ જાગવાને બદલે દુર્ભાવ જાગે. તેમને થાય: આવું સુંદર નૃત્ય, સુંદર રૂપ, આવી સુંદર માળા ગૂંથે એવી આ નારી સાથે આવો આ મામૂલી માળી શોભે? એની પાસે નથી બંગલો, નથી પૈસા, નથી કાંઈ પણ.

જે શ્રીમંતોને પૈસા સિવાય બીજું કાંઈ સૂઝે નહિ અને પોતાના દીકરાનું શું થાય છે એ જુએ નહિ એવા શ્રીમંતોના દીકરા વિચાર કરે છે કે આ માળણને આપણે કોઈ પણ હિસાબે હાથ કરવી જોઈએ. ને પછી તો એ માટેનાં કાવતરાં રચાવા લાગ્યાં.

પરિણામ એ આવ્યું કે એક દિવસ એ બન્ને નૃત્ય કરવા માટે એક મંદિરમાં ગયાં ત્યારે આ લોકો પણ પાછળ પાછળ ગયા ને પેલો માળી મૃદંગ વગાડતો હતો ત્યાં એને પાછળથી પકડીને થાંભલા સાથે બાંધી દીધો, અને એના

દેખતાં માળણની સાથે કુચેષ્ટા કરવા લાગ્યા. આ બધું જોઈ માળીનો તો જીવ બળી ગયો, આંખો લાલચોળ થઈ ગઈ, પણ બંધનમાં બંધાયેલો હતો એટલે લાચાર હતો.

આ વખતે એનું મન વિચારે ચડી ગયું કે આટલાં વર્ષો સુધી મેં યક્ષની ભક્તિ કરી, પુષ્પો ચઢાવ્યાં એનું ફળ આ જ કે? એના મંદિરની અંદર જુલમ થાય અને એનો જવાબ કંઈ ન મળે? માળી યક્ષની સામે જોઈને બોલ્યો: 'હે યક્ષ, તું હવે ખરેખર યક્ષ નથી, કેમ કે મેં તારી આટલાં વર્ષો સુધી ભક્તિ કરી છતાં એનું પરિણામ કાંઈ ન આવ્યું. તારા દેખતાં જ અમારા પર આ અત્યાચાર ગુજરી રહ્યો છે. મૂગો મૂગો તું આ બધું જોયા કરે છે. લાગે છે કે તારામાં હવે દેવપણું રહ્યું નથી.'

ત્યાં જ યક્ષ પ્રગટ્યો અને એના શરીરમાં પ્રવેશ કર્યો. આથી માળીમાં શક્તિ પ્રગટી, દોરડાં છૂટી ગયાં, અને એનું બળ એટલું બધું વધ્યું કે એણે એ બધાયને પછાડી–પછાડીને મારી નાખ્યા.

એક વાર શરીરમાં શક્તિ પ્રવેશી પછી એને કાઢવી બહુ મુશ્કેલ છે–પછી એ શક્તિ દૈવી હોય કે આસુરી હોય. આ આસુરી શક્તિએ એના મનમાં એવો દૃઢ નિશ્ચય પ્રગટ્યો કે આજથી મારે રોજ છ પુરુષ અને એક સ્ત્રીને મારવાં.

એને વારવાની કોઈનીય હિંમત ન ચાલી, કારણ કે જે કહેવા જાય એ જીવતો ન રહે.

અત્યાચાર અને અનાચાર સામે જો કોઈ અવાજ ન

ઉઠાવે તો એનો દંડ પ્રજાને પણ ભોગવવો પડે. આપણે ઘણી વાર કહીએ છીએ કે, 'આપણે આપણું સંભાળો.' પણ બીજાઓનો ગુનો પણ આપણે ભોગવવાનો છે એટલે પ્રજામાં એક પણ ખરાબ તત્ત્વ પ્રવેશે તો એની અસર આખીય પ્રજા પર થાય.

તમારું ઘર તમે ચોખ્ખું રાખો પણ તમારા ઘર-આંગણે જો કચરો હશે તો બહાર જતાં તમારા પગો કચરાવાળા થવાના છે. વળી બહારથી ઊડીને એ ઘરની અંદર આવવાનો છે. સમાજના દોષ વ્યક્તિને પણ લાગુ પડે છે. એટલા માટે વ્યક્તિની શુદ્ધિ એ સમાજની શુદ્ધિ છે. એટલે જે સમાજ આવા જુલમને રોકે નહિ એ સમાજને પણ સજા થવી જોઈએ.

આમ રોજ છ પુરુષ અને એક સ્ત્રી એને મળે નહિ ત્યાં સુધી એ જંપે નહિ. આ અર્જુન નામનો દેવ હતો અને એ માળીમાં પ્રવેશી ગયો, એટલે અર્જુનમાળી થયો. આ અરસામાં ભગવાન મહાવીર વિહાર કરતાં કરતાં ત્યાં નીકળ્યા.

એમને ખબર હતી કે રોજ સાત જણને મારનારો અર્જુનમાળી આ પહાડોમાં ફરી રહ્યો છે. છતાં ભગવાન આવ્યા, કારણ કે એ નિર્મળ હતા. એમના હૃદયમાં અભય હતો, કરુણા હતી.

જેમ પાણીમાં ગમે એટલો મોટો અંગારો પડે તો પણ અંગારો ઠરશે પણ પાણી નહિ બળે, એમ જેની પાસે કરુણા અને દયા પડી છે એને દુનિયાના દુષ્ટોનો ભય નથી.

ભગવાન તો ગામને પાદરે નિર્ભયપણે આવીને ઊતર્યા. વંદના કરવા લોકો પાદરે આવવા નીકળ્યા, ત્યાં તો આજુબાજુ શોરબકોર થવા લાગ્યો. સંદેશવાહકે શ્રેણિક મહારાજાને સમાચાર આપ્યા : 'અર્જુનમાળી ગામને પાદરે આંટા મારે છે. હજુ સુધી એણે સાત માણસ માર્યા નથી એટલે એ ગર્જના કરી રહ્યો છે.'

પણ શ્રેણિકે કહ્યું : 'પેલો ગામના ધનાઢ્યનો દીકરો તો ચાલ્યો ગયો. એની પાસે તો તલવાર, ભાલો કે એવું કોઈ સાધન પણ નથી. એનું શું થશે ?' શ્રેણિકની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. કિલ્લાની બારીમાંથી જોવા લાગ્યા કે એ ક્યાં જાય છે.

પેલો તો ધૂનમાં ને ધૂનમાં ચાલ્યો જાય છે. જેના હૃદયની અંદર ભગવાન છે, જેની આંખોમાં ભગવાનની છબી છે, જેના મોઢામાં ભગવાનનું નામ છે, એને કોઈ પણ જાતનો ભય હોતો નથી.

ખરી વાત તો એ કે ભય ક્યાં છે? તમે વિચારવા જાઓ તો ભય છે અને વિચારમાંથી પાપ કાઢી નાખો તો અભય. ભય આવે છે એના પહેલાં તો માણસ પોતાના મનમાં ભય ઊભો કરે છે. ભય એટલો ભયંકર નથી; જેટલો માણસનો વિચાર.

આમ એ ચાલ્યો જતો હોય છે ત્યાં દૂરથી પેલો અર્જુનમાળી આવે છે. એની મોટી મોટી આંખો લાલ અંગારા જેવી છે; મોટું પડછંદ શરીર છે. એનાં પગલાં

સિંહ જેવાં મોટાં છે, એનું રૂદ્ર સ્વરૂપ જોઈને જ માણુસ અડધો મરી જાય.

લોહીથી ખરડાયેલાં કપડાંને ધોવા માટે સાબુ અને પાણી જોઈએ. હિંસાને ખાળવી હોય તો અહિંસાથી ખાળી શકાય. ઘરમાં કોઈ તપેલું હોય તો તમે તપો નહિ, પણ ઠંડા થાઓ. એ અગ્નિ હોય તો તમે પાણી થાઓ.

સુદર્શન તો કાયોત્સર્ગ કરી ઊભો રહ્યો. એના મનમાંથી શુભેચ્છાનાં આંદોલનો નીકળવા લાગ્યાં : "એનું ભલું થાઓ, એનો ક્રોધ શમી જાઓ, એની દાનવતા માનવતામાં ફેરવાઈ જાઓ, મૈત્રીની મધુરતા પ્રસરી જાઓ."

અર્જુનને થયું કે આ શું થાય છે ! હું ભલભલા માણસને ઊંચકીને ફેંકી દઉં છું, પણ આ નાનકડો માનવી કેવો સુંદર છે ! એના મુખ પર કેવી શાંતિ છે ! આંખો કેવી સુરમ્ય છે ! માનવીનું મૌન એ કોઈક વાર ઉપદેશ આપવા કરતાં પણ વધારે કામ કરી જાય છે. કેટલીક પળો એવી હોય છે કે ચૂપ રહેવું જ યોગ્ય ગણાય અને એ ચૂપ વાણી કરતાં વધારે બોલે છે !

અર્જુન જેમ જેમ એની નજીક આવતો ગયો તેમ તેમ એ ઓગળતો ગયો. અને જેવો એ એની નજીક આવ્યો તેવો જ એની અંદર જે યક્ષ હતો એ ભાગી ગયો. અંધારું અજવાળા આગળ કેટલી ઘડી ટકી શકે ? શાંત માળી એની પાસે આવીને ઊભો રહ્યો. હવે એનું શરીર થાક અને શ્રમથી ભીનું ભીનું થઈ ગયું. પેલા યક્ષને લીધે એ આમ

કરતો હતો. જેમ દારૂડિયો, દારૂના કેફને લીધે ધમાધમ કરે, અને કેફ ઊતરી જાય એટલે મડદા જેવો થઈ જાય છે.

સુદર્શને એને કહ્યું : 'તું ચાલ મારી સાથે. હું જેમની પાસે જાઉં છું એમની પાસે તારાં મેલ અને ગ્લાનિ નીકળી જશે.'

આમ ભગવાન મહાવીર પાસે માળીને એ લઈ જાય છે ત્યાં દૂરથી મીઠી ઘંટડી જેવો અવાજ સંભળાય છે.

વાણી તો ઘણી સાંભળી પણ ભગવાનની વાણી તો કોઈ અદ્‌ભુત છે.

અર્જુનમાળી પૂછે છે: 'આ શું સંભળાય છે?'

સુદર્શન કહે : 'હજુ તો દૂરથી સંભળાય છે, નજીક ચાલ, એમને જો અને તને સમજાશે કે અહિંસાનો આત્મ-સાક્ષાત્કાર કેવો હોય છે.'

બંને ભગવાનની નિટક આવ્યા.

પરંતુ ભગવાન મહાવીર તો આવા ક્રૂર પ્રત્યે પણ કરુણા રાખે છે. એ તો ભગવાન છે. અને ભગવાન એનું નામ કે જે ખરાબ કામો કરનાર લોકો પ્રત્યે પણ પ્રેમ અને કરુણા વરસાવે.

ભગવાન તો જાણે છે કે એ શું કરીને આવ્યો છે. પણ હવે શું? ભગવાન કેવળજ્ઞાનથી જાણતા હતા કે આ લુચ્ચો છે, ખૂની છે, ઘણાં ખૂન કરી આવ્યો છે. અંતર્યામી બધુંય જાણે છે અને છતાં પણ એમની આંખોમાંથી એના પર અમીવર્ષા થઈ રહી છે.

ભગવાને કરુણાની એવી ધારાઓ વરસાવી કે એનો સ્પર્શ થતાં જ એને થઈ ગયું કે, હું કેવો પાપી છું. હૃદય ભરાઈ આવાથી એ હૈયાફાટ રુદન કરવા લાગ્યો : 'કયાં આ દૈવી મૂર્તિ અને કયાં મારું અધમતાભર્યું જીવન ! મેં કેટલાંય લોકોને માર્યાં, કેટલાંયનાં ખૂન કરી નાખ્યાં. એમણે મારું શું બગાડયું હતું કે મેં એમને મારી નાખ્યાં ? '

માળી ભગવાનનાં ચરણમાં માથું ઝુકાવી કહે છે : 'હે ભગવાન, મારું શું થશે ? મેં આટઆટલાં ખૂન કર્યાં; મેં મારા તનને, મનને અને વિચારને લોહીથી ખરડી નાખ્યાં છે.'

કરુણાસાગર ભગવાને કહ્યું : 'એ ગમે એવાં ખરડાયેલાં હોય તોય એને ધોવાનો અવકાશ છે. હે માળી, તું હજી પણ સુધરી શકે છે. તું તારા મનને તૈયાર કર, તારા પાપને હઠાવી નાંખીશ, તો શ્રેય થશે જ. તારું અંદરનું તત્ત્વ તો સારામાં સારું છે. ઉપર કાટ ચડયો છે.'

ત્યારે પેલાએ કહ્યું : 'ભગવાન, મારો ઉદ્ધાર કરવા માટે મને ચારિત્ર્ય આપો.'

ભગવાને એને દીક્ષા આપી.

લોકો વાતો કરે છે કે, આવા ખૂનીને પણ ભગવાને દીક્ષા દીધી. પણ ભગવાન તો જાણે છે કે વધારે ચડેલો મેલ વધારે ધોવાવાનો છે.

એણે પ્રતિજ્ઞા કરી કે ભગવાન કહે એમ મારે કરવું. પછી ભગવાને કહ્યું કે, ગામના ચાર દરવાજા છે. એ દરેક દરવાજે જઈ દોઢ દોઢ મહિના સુધી તું કાયોત્સર્ગમાં ઊભો

રહે. જે જાતના ઉપસર્ગો આવે તે દરેક ઉપસર્ગોને તું શાન્તિથી સહન કર!

આ અર્જુનમાળી સાધુ થયો. પહેલા ગામના પૂર્વ દરવાજે જઈને ઊભો રહ્યો. એ સાધુના વેશમાં હતો. ત્યાં એક ભરવાડ આવ્યો. ભરવાડને થયું કે આ એજ સાધુ છે જેણે મારા છોકરાને મારી નાખ્યો હતો, અને આજે સાધુના વેશમાં એ ઊભો છે. એની પાસે ડાંગ હતી એ એના માથામાં મારી. લોહીની ધારા વહેવા લાગી.

અર્જુનમાળી વિચાર કરે છે કે તે દિવસે મેં તો એના છોકરાને માર્યો હતો, જ્યારે એણે તો ડાંગ મારી છે, તે જરા લોહી વહે છે. કયાં મારી નાખ્યો છે? એ મનમાં વિચાર કરે છે: આ ભરવાડનું ભલું થજો કે મારાં કર્મો ખપાવવામાં મને સહાયતા આપી રહ્યો છે.

એટલામાં બીજો એક ભીલ આવ્યો. એનો ભત્રીજો આના હાથે મરી ગયો હતો. કાંટાની વાડમાંથી એણે કાંટાનું એક ઝાંખરું લીધું અને એના પર ઝીંકવા લાગ્યો. અર્જુનના શરીરમાં કાંટા ભરાઈ ગયા. વેદના અસહ્ય છે છતાં પોતાની જાતને એ પૂછે છે કે, તેં બીજાંને માર્યાં હશે એ વખતે એમને કેટલું દુ:ખ થયું હશે? તને કાંટાની વેદના ખટકે છે, પણ બીજાના તો તેં પ્રાણ લીધા હતા; એ વખતે એનું શું થયું હશે?

દોઢ મહિનો અહીં પૂરો કરી એ પશ્ચિમમાં ગયો. પછી ઉત્તરમાં અને દક્ષિણમાં ગયો. આમ છ મહિના સુધી એણે માર સહન કર્યા. પથ્થરો ખાધા. લોહીની ધારાઓ

વહી. આખા શરીરમાં રંગ કે રૂપ દેખાય નહિ એવા પ્રકારના ઘા પડ્યા પણ એણે નક્કી કર્યું કે મારા પર કોઈ સહાનુભૂતિ ન બતાવે.

આજે તો આપણે આપણા પ્રત્યે કોઈક સહાનુભૂતિ બતાવે એમ ઇચ્છીએ છીએ.

આપણું કોઈ કામ ન કરે તો આપણે કહીએ છીએ કે, મને કોઈ સહાનુભૂતિય બતાવતું નથી. પણ આપણે કોઈની સહાનુભૂતિ નહિ પણ આત્માની જ સહાનુભૂતિ જોઈએ. આત્માની અંદરથી નીકળતી સહાનુભૂતિ એવી મોટી છે કે એની પાસે બીજાની સહાનુભૂતિ કંઈ જ હિસાબમાં નથી.

એણે છ મહિના સુધી અખંડ તપ કર્યું. એણે એક પણ દુર્ભાવ ન કેળવ્યો. એની આંખ આગળ ભગવાનની છબી રમતી હતી. એને થયું કે કેવી સુંદર કરુણા એમાંથી નીતરી રહી છે! કેવો સુંદર મધુર અવાજ એના કાનમાં આવી રહ્યો છે! એવો એ વિચાર કરે અને દુ:ખોને ભૂલી જાય.

એમ કરતાં કરતાં છ મહિના થયા અને અર્જુનમાળીના બધાંય કર્મો ખપી ગયાં. એનો આત્મા નિર્મળ થયો અને કેવળજ્ઞાન થયું, કારણ કે એણે પોતાના આત્માનું સંશોધન કર્યું. આત્માને ધોઈ નાંખ્યો અને એનાં દાનવ કરતાંય કાળાંમાં કાળાં કર્મો હતાં એને સાફ કરી નાંખ્યાં. એનો આત્મા કાંચન જેવો નિર્મળ બની ગયો.

ભગવાનના એક જ સમાગમે અર્જુનમાળીનું જીવન સુધરી ગયું. લોકો વાતો કરવા લાગ્યા કે અર્જુનમાળીને

સુધારનાર કોણ? એને ભગવાન પાસે લઈ જનાર કોણ? એને ભગવાનનો સમાગમ કરાવનાર કોણ? પેલો એક નાનકડો વેપારી.

ગામમાં વાતો થવા લાગી કે આપણે ક્ષત્રિય થઈને પણ જે કામ ન કરી શક્યા એ પેલો વણિક, કે જે ઊગતી યુવાનીમાં છે, સુંદર જેની કાયા છે, આશા અને અનંત ઉત્સાહ જેની સામે ઊભાં છે એવો માણસ મૃત્યુની સામે ગયો, અને અર્જુનમાળી જેવાને પણ એણે ઓગાળી નાંખ્યો.

લોકો કહેવા લાગ્યા કે, ભગવાનના સમાગમને પામનારા બે માણસો તરી ગયા. અર્જુનમાળીએ પોતાના આત્માને ધોયો, અને આ સુદર્શન શેઠે જીવનમાં અભય કેળવ્યો.

આ બે વસ્તુ સમજીને આપણે એ વિચાર કરવાનો છે કે, અર્જુનમાળીએ ભગવાનનો સમાગમ સાધીને અંતરને નિર્મળ કર્યું, એમ આપણે પણ ભગવાનની વાણી સાંભળીને આપણા અંતરને નિર્મળ કરીએ અને જીવનને અભય બનાવીએ. આપણા પર લાગેલા દોષોને આપણે દૂર કરીએ તો આપણો આત્મા પણ સ્ફટિક જેવો ઉજ્જવળ અને નિર્મળ બની જશે.

# આજના યુવાનોને

बाल्यकालेषु यः शान्तः सः शान्त इति मे मतिः ।
धातुषु क्षीयमानेषु शमः कस्य न जायते ॥

આ સુભાષિતમાં એક વરસ વાત કહેવામાં આવી છે: બાલ્યવયમાં જે માણસે ઇન્દ્રિયોને શાન્ત કરી છે, કેળવી છે, તેનો બરાબર સદુપયોગ કર્યો છે તે જ માણસ સાચી રીતે શાન્ત છે, સાત્ત્વિક મર્દ છે.

બાકી, માણસ વૃદ્ધ થાય, ઇન્દ્રિયો શિથિલ થઈ જાય, કામ કરે નહિ ત્યારે જો કહે કે, હવે મારી ઇન્દ્રિયો તોફાન કરતી નથી, હવે હું બહુ શાન્ત થઈ ગયો છું, તો એ વાતમાં શું માલ છે?

દાંત પડી ગયા પછી આપણે ગૌરવ લઈએ કે હવે હું સોપારી નથી ખાતો તો એ વાત બરાબર છે? દાંત પડી ગયા પછી સોપારી ચાવવા જઈએ તો મોઢાની અંદર જે પેઢાનો નરમ ભાગ છે તે છુંદાઈ ગયા વિના રહે ખરો?

એટલે, આવતી કાલની રાહ જોવાને બદલે, જ્યારે યુવાની હોય, શરીરમાં શક્તિ હોય, છાતીમાં તાકાત હોય

ત્યારે જ તમારી ઇન્દ્રિયોને બરાબર સાચે રસ્તે વાળો અને જુઓ કે તમે કેટલું બધું કામ કરી શકો છો.

સમાજનો એક વર્ગ કહે છે કે માણસ કંઈ કરી શકતો નથી. એ બાપડો શું કરવાનો હતો? એ તો કુદરત આગળ એક નાચીજ વસ્તુ છે. જ્યારે બીજો પક્ષ કહે છે કે માણસ બધું કરી શકે. કુદરતને પોતાના ચરણે નમાવી શકે એવી શક્તિ અને સામર્થ્યનો એ સ્વામી છે.

આ બે વિચાર-પ્રવાહોમાંથી યુવાનોએ બીજો પક્ષ પસંદ કરવાનો છે. એટલા માટે જ અંગ્રેજીમાં કહેવત છે કે, 'નિસર્ગે દુનિયા બનાવી અને માણસે શહેર તેમ જ નગરો વસાવ્યાં.' કહેવાનો ભાવાર્થ એમ છે કે દુનિયા તો ઉજ્જડ હતી, પણ એ ઉજ્જડ દુનિયાને નંદનવનમાં ફેરવનાર તો માણસ છે. માણસ ન હોય તો આ દુનિયા વેરાન વગડો બની જાય. અમે માંડવગઢમાં ફરવા ગયા હતા. ત્યાંની મોટી મોટી હવેલીઓ, ઊંચાં તોતિંગ મકાનો, શિલાઓમાં અદ્‌ભુત કોતરણી એ બધું જોયું ત્યારે મનમાં અહોભાવ જાગ્યો કે પ્રાચીન ભારતનો ઇતિહાસ કેવાં મોટાં સર્જન કરી શકતો હતો!

પણ સાથે સાથે, દિલમાં એક ગમગીની પણ છવાઈ ગઈ કે આવું સર્જન કરનારા માનવીઓના ચાલ્યા જવાથી એ સ્થાન એવું ભયવાળું બની ગયું કે કૂતરાં અને શિયાળવાં પણ ત્યાં જતાં ગભરાય. આવું ભયમય વાતાવરણ એટલા માટે જ છે કે માનવીએ એનો ત્યાગ કર્યો છે.

માનવી જેનો ત્યાગ કરે છે તે જો નંદનવન હોય તો-

પણ ઉજ્જડ બની જાય છે; અને માનવી જેના ઉપર પોતાનું હૃદય રેડે છે, જેની પાછળ પોતાના સામર્થ્ય અને શક્તિઓનો ઉપયોગ કરે છે—એ ઉજ્જડ હોય, વેરાન હોય કે અરણ્ય હોય તોપણ નંદનવનમાં ફેરવાઈ જાય છે.

આપણે ત્યાં કહેવાય છે કે, **अणोरणीयान् महतो महीयान्**....એક નાનકડા વડલાના બીજમાં એક મહા વડની શક્તિ પડેલી છે. આજે ભલે બીજ સાવ નાનકડું દેખાતું હોય, પરંતુ એ નાનકડું બીજ ધીમે ધીમે મોટું થઈને મહાન વટવૃક્ષ બને છે ત્યારે હજારો વટેમાર્ગુઓને, પંખીઓને છાયા આપે છે, ફળ આપે છે, આરામ અને તાજગી આપે છે.

જરા વિચાર કરો : આનું કારણ શું ?

કારણ એ છે કે નાનકડા બીજની અંદર વટવૃક્ષની શક્તિ સમાયેલી છે. આજના યુવાનો આજે તો કંઈ લાગતા નથી, પણ આવતી કાલના સમાજનું ઘડતર તેમના હાથમાં છે. આજની વૃદ્ધ પેઢી આથમી ગયા પછી તેનું સ્થાન તેમણે લેવાનું છે. યુવાન પેઢીમાંથી જ મોટી વ્યક્તિઓ પાકવાની છે.

દુનિયામાં જે મોટા માણસો બને છે તે કંઈ આકાશમાંથી એકદમ ઊતરી પડતા નથી; પણ નાનકડા માનવીઓમાંથી ધીમે ધીમે વિકાસ પામે છે, વિકાસમાંથી એમનું સર્જન થાય છે, અને તેમાંથી તે મહાન વ્યક્તિ બને છે.

જીવન જીવવા માટે પણ એક દીક્ષાની જરૂર હોય છે. કલિકાળસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજી, જેમણે કુમાળપાળને જીવન જીવવા તેમ જ નીતિપૂર્વક રાજ્ય ચલાવવા માટેની

જીવન-દીક્ષા આપી હતી, તેમણે એક સુભાષિતમાં કહ્યું છે કે, સિંહણને એક જ પુત્ર હોય છે, છતાં એ નિર્ભય થઈને સૂઈ શકે છે; કારણ કે, એને ખબર છે કે એનો દીકરો જંગલમાં ઘૂમે છે અને તેથી એને કોઈ જાતનો ભય નથી. જ્યારે ગર્દભી(ગધેડી)ની આસપાસ દશદશ બચ્ચાં ફરતાં હોવા છતાં પણ, એને રેતીના થેલા ઉપાડવા પડે છે, અને ડફણાં ખાવાં પડે છે. દશદશ દીકરા હોવા છતાં એના જીવને નિરાંત નથી; જ્યારે સિંહણને એક જ સંતાન હોવા છતાં એને કાળજે ટાઢક છે.

તમે આવા, સિંહણના સંતાન જેવા કેમ ન બનો? તમે એવો વિચાર કેમ ન કરો કે ઘરમાં તમે એકલા હોવા છતાં પણ તમારે લીધે તમારી માતાને, તમારા પિતાને, તમારા બાંધવોને અને તમારા વડીલોને શાંતિ અને સુખ હોય. તમારા વિચાર, તમારી વાણી અને તમારું વર્તન જોઈ તમારાં માબાપ, તમારાં વડિલો અને તમારાં સ્વજનો મનમાં ને મનમાં પ્રસન્ન થાય, એવા કેમ ન થવું?

તમને જોઈને એમને થાય કે કેવા સરસ સદ્ગુણો છે, કેવી સરસ અને મધુર વાણી છે, કેવું નિર્દોષ અને નિષ્કલંક વર્તન છે, અને કેવી સુંદર જીવનવ્યવસ્થા છે! આવી અહો-ભાવના એમના મનમાં જાગે તો જ તમારું જીવ્યું સાર્થક!

તમે તમારા જીવનમાં ત્રણ વાતનું ખાસ ધ્યાન રાખજો: એક સત્સંગનું, બીજું અભયનું અને ત્રીજું કેળવણીનું. બીજા શબ્દોમાં કહું તો, સોબત સારી રાખજો, દિલ નીડર રાખજો, અને મનને કેળવણી આપજો.

તમારા મિત્રો એવા હોવા જોઈએ કે તેમની ઊંડામાં ઊંડી અને ખાનગીમાં ખાનગી વાતમાં પણ ક્યાંય કટુતા અને ગંદાપણું ન હોય.

બગીચામાં ફૂલો લેવા જનારે ફૂલને પણ ચૂંટીને પસંદ કરવાં પડે છે. એમાં ચીમળાયેલાં પણ ન જોઈએ, અને અર્ધખીલેલાં પણ ન જોઈએ. પૂર્ણ વિકસિત હોય એને જ લોકો પસંદ કરે છે અને ઘરની ફૂલદાનીમાં ગોઠવે છે, અને ત્યારે એની શોભા કેવી ખીલી ઊઠે છે! પરંતુ એ ફૂલદાનીમાં નકામા અને ચીમળાઈ ગયેલાં ફૂલોને ભરો તો પરિણામે ઘરની ફૂલદાનીની શોભા મારી જાય છે. બસ, એ જ રીતે, આપણી શોભા મિત્રોથી છે. આપણે જેની સાથે બેસીએ છીએ, ફરીએ-હરીએ છીએ, વાતચીત કરીએ છીએ અને આપણા કીમતી કલાકો પસાર કરીએ છીએ તે મિત્રો એવા હોવા જોઈએ કે તે ફૂલદાનીનાં સુંદર ફૂલોની જેમ શોભા અને સુવાસ આપે.

ફૂલદાનીમાં જેમ ફૂલને ચૂંટીચૂંટીને ભરો તેમ જીવન-દાનીમાં મિત્રોને ચૂંટીચૂંટીને પસંદ કરીએ. સારા હોય તેને સહર્ષ સ્વીકારીએ અને નઠારા હોય એનું નામ ન લઈએ.

પસંદ કરાયેલા મિત્રો પૈકી કોઈક મિત્ર સડેલો છે, એવી ખબર પડે એટલે સડેલા ફૂલની જેમ તુરત જ તેને દૂર કરવો જોઈએ. 'તુરત જ' શબ્દ ઉપર ભાર દઈને કહેવાનું કારણ માત્ર એટલું જ છે કે, એક સડેલું ફૂલ બીજાં દશ સારાં ફૂલને સડો લગાડે છે. પાનની ટોપલીમાં પડેલાં પાંચસો

–હજાર પાન સાથે બંધાઈ ગયેલું એકાદ સડેલું પાન બીજી સવાર ઊગે તે પહેલાં પાંચ–પચીસ પાનને ચેપ લગાડે છે; તેમ એકાદ સડેલો મિત્ર કે એકાદ સડેલો યુવાન ઘણાને નષ્ટ કરી નાખે છે.

સડેલા પાનને લીધે બીજાં પાન સડી જાય નહિ તે માટે તો પાનવાળા કાતર રાખે છે; અને જે પાન સડેલું હોય, ડાઘવાળું હોય તેને કાપી નાખે છે. એ કહે છે: પોણું હશે તો ચાલશે, કપાયેલું હશે તોય ચાલશે; પણ સડેલું પાન તો નહિ જ ચાલે.

એ જ રીતે તમારા જીવનમાં જે ભાગ સડેલો હોય તેને કાઢી નાખતાં શીખો; નહિ તો તમારું સુંદર અને બગીચા જેવું મગજ ખરાબ વાતોથી ઉકરડા જેવું થઈ જશે.

એટલે, પહેલી વાત એ છે કે મિત્રો સુંદર જોઈએ; કારણ કે, મિત્રોથી જ તમે શોભવાના છો. તમારો મિત્ર જો ખરાબ કામ કરશે તો તેની સાથે તમે પણ વગોવાશો. લોકો તો એમ કહેશે કે, 'ફલાણાની સાથે તે બેસતો હતો તે આવો થયો.'

વળી, ખરાબ કામ તમારો મિત્ર કરે અને બદનામી તમને મળે એવું પણ બને, માટે આજથી તમે નક્કી કરજો કે, જે મિત્રો બીડી પીતા હોય, જે લોકો જૂઠું બોલતા હોય, જે લોકો ગાળાગાળી કરતા હોય, જે લોકો ગંદી–ગંધાતી વાતો કરતા હોય, તેવા પ્રકારના સોબતીઓથી આઘા જ રહેજો. તેમને કહેજો કે અમારી મૈત્રી રાખવી હોય તો બધી બરબાદીઓથી દૂર રહેવું પડશે. જો બદીઓ

હોય તો અમે નહિ અને અમે હોઈએ તો બદીઓ નહિ. બેમાંથી ગમે તે એકનો સ્વીકાર કરવાની તમને સંપૂર્ણ છૂટ છે.

તમે જો આટલું ધ્યાન રાખશો તો તમારું મિત્રમંડળ સુંદર બનશે. એટલું સુંદર કે પછી તમે જે કાંઈ કરશો તે સુંદર હશે. પછી તમારા જીવનમાં એક એવું સુંદર સ્વપ્ન નિર્માઈ રહેશે, જે તમને મહાન બનવાની પ્રેરણા આપશે.

આપણા સાંસ્કૃતિક ઈતિહાસનાં પાનાં ઉથલાવશો તો જણાશે કે સીતાજી, સુલસા, ગાર્ગી જેવી અનેક સ્ત્રીઓ આપણી સંસ્કૃતિનો આદર્શ રજૂ કરતું જીવન જીવી ગઈ છે. આજની યુવતીઓ એ વિભૂતિઓ જેવું જીવન જીવવાનો આદર્શ નક્કી કરે તો આપણું સમાજજીવન સ્વર્ગ સમું સોહામણું નીવડે.

પણ આજની આપણી બહેનો તો પેલી ઍક્ટ્રેસ કેવો ડ્રેસ પહેરે છે, અને એ કેવાં ગીત ગાય છે, કેવી અદાથી ચાલે છે, કેવાં નૃત્ય કરે છે એનું અનુકરણ કરે છે. આદર્શ નારી બનવાને બદલે ઍક્ટ્રેસ બનવાનાં પતનકારી સ્વપ્ન સેવે છે. દેશનું આ કેવું દુર્ભાગ્ય !

તમે અત્યારથી જ ઉચ્ચ વિચારોનું સેવન કરજો. તમારી પસંદગી હમેશાં શ્રેષ્ઠ હોવી જોઈએ. દુનિયામાં જે લોકો પોતાના જીવન માટે કનિષ્ઠ કે અનિષ્ટ તત્ત્વોની પસંદગી કરી બેસે છે તે લોકો ફૂટીને ઠીંકરાં થઈ જાય છે.

તમે જો મહાન બનવા માગતા હો તો ઉચ્ચ અભિલાષોનું સેવન કરો. જગતમાં જે મહાન તરીકે પંકાઈ ગયાં

છે તેમનાં જીવનચિત્રો ભણી નજર નાખો. આજે જે મહાપુરુષ તરીકે ઓળખાઈ રહ્યા છે તેમના વર્તમાન જીવનમાંથી પ્રેરણા મેળવો. એમની ખંતભરી જીવનચર્યા ઝીણવટથી જુઓ, અને પછી નક્કી કરો કે આપણે પણ મહાન કેમ ન બનીએ?

બે હાથ, બે પગ, બે કાન, બે આંખ, મોઢું અને નાક તેમની પાસે હતાં તેવાં જ આપણી પાસે પણ છે. આપણે એ શક્તિઓનો સદુપયોગ કરવાનો છે. એ શક્તિઓનો સદુપયોગ કરો અને પછી જુઓ કે તમારા જીવનમાં કેવા પ્રકારનું ઊર્ધ્વગામી પરિવર્તન આવે છે!

ઇતિહાસનાં પાનાં ઉથલાવીને ઉકેલશો તો સમજાશે કે દુનિયામાં જે મહાપુરુષો તરીકે ઓળખાયા છે તે ચામડીમાં બહુ રૂડા રૂપાળા નહોતા; પરંતુ તેમના આત્માનું સૌંદર્ય એવું અદ્ભુત હતું કે દુનિયા એ સૌંદર્ય પર મુગ્ધ બની જતી.

મૂર્ખ માનવીઓ માત્ર ચામડીની સુંદરતા પર મુગ્ધ બને છે, જ્ઞાનીઓ દિલની સુંદરતા જોઈ રાજી થાય છે.

જ્ઞાનીરૂપી ભમરાઓને તમે જો ખરેખર આકર્ષવા માગતા હો તો તમારા આત્માના સૌંદર્ય સમા સદાચાર, નીતિ, સત્ય, અહિંસા, કારુણ્ય, વાત્સલ્ય વગેરે સદ્ગુણોને બહાર લાવો. પછી જુઓ, જગતના ઈતિહાસમાં તમે પણ શું કરી જાવ છો!

યાદ રાખજો, તમારે સામાન્ય બનવાનું નથી, મહાન બનવાનું છે. તમે જે પૂર્ણ છો તે તમારે પામવાનું છે. એ

માટે તમે તમારા સ્વપ્ન ઉમદા રાખજો. મનથી સંકલ્પ કરજો કે અમારે આ જિંદગીમાં ચોક્કસ પૂર્ણ બનવું છે. ચોમાસાનાં અળસિયાંની જેમ ક્ષણજીવી નથી બનવું. આખી દુનિયામાં કદાચ મારા નામની હાક ન વાગે તો કંઈ નહિ, પરંતુ હું જ્યાં વસું છું તે પ્રદેશની આસપાસ વસતા પ્રત્યેકના હૈયે ને હોઠે મારી જીવન-સુવાસ રમી રહે એવા મારા સ્વરૂપને વિકસાવવું છે, એવી ઊંચી સદ્ભાવના સેવો.

તમે જો સંકલ્પ કરશો અને એ સંકલ્પ પાર પાડવા માટે સહન કરશો તો જ આવું જીવન જીવી શકશો.

વૃદ્ધો કહે છે: આજના યુવાનોની તો કાર્યવાહી જ કોઈ ઓર પ્રકારની હોય છે. સવારમાં ઊઠીને દેવસેવાને બદલે બૂટ પૉલિશ કરશે. પછી પટિયાં પાડતાં બરાબર અડધો કલાક કરશે. એક વાળ આડો પડવો ન જોઈએ અને એક વાળ ઊંચો થવો ન જોઈએ. આ વાત સાચી હોય તો આવું કરનારા આજના યુવાનો મને તો છોકરીઓ કરતાં પણ નિર્બળ અને ભૂંડા લાગે છે.

સાચા યુવાનનું રૂપ વાળમાં નહિ, પણ એના પ્રત્યેક અણુએ અણુમાં વિલસતું હોય છે. એનો સંયમ, એનો સદાચાર, એની સ્વચ્છતા, એની સ્વસ્થતા એ જ એના સૌંદર્યને દીપાવનારાં અને એની સુવાસને મહેકાવનારાં તત્ત્વો હોય છે.

આ જ તો છોકરાઓ પણ રૂપાળા દેખાવા માટે પાવડર લગાડે છે, ક્રીમ–સ્નો લગાડે છે. આ બધું એટલા માટે જ કરવું પડે છે કે અંદરનું (આત્માનું) સૌંદર્ય નાશ પામ્યું

છે. અંદરનું તત્ત્વ ખૂટી જાય છે ત્યારે જ બહારની ટાપટીપ શરૂ થાય છે.

હું તો તમને કહું છું કે બહારના એ લપેડાઓનો મોહ છોડીને તમે કંઈક એવું સર્જન કરો, જીવન એવું બનાવી રહો કે ભવિષ્યનો ઈતિહાસ પણ તમને જુએ અને બોલી ઊઠે કે આ એક વિરલ માણસ હતો કે જેણે આવું ઉમદા સર્જન કર્યું!

તમારે આગિયા નહિ, તારા બનવાનું છે. અંધારી રાતે ચાલ્યા જતા પથિકને તમારે તો માર્ગદર્શન અને આશાભર્યું આશ્વાસન આપવાનું છે. ખરી પડવાનો વખત આવે ત્યારે પણ તેજલિસોટો મૂકીને તમારે જવાનું છે.

યુવાનીમાં રખડ્યા કરશો તો આખી જિંદગી રખડવું પડશે, માટે તમારી જુવાનીને સંભાળી લો. એકાગ્ર બની જીવનની કેળવણી મેળવી લો.

અંગ્રેજીમાં પ્રગતિપંથનાં જે ત્રણ પગથિયાં બતાવ્યાં છે તે આ છે: Dream, Hope and Admiration. મહાન બનવાની આ ચાવી છે: પ્રેરણા આપતું મધુરું સ્વપ્ન હોય, ઉજ્જવળ આશા હોય, અને દિલમાં અન્યની પ્રગતિ પરત્વેની ખેલદિલીભરી પ્રશંસા હોય તો તમારા જીવનની પ્રગતિને કોઈ રૂંધી શકશે નહિ.

હવે આપણે બીજી વાત પર આવીએ.

જીવનમાં તમે સર્વથા અભય રહો. કોઈથી કદી ડરશો નહિ. જીવનમાં એક માત્ર પાપ સિવાય બીજા કશાથી ડરશો નહિ. તમારી વાણી, તમારું વર્તન અગર તમારા વિચારથી

જો પાપ થઈ જાય તો જરૂર ડરજો. તેવે પ્રસંગે અંદરના ભગવાન પાસે દોડી જઈને પાપ સામે રક્ષણ માગજો.

જેના હૃદયમાં અભયનું સામ્રાજ્ય સ્થપાયેલું હોય છે એને દુનિયામાં કોઈની બીક નથી. એવાઓ જ દુનિયાને પલટો આપી શકે છે. દુનિયાને નવા રંગે રંગી શકે છે.

આમ પહેલી વાત આપણે સત્સંગની (સારી સોબતની) વિચારી, બીજી વાત અભયની તપાસી, હવે ત્રીજી વાત વિચારવાની છે. આ વાત છે **મનની કેળવણીની.**

તમે દરેક વાત કરજો, પણ સાથે સાથે મનને કેળવતા જજો. મન એક એવી વસ્તુ છે કે એને કેળવવું પડે છે. જેમ રોટલી બનાવવી હોય તો કણકને કેળવવી પડે, ઘડો બનાવવો હોય તો માટીને કેળવવી પડે, ખમીસ બનાવવું હોય તો કાપડને કાપીકૂપીને કેળવવું પડે, તે જ રીતે દુનિયામાં કેળવ્યા વગરની કોઈ પણ વસ્તુ કામ લાગતી નથી. તમારા માનસને પણ તમારે કેળવવાનું છે. એ કેળવણી માટે શિક્ષણ એ અનિવાર્ય વસ્તુ છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે, કેળવાયેલ માણસની ઓળખ શી?

બિનકેળવાયેલ માણસને દશ શબ્દો કહેવા પડે છે, જ્યારે કેળવાયેલ માણસને માટે એક શબ્દ પણ બસ થઈ જાય છે. ‘A word to a Wise, and a rot to a Fool.’ ડાહ્યા માણસને એક શબ્દની જરૂર છે. એ તરત સમજી જશે. પરંતુ જે મૂરખ હશે, ગધેડા જેવો હશે, એને ડફણાં

પણ ઓછાં પડશે. એક કહેવત છે કે તેજીને ટકોરો અને મૂરખને ડફણાં.

આ રીતે તમારા માનસને જો તમે કેળવતા જશો તો તમારું મગજ અને તમારું મન સરસ થઈ જશે. જેમ કેમેરાની ચાંપ દાબતાં વેંત જ અંદર રહેલી નેગેટિવમાં સામેનું દશ્ય તુરત જ ઝડપાઈ જાય છે તેમ, તમારું માનસ પણ એવું કાર્યદક્ષ બની જશે કે જે વાત વડીલો કે ગુરુજનો કહેશે એ તુરત જ તમારા માનસપટ પર અંકાઈ જશે.

તમારું મન કેળવાયેલું હશે તો તમારી પાસે આવતી સુંદર વાતો તમારા હૈયાની દાબડીમાં સરસ રીતે સંઘરાઈ જશે.

આ રીતે મેં તમારી પાસે ત્રણ વાતો મૂકી છે: સારી સોબત, અભય અને મનની કેળવણી.

મિત્રોની સોબત સારી હશે તો તમે ફૂલની જેમ મહેક્યા કરશો. અભય હશો તો તમારા દિલની અંદર પ્રકાશ છવાયેલો રહેશે. મન કેળવાયેલું હશે તો તમારા આત્માનું સૌંદર્ય વિકાસ પામતું જશે.

આ ત્રણ બાબતો તરફ તમે જો પૂરતું ધ્યાન આપ્યું હશે તો તમે તમારા કુળમાં, તમારાં માતાપિતા માટે, તમારા ગુરુજનો માટે, એવા બની રહેશો કે તમારે માટે તેમને ગૌરવ લેવું પડશે. તમારે લીધે એ સૌને ઊંચું માથું રાખી ફરવાનું સદ્ભાગ્ય સાંપડશે. તમારે લીધે તમારું કુટુંબ,

તમારી જ્ઞાતિ, તમારો સમાજ અને તમારો દેશ પણ એમ કહેશે કે આ તો અમારો લાડકવાયો છે.

જે રીતે ખેતી કરતો ખેડૂત ખેતરમાં એક દાણો વાવે છે, તો ખેતર તેના વળતરના રૂપમાં અસંખ્ય દાણા આપે છે તે રીતે તમારા જીવન ખેતરમાં વિચાર-રૂપી એક દાણો મેં અહીં વાવેલો છે. મિત્રો ! તેના વળતરના રૂપમાં આચાર-ના ઘણા દાણા પાછા વાળશો એટલી અપેક્ષા તો હું રાખી શકું ને ?

# પ્રશ્ન-ત્રિપુટી

એક શિષ્યે ગુરુને પ્રશ્ન પૂછ્યો: ભગવન્, હવે મને બતાવો, કે સૌથી સારું તીર્થ કયું ?

ગુરુદેવે ઉત્તર આપ્યો:

'સ્વમનો વિશુદ્ધ.'

પહેલામાં પહેલું તીર્થ એટલે મન. મનને ચોખ્ખું કર્યા પછી જ તમે જ્યાં જવું હોય ત્યાં જજો. તમે જ્યારે તીર્થમાં જાવ ત્યારે મનમાં જો મેલ નહિ હોય, તમારું મન જો શુદ્ધ હશે, તમારા ચિત્તમાં રાગદ્વેષના વિચાર નહિ હોય, તો જ ભગવાનનું તેજ તમારા હૃદય ઉપર પડશે; તમારા હૃદયમાં એનું પ્રતિબિંબ પડશે.

નેગેટિવ–પોઝિટિવનો નિયમ છે કે જે નેગેટિવ હોય એના ઉપર કોઈ પણ જાતની છાપ પડેલી ન હોવી જોઈએ. વળી એને અંધારામાં જ રાખવી જોઈએ. એ એવી કેબિન-માં હોવી જોઈએ, કે જ્યાં સ્વિચ દબાય અને ઢાંકણું ઊઘડે કે તરત જ સામે જે આકૃતિ હોય તે પકડાઈ જાય.

આનું કારણ એ છે કે નેગેટિવ સાફ છે. જો એનામાં કોઈ ડાઘ પડી ગયો હોય તો પછી તમે ફોટો લેવા જાવ તો ફોટો સ્પષ્ટ આવશે નહિ. નેગેટિવને જેમ સાચવીને બરાબર ગોઠવી દેવામાં આવે છે ને બરાબર તૈયારી કરીને પેલી ફિલ્મને ગોઠવી રાખેલી હોય છે; ને પછી ફોટો જ્યારે લેવાનો હોય ત્યારે જેવી ચાંપ દાબો કે તરત જ ચિત્ર આવી જાય છે. આપણા હૃદયને પણ આ જ રીતે તૈયાર કરીને જવું પડે છે.

જાત્રા કરવા નીકળતાં પહેલાં તૈયારી કરવાની હોય છે.

આ તૈયારી કઈ તે જાણો છો?

ત્યાં ગયા પછી ધંધા અંગે કોઈને કાગળ લખવો નહિ. કોઈ સોદાનો વિચાર મગજ ઉપર રાખવો નહિ. કોઈ સગાં-વહાલાંની ચિંતા માથે રાખવી નહિ. ત્યાં ગયા પછી અહંભાવ, પ્રશંસા, મોટાઈ, સ્તુતિ વગેરે રાખવાં નહિ. ત્યાં જઈએ એટલે મીણ જેવા નરમ બની જવું જોઈએ. આમ એવી તૈયારી સાથે જવું જોઈએ કે ત્યાં પ્રભુનું જે દર્શન કરીએ તેની છાપ હૃદય પર ઊપસી આવે.

આપણે કોઈ ત્યાગી મહાત્મા પાસે જઈએ અને જો એ ત્યાગની છબી આપણા હૃદયમાં થોડી વાર માટે પણ ન ઊપસે, તો તેમની પાસે ગયા એનો અર્થ શો?

તમે કોઈ મંદિરમાં ગયા, પ્રક્ષાલ કર્યો, સ્વચ્છ થયા, ધૂપ કર્યો ને પછી કેશરની વાડકી લેવા માટે ગયા. પણ એટલામાં પેલો વાટ જોઈને બેઠેલો ચપ-ચપ કરીને પૂજા કરી જાય તો?

સાચેસાચું બોલજો, તમારી આંખમાં થોડોઘણો પણ લાલ રંગ તો તે ઘડીએ આવી જવાનો જ. થોડોક તો ક્રોધનો રંગ આવવાનો જ.

જો તમે પણ સામાની જેવા મૂરખ હશો તો એવું મોટેથી બોલી ઊઠશો: ' કંઈ ભાનબાન છે કે નહિ ?' જો તમે શાણા અને સમજદાર હશો તો મનમાં કહેશો કે, મેં ધૂપ કર્યો. હું પૂજા કરવાની તૈયારીમાં જ હતો, ત્યાં આ મૂરખ માણસ ટપકી પડચો.

આવો ભાવ, મનમાં પણ જાગવો જોઈએ. એ વખતે આપણે તો પ્રસન્ન થવું જોઈએ. આપણને થવું જોઈએ, મારા કરતાં આની ભાવના કેવી ઊંચી. એણે તરત જ વિના વિલંબે લાભ લઈ લીધો ! તમારા મનમાં આવો ભાવ હશે તો તમે સામેથી જ કહેશો, ' લો ભાઈ, પહેલાં તમે કરી લો પૂજા.'

આખર તો જે કરવાનું છે તે ભાવનાથી કરવાનું છે. પહેલી પૂજાનો અર્થ હૃદયમાં પડેલો જ છે. તમે જો ભાવના કરી તો પહેલી પૂજા થઈ ગઈ એમ માનજો.

ટૂંકમાં કહીએ તો આપણું હૃદય ધીમે ધીમે એવું શુદ્ધ બનાવવું જોઈએ કે વીતરાગના ભાવો આપણા જીવન-મંદિરમાં બેસે; એ જ ભાવ આપણા ઘેર પણ આપણી સાથે આવે; દુકાને પણ આપણી સાથે આવે; વ્યવહારમાં પણ આપણને દોરે.

આપણા અંતરમાં વસેલી શાન્તિ અને આપણા સ્વભાવમાં વસેલી કોમળતા તેમ જ સૌમ્યતાની અસર

આપણા ઘરના માણસો ઉપર ધીરે ધીરે એવી સરસ થવી જોઈએ કે જેને લીધે એક નવું જ વાતાવરણ ઊભું થાય અને લોકો પણ કહે કે, 'ખરેખર આ એક સાચા પ્રકારનો ધર્મી આત્મા છે.'

પણ આ ત્યારે જ બની શકે કે આપણા જીવનમાં સૌમ્યતા આવે. પણ જો પૂજા કરીને ઘેર જનારો માનવી ઘરમાં જઈને ધમાધમ જ કરી મૂકે, ઉપવાસ કરેલો હોય અને જેવો પારણું કરવા બેસે અને કહે, 'શું મગ નથી કર્યા? તમને તો ભાન જ ક્યાં છે? અમે ઉપવાસ કરી મરી જઈએ છીએ તોય તમને પારણાનો ખ્યાલ જ નથી રહેતો!'

આવા માણસના ઉપવાસ શાન્તિ કેમ આપે? એમને ઉપવાસ ન કરવા હોય તો કોઈ પરાણે કરાવે છે? ઉપવાસ કંઈ મરવા માટે નથી કરવાના, અમર બનવા માટે કરવાના છે.

ખરી વાત તો એ છે કે, જીવને વિચાર આવતો નથી. ક્રોધમાં આવી જાય છે ત્યારે એ એમ માનતો હોય છે કે જાણે મેં ઉપવાસ કર્યો તે આ બધાના ઉદ્ધાર માટે કર્યો છે.

સાચી વાત તો એ છે કે, ઉપવાસ એ અનાહારી પદ પ્રાપ્ત કરવા માટે છે. ખાવું એ તો દેહરૂપી કીડાનો સ્વભાવ છે. ન ખાવું એ શુદ્ધ આત્માનો સ્વભાવ છે.

પરંતુ આવો સ્વભાવ આવે ક્યારે?

મગ કદાચ ન થયા હોય તો એમ કહેવું જોઈએ કે, હવે મગ કરવાની જરૂર નથી. હવે તો આ ખાવાની શરૂઆત કરી છે, એટલે પાણી હોય તો ચાલે, દૂધ હોય તો ચાલે,

ઉકાળો હોય તો ચાલે. જે હોય તે ચાલે. તમે ચિંતા શા માટે કરો છો? કોઈ ચિંતા કરતું હોય તોપણ આપણે સમતા આપવી જોઈએ.

પેલાને એમ થાય કે હું ખાઉં છું તોય મારે ખાખરા વિના નથી ચાલતું અને આ માણસે ઉપવાસ કર્યો તોય કહે છે કે, મારે કંઈ નથી જોઈતું. આમ તપસ્વીને જોઈને જે તપ નથી કરતો એને તપ કરવાનું મન થાય.

પરંતુ આ વાત હૃદયમાં સ્થાપવા માટે મનને વિશુદ્ધ કરવું પડે છે. વિશુદ્ધિ વિના બધું નકામું. જેટલી જેટલી વસ્તુઓ ધોવાય છે તેટલી જ શુદ્ધ અને સુંદર થાય છે.

કપડું પણ ધોવું પડે છે, મકાન પણ ધોવું પડે છે, વસ્તુઓ પણ ધોવી પડે છે અને એ ધોવાય છે ત્યારે જ મેલ દૂર થાય છે.

તો પછી શું આપણા મનને ધોવાનું જ નહિ? આપણે બધાયને ધોવડાવીશું, બધાયને ચોખ્ખા કરીશું અને મનને નહિ ધોઈએ તો કેમ ચાલશે? મનને તો પહેલું ધોવું પડશે.

આ માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે વીતરાગની વાણી એ તમારા મનને ધોવા માટેનું નિર્મળ અને પરમ પાવનકારી પાણી છે. એના જેવું પવિત્ર પાણી દુનિયામાં એક પણ નથી. એટલે એ પાણીથી તમે મનને રોજ ધોતા રહો.

ઘણા લોકો કહે છે કે વ્યાખ્યાનમાં રોજ શું સાંભવાનું છે.

—તો હું તેમને પૂછું છું કે રોજ શું કરવા નાહવું જોઈએ? કાલે તો નાહ્યા હતા, તો પછી આજે શું કરવા ફરીથી નાહવા જાવ છો? કાલે સ્નાન કર્યું હોવા છતાં જો તમને આજે મેલ ચઢયો, ધૂળ ચઢી એમ લાગતું હોય તો પછી, કાલે સાંભળ્યું તેમ આજ પણ સાંભળો.

તમારી કાયા તો વગર ધોયે ઊજળી થવી જોઈએ. કાયા જ્યાં સુધી આવી ન થાય ત્યાં સુધી તો તમારે નાહવું જ પડે, એ જ રીતે તમારું મન એવું ન થાય ત્યાં સુધી તમારે સદ્‌વાણી પણ સાંભળવી જ પડે. એ સાંભળતા રહો તો તમારું મન તાજું રહે, ખુલ્લું રહે, શુદ્ધ બને, રાગદ્વેષની ગાંઠો જો બંધાઈ ગઈ હોય તો જરા ઢીલી થાય.

આટલા માટે જ કહ્યું કે જેમાં ગાંઠ કે મળ ન હોય તેવું સ્વમનો વિશુદ્ધ મન જોઈએ.

શિષ્ય બીજો પ્રશ્ન પૂછે છે, 'કિમત્ર હેયં? દુનિયામાં છોડવા જેવું શું છે?'

જવાબ મળ્યો: 'કનકંચ કામં —કનક અને કામ— આ બેય આપણને વળગ્યાં છે, પણ તેને છોડવાં જોઈએ.'

માણસ બાળક હોય છે ત્યારથી લેવાની શરૂઆત કરે છે તે માણસ વૃદ્ધ થાય ત્યાં સુધી એ વૃત્તિ ચાલુ જ હોય છે, એટલે શરૂઆત લેવાથી થાય છે અને અંત લૂંટવાથી થાય છે.

લગભગ જિંદગીભર આ કનક અને કામની જ ઇચ્છા અને તૃષ્ણા માનવી સેવતો હોય છે. પરંતુ જ્ઞાનીઓ કહે છે કે, એથી તને શું મળવાનું છે? એને તો તું છોડતા શીખ.

એનો વિધિપૂર્વક ત્યાગ કરતા શીખ, તો જ તારું કલ્યાણ થવાનું છે.

કનક અને કામ એ બે વસ્તુઓ બંને બાજુથી વળગી પડેલી છે. એનો એ સ્વભાવ છે. અને જેને એ બે વળગે છે તે માણસ એનાથી છૂટી શકતો નથી અને આશ્ચર્ય તો એ છે કે એના બંધનમાં પડેલો માનવી ઊલટો પોતાને વધારેમાં વધારે મુક્ત માને છે!

જે વધારે પૈસાદાર હોય છે તે માણસ વધારે છાતી કાઢતો ચાલે છે. એને થાય છે 'હું કોણ? હું મોટો માણસ.'

ખરી વાત તો એ છે કે જ્ઞાનીઓ એને કેદી તરીકે ઓળખતા હોય છે. એ એવો કેદી છે કે બાપડો રાતના સુખે ઊંઘી પણ શકતો નથી. રાત પડે એટલે ઇન્કમટેક્સ, સેલ્સટેક્સ, સુપરટેક્સ વગેરેની ભૂતાવળો એને સતાવે છે, ને મૃત્યુવેરાને લીધે તો એ ઝબકી-ઝબકીને જાગે છે.

એક ભાઈ કહેતા હતાઃ

'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
અવસર બીતા જાત હૈ ફિર કરોગે કબ?'

બીજા ભાઈએ એને ફેરવીને બીજી રીતે કહ્યું:

'કલ મરે તો આજ મર, આજ મરે સો અબ;
મૃત્યુવેરો આ ગયો, ફિર મરોગે કબ?'

એટલે, હવે તો મરવા માટેનો પણ ટેક્સ આવી ગયો.

પણ, આ ટેક્સ કોને માટે છે?—જેની પાસે ખૂબ ધન છે તેને માટે છે.

જેની પાસે ઓછું ધન છે તેને તો ટેક્સ–બેક્સ કંઈ વળગતું નથી; એ તો ખપ પૂરતું રળે છે ને ખાય છે. ચોપડા તો શેઠિયાઓને રાખવા પડે છે. ટેક્સ અને ડયૂટી તો એવા બધાયને હોય છે. પણ જેને બાર મહિને ત્રણ હજાર-થી ઓછી આવક થતી હોય એને શું નાહવા–નીચોવવાનું ?

તમે લાખ મેળવો છો ત્યારે સરકાર તમારી પાસેથી પચાસ–સાઠ હજાર રૂપિયા પડાવે છે. તમે દિલ પ્રસન્ન રાખીને દાન નથી કરતા તો સરકાર તમને રડાવીને તમારી પાસે દાન કરાવે છે.

પહેલાંના લોકો દ્રવ્યમાંથી દસ ટકા (દશાંશ) કાઢતા હતા, કારણ કે મારા સહધર્મીઓ દુઃખી ન હોય, એમની સ્થિતિ સારી હોવી જોઈએ, એવી એમના દિલમાં ભાવના હતી. પોતાના સહધર્મીઓ દુઃખી હોય તો એમના દિલમાં દુઃખ ઊભરાતું હતું.

હવે વાત બદલાઈ ગઈ છે. 'એ એનું ફોડી લેશે, મારે શું ?' આવી સ્વાર્થ બુદ્ધિ વ્યાપક બની છે. એટલે જ આજે સરકાર તમારી પાસેથી મેળવીને ગરીબને પહોંચતા કરે છે !

એટલે આખરે તો સરકાર તમારી પાસેથી ફરજિયાત દાન કરાવવા માટે જ ટેક્સ નાખે છે.

આમ, કનક એ એક એવી વસ્તુ છે કે માનવી એમાં જેમ વધારે બંધાયેલો હોય છે તેમ તે પોતાની જાતને વધારે મુક્ત માને છે ! જ્યારે જ્ઞાનીઓ સાચી રીતે સમજે છે કે આવો માનવી મુક્ત નથી, પણ જડબેસલાક બંધા-યેલો છે.

આ વાતની તમારે ખાતરી કરવી હોય તો સંસારી આત્માનું મૃત્યુ જુઓ અને સાધુ આત્માનું મૃત્યુ જુઓ. સાધુઓ તો સૂતાં સૂતાં, વાતો કરતાં, બેઠાં બેઠાં, જ્ઞાનની ચર્ચા કરતાં કરતાં મૃત્યુ પામતા હોય છે.

શાન્તિથી બેસીને વિચાર કરવાનો છે કે આપણું જીવન કેવી રીતે વીતી રહ્યું છે. આજે લોકોનું જીવન પણ શાન્તિથી વીતતું નથી અને મૃત્યુ પણ શાન્તિથી થતું નથી. જીવન જો બગડી ગયું તો મરણ પણ બગડી જશે.

મરણ વખતે પણ ઘણાનું ધ્યાન એવી વસ્તુઓ પર હોય છે કે સુખ કે શાન્તિથી વિદાય પણ લઈ શકતા નથી.

મરણ આવે તે પહેલાં કામની ભાવના છૂટી જાય, મરણ આવે તે પહેલાં કનકનો મોહ છૂટી જાય, ને તમે છોકરાઓને કહો કે હવે તમે બધુ સંભાળી લો. હવે મારું નામ પૈસાની બાબતમાં ન લો. જ્યારે જરૂર પડશે ત્યારે તમારી પાસેથી માગી લઈશ, કે આજે મારે ધર્માદો કરવાનો છે.

આમ તમે એવી રીતની વ્યવસ્થા ગોઠવી દો કે મરણ વખતે એમાં તમારો જીવ અટવાઈ ન જાય.

હવે ત્રીજો પ્રશ્ન પુછાયો: 'રોજ અમારે સાંભળવું શું?'

જવાબ મળ્યો : 'ગુરુના મુખકમલથી ઝરતાં સુવાક્યો નિત્ય સાંભળો.' સ્વયંપ્રકાશિત એવા વીતરાગના માર્ગના જે સાધુઓ છે તે તમને જે વાત કહેશે તે તમારા આત્માના ઉદ્ધાર માટેની જ હશે.

ગુરુઓનાં વાક્યો તો ત્યાગના માર્ગે લઈ જનારાં હશે. સંસારનો માણસ ધર્મી હોય તોપણ સ્વાર્થી હોય છે. ઘણા એવા હોય છે કે ત્યાગની વાત કરે, ધર્મની વાત કરે, પણ જ્યાં ઘેર આવે ત્યારે બધું ભૂલી કહે : 'આ તારું, આ મારું.'

શ્રેણિક મહારાજાની એક વાત આવે છે. ભગવાન મહાવીર પધારેલા છે. તેમને સાંભળવાનું રાણી ચેલણાને મન થઈ આવે છે, એટલે ધારણી રાણીને કહે છે : 'ચાલો, આપણે ભગવાનનું વ્યાખ્યાન સાંભળવા જઈએ.'

ત્યારે મેઘકુમાર કહે છે: 'હું આવું ?' ત્યારે રાણી કહે, 'હા, તારે તો આવવું જ જોઈએ.' અને મેઘકુમાર આવ્યા. વાણી સાંભળી અને હૃદયમાં એવી ઊંડી ઊતરી ગઈ કે જાણે કોરી ધરતી પર મેઘ વરસ્યો. પછી તો બીજ રોપાયું અને ઊગી નીકળ્યું.

એક વૃદ્ધ ભાઈએ મને એક વાર પૂછેલ : 'મહારાજ, તમે વ્યાખ્યાન તો દો છો, પણ તમારા ગુરુનું નામ શું ?' મેં કહ્યું : 'પૂ. આચાર્ય ચંદ્રસાગરસૂરિજી મહારાજ.' પછી કહે : 'તમારા દાદાગુરુનું નામ શું ?' તો કહ્યું : 'સાગરજી મહારાજ.'

પછી કહે : 'ઓહોહો ! સાગરજી મહારાજનાં વ્યાખ્યાન પણ અમે સાંભળેલાં છે એટલે તમે તો એમના પૌત્ર થાવ.'

મેં કહ્યું : 'વાત સાચી છે. તમે તો પ્રવચનપ્રૂફ છો ! અમારા દાદાગુરુને સાંભળ્યા, એટલે હવે મને કે મારા અનુગામીને સાંભળશો તોય વળવાનું કંઈ નથી.'

એમણે તો જાણે વ્યાખ્યાન સામે બખ્તર પહેરેલું હતું. એમને એવો ગર્વ કે અમે ત્રણત્રણ પેઢી સાંભળી, પણ અમે તો જરાય ખસ્યા નહિ. બેઠા છીએ તેમ જ બેઠા છીએ–મચ્છુ નદીના કાળા પથ્થરની જેમ.

'તુમ કહેતે જાઓ ઔર હમ સુનતે જાય' એવા પાકા થઈ ગયા હોય એ એમાંથી કોઈ અર્થ ન તારવે. બે ઘડી સાંભળે એટલું જ.

પણ જે બાળજીવો હોય છે, તેમને બહુ અસર કરી જાય છે. જુઓ ને, વિદ્યાર્થીઓ કેટલા બધા ભાવનાશાળી હોય છે! એમને તમે એક વાત બરાબર સમજાવી દો કે મનમાં ઉતારો તો તેઓ 'યા હોમ' કરીને ઝંપલાવી દે છે.

જ્યારે પેલા તો ગણતરી જ કર્યા કરે ને ગણી ગણીને એવું તારવે કે, 'ખોદે ડુંગર અને કાઢે ઉંદર' જેવો ઘાટ થાય.

આમ પેલા મેઘકુમારે તો સાંભળ્યું, ને સંસાર પરથી જીવ ઊઠી ગયો. ઘેર આવીને માને કહ્યું : 'મા.'

ધારણી કહે : 'શું છે બેટા!'

તો કહે : 'મને ભગવાનની વાણી ગમી.'

'તો તો બેટા આપણું ભાગ્ય ખૂલી ગયું,'

'પણ, મા! એ વાણી મારા હૃદયમાં ઊતરી ગઈ.'

'તો તો આપણું અહોભાગ્ય.'

'પણ, એ વાણી હવે મારે અમલમાં મૂકવાની છે.'

'એટલે ?'

તો કહે! 'મારે સાધુ થવાનું છે.'

'અરે હોય, સાધુ તો બીજા થાય. તારે સાધુ થવાનું ન હોય. તું તો મારે એકનો એક દીકરો છે. તું જો સાધુ થાય તો મારું કોણ ? તને તો મારે આઠ–આઠ સુંદર કન્યાઓ પરણાવવી છે. તારી એ આઠ–આઠ પત્નીઓને નીરખી નીરખીને સ્વર્ગ સમું સુખ પામવું છે, માટે બેટા, આપણાથી સાધુ ન થવાય.'

જોયું આ ? માબાપ ધર્મમાં જોડે ખરાં, પણ ત્યાગની વાત આવે ત્યાં કહે : 'એ તારું કામ નહિ. એમાં તને સમજ ન પડે. એ તો અમારે સાંભળવા માટે છે.'

પ્રવચન-શ્રવણ ચિત્તશુદ્ધિ માટે છે. શ્રવણથી હૃદય ધોવાઈને ઉજ્જવળ થવું જોઈએ. મેઘકુમારની જેમ જીવનમાં પરિવર્તન આવવું જોઈએ.

# આજના યુગમાં

જૈન દર્શનમાં કોઈ વાત એકાન્તે કહેવામાં નથી આવી. આજે કેટલાક લોકો જીવનને એકલક્ષી બનાવી માત્ર ક્રિયા કે ધ્યાન પર જ મહત્ત્વ આપે તો તે કેમ ચાલે? કારણ કે સ્યાદ્વાદ–અનેકાન્તની દષ્ટિએ કોઈ એકને આપણું મધ્યબિંદુ બનાવવા છતાં જીવન વિષેની અનેકવિધ બાબતોનો પણ આપણે સાપેક્ષ ખ્યાલ રાખવો પડશે.

આજનો યુગ એક રીતે જ્ઞાનનો યુગ છે. વ્યાવહારિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષણ એ બંને વચ્ચેના ભેદ તેમ જ જીવનમાં એ બંનેનું શું સ્થાન છે, તે આપણે સમજી લેવું પડશે. વ્યાવહારિક શિક્ષણની જરૂરિયાત તેમ જ ઉપયોગિતા તો આજે જીવનમાં દરેક ક્ષેત્રે જોવામાં આવે છે અને દિવસે દિવસે વધતી જતી અનેક યુનિવર્સિટીઓ તેમ જ કૉલેજોમાં અભ્યાસ કરી વિદ્યાર્થીઓ ડિગ્રી મેળવે છે, અને એ ડિગ્રી ઉપરથી જ આપણને ખ્યાલ આવી જાય છે કે કયો માણસ કયા વિષયમાં નિષ્ણાત છે. એમ.બી.,બી.એસ.ની ડિગ્રી ધરાવનાર હોય તો આપણે સમજી શકીએ છીએ કે તે શરીરશાસ્ત્રનો નિષ્ણાત છે. તે જ રીતે સી.એ.ની

ડિગ્રી ધરાવનારને તે હિસાબ અને નામાખાતાનો નિષ્ણાત છે એમ આપણી સમજમાં આવી જાય છે. ધાર્મિક શિક્ષણ-બાબતમાં અભ્યાસની કોઈ આવી ડિગ્રી હોતી નથી, અને તેના શિક્ષકોની પસંદગીમાં પણ ખાસ ધોરણ જેવું હોતું નથી. આજનો યુગ ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણનો સમન્વય કરવાનો યુગ છે. અમે સાધુઓ તો ધાર્મિક શિક્ષણની અગત્ય વિષે કહેતા જ આવ્યા છીએ, પણ થોડા વખત પહેલાં શિસ્તપાલન વિષે આપણા દેશના વિદ્યાર્થીઓમાં વધતી જતી બેદરકારી અને વણસતી પરિસ્થિતિ અંગે તપાસ કરવા માટે સરકારે પણ એક કમિશન નીમ્યું હતું, અને તેમાં આપણા રાષ્ટ્રપતિ અને મુંબઈના માજી ગવર્નર શ્રીપ્રકાશ જેવા વિદ્વાન સભ્યો હતા. તેમણે સંશોધન કરી જે રિપોર્ટ તૈયાર કર્યો તેમાં મુખ્ય વાત એ હતી કે કૉલેજના વિદ્યાર્થીઓને વ્યાવહારિક શિક્ષણની સાથોસાથ આધ્યાત્મિક શિક્ષણ પણ આપવું જરૂરનું છે. આમ થતાં વિદ્યાર્થી જગત-માં આજે જે અવ્યવસ્થા અને શિસ્તપાલનનો અભાવ જોવામાં આવે છે, તે દૂર થશે. આમ આધ્માત્મિક શિક્ષણની અગત્ય રાષ્ટ્રપતિ જેવાએ પણ સ્વીકારી છે.

પાઠશાળાઓમાં છોકરાઓને ધાર્મિક સૂત્રો શીખડાવવામાં આવે છે, અને તેથી બાળકોને જરૂરી ધાર્મિક શિક્ષણ મળી રહે છે, એમ સંતોષ માની લઈએ તે બરોબર નથી. હાઈસ્કૂલો-નાં આગલાં ધોરણોમાં અભ્યાસ કરતા તેમ જ કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ બાબતમાં સંતોષ આપી શકે તેવા શિક્ષકોની આપણે ત્યાં ખોટ છે, અને આ

ઊણપના કારણે જ બાળકો ધાર્મિક અભ્યાસમાં રસ લઈ શકતાં નથી, કારણ કે એવા અભ્યાસથી તેમની ભૂખ સંતોષાતી નથી. મોટી ઉંમરનાં બાળકોને જ્યારે પાઠશાળામાં જવાનું કહેવામાં આવે છે ત્યારે તેઓ વ્યાવહારિક શિક્ષણના બોજાની વાત રજૂ કરે છે, અને એવે વખતે આપણે બાળકોની વાત સાથે સંમત થઈ જઈએ છીએ. વાસ્તવિક પરિસ્થિતિ તો એ છે કે આજનાં માબાપોને તેમના ધમાલિયા જીવનના કારણે, બાળકોને પાઠ-શાળામાં જવાનું કેમ ગમતું નથી, તેમ જ ધાર્મિક અભ્યાસ-માં તેમને કેમ રસ પડતો નથી, તેનાં કારણોમાં ઊંડા ઊતરવાની ફૂરસદ જ નથી, અને તેથી તો પરિસ્થિતિ સુધરવાને બદલે વણસતી જવાની છે.

આ માટે મારી પાસે અનેક વિદ્યાર્થીઓ ચર્ચા અર્થે આવે છે, અને તે પરથી મને લાગે છે કે આજના વિદ્યાર્થી-ઓમાં આધ્યાત્મિક શિક્ષણની ભૂખ તો છે જ, પરંતુ વર્તમાન ધાર્મિક શિક્ષણની પદ્ધતિ અને અવ્યવસ્થાના કારણે તેઓની આવી ભૂખ સંતોષાતી નથી, અને તેથી જ તેઓને ધાર્મિક અભ્યાસમાં રસ પડતો નથી. મને યાદ છે કે એક વખત અમારા વિહાર દરમ્યાન એક ગામના ઉપાશ્રયમાં અમે રહ્યા હતા, અને ઉપાશ્રયનો ઉપયોગ પાઠશાળા માટે પણ થતો હોઈ એક પ્રૌઢ ઉંમરના શિક્ષક પાસે બાળકો સૂત્રોની ગાથાઓ બોલી રહ્યાં હતાં. ત્યાં એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો કે, સાહેબ! સૂર્ય સવારે ઊગે છે અને સાંજના આથમે છે, પણ જગતમાં કોઈ એવો પ્રદેશ હોઈ શકે ખરો કે જ્યાં સૂર્ય દિવસોના દિવસ સુધી આથમે જ નહિ? આ ધાર્મિક શિક્ષકને ભૂગોળ-

નું જ્ઞાન ન હોવાથી પેલા વિદ્યાર્થીને મૂર્ખાઈ ભરેલો પ્રશ્ન પૂછે છે એમ કહી બેસાડી દીધો. આવી પરિસ્થિતિ આપણા મોટા ભાગની પાઠશાળાઓમાં પ્રવર્તે છે. વિદ્યાર્થીઓ પોતાની જિજ્ઞાસા સંતોષવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે, પણ કોઈ સ્થળે એમને મૂર્ખ ગણી હસી કાઢે છે, તો વળી કોઈ સ્થળે એમને જડ ગણી હાંકી કાઢવામાં આવે છે, તો વળી કોઈ સ્થળે એને નાસ્તિક કહી તિરસ્કારવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓ કંટાળી જાય છે, અને ધાર્મિક અભ્યાસ-માંથી તેમની શ્રદ્ધા જ ઊડી જાય છે. એટલે પ્રથમ તો આજે પાઠશાળાઓમાં એવા શિક્ષકોની જરૂર છે કે જેમણે ધાર્મિક અભ્યાસ સાથે સંપૂર્ણ વ્યાવહારિક વિજ્ઞાનનું જ્ઞાન પણ લીધેલું હોય, દૃષ્ટિની વિશાળતા હોય. માત્ર સૂત્રોની ગાથાઓ ગોખાવ્યા કરે એવા શિક્ષકો વર્તમાન કાળે આપણી પાઠશાળાઓમાં નહિ ચાલે, અને એ જ રીતે કૉલેજો તેમ જ હાઇસ્કૂલોમાં પણ વ્યાવહારિક સાથે આધ્યાત્મિક શિક્ષણ ધરાવનાર શિક્ષકો અને પ્રોફેસરોની પસંદગી કરવામાં આવશે ત્યારે જ વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી અશિસ્ત નાબૂદ થશે.

ક્રિયા આપણા આત્મા માટે છે, આપણો આત્મા ક્રિયા માટે નથી, એ આપણે હમેશાં યાદ રાખવાનું છે. જો દરેક ક્રિયા વિવેકપૂર્વક કરવામાં આવતી હોય, તો એવી ક્રિયા કરનારને કોઈ પાપકર્મનું બંધન થતું નથી. **દશવૈકાલિક** સૂત્રમાં કહ્યું છે કે જે વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી સૂવે, વિવેકપૂર્વક ભોજન કરે અને વિવેકપૂર્વક બોલે તો તે પાપકર્મ બાંધતો નથી.

દેહ અને આત્મા વચ્ચેના ભેદ પણ આપણે સમજી લેવા જોઈએ. આત્મા ઘીના લોટા જેવો છે, કાયા છાશના લોટા જેવી છે. કોઈ માણસ એક હાથમાં ઘીનો લોટો અને બીજા હાથમાં છાશનો લોટો રાખી માર્ગે ચાલ્યો જતો હોય, અને સામેથી કોઈ દોડતું આવતું હોય તો તેની અડફેટમાંથી બચવા માટે એ માણસ એ રીતે તરી જશે કે જેથી છાશના લોટાના ભોગે પણ ઘીના લોટાને આંચ ન આવે. આ રીતે કાયાના ભોગે આત્માનું રક્ષણ કરી શકાય, પણ આત્માના ભોગે કાયાનું રક્ષણ ન જ થઈ શકે.

આવી રીતે સર્જન અને વિસર્જન વચ્ચેના ભેદ પણ આપણે જાણી લેવા રહ્યા. એક કળાકારને ભવ્ય પ્રતિમા તૈયાર કરતાં વરસોના વરસો લાગે છે, ત્યારે બીજો માણસ કુહાડાના ઘાથી થોડી ક્ષણોમાં જ તે પ્રતિમાનું ખંડન કરી નાખે છે; એ બેમાં વધુ શક્તિ પ્રતિમાને ખંડિત કરનારમાં નહિ પણ સર્જન કરનારમાં છે; કારણ કે સર્જન કરવામાં જ્ઞાનશકિતની જરૂર પડે છે, જ્યારે નાશ કરવામાં તો જડતાની જરૂર પડે છે. આજના યુગમાં ભૌતિક શક્તિનો ઉપયોગ મોટા ભાગે વિસર્જન કરવામાં થાય છે, પણ સર્જન કરવામાં તો આધ્યાત્મિક શક્તિની જ જરૂર પડે.

યુરોપના એક સુપ્રસિદ્ધ કળાકારે એક સુંદર બાળકનું ચિત્ર તૈયાર કર્યું. બાળકનું ચિત્ર એવું તો આકર્ષક અને કળાયુક્ત હતું કે ઘડી બે ઘડી આપણે તેની તરફ જોઈ જ રહીએ. એના મોઢા પરના સરળ અને વિનમ્ર ભાવો, તથા હોઠ પરનું મૃદુ હાસ્ય એવાં તો અલૌકિક હતાં કે જોનારના

મનમાં નિર્મળતા અને નિર્દોષતાનો સંચાર થાય. થોડા વરસો બાદ ચિત્રકારોએ એક દુષ્ટ પુરુષનું ચિત્ર તૈયાર કર્યું અને તે માટે એક ભયંકર ચહેરાવાળા માણસને પણ શોધી કાઢયો. એની ક્રૂર આંખો, વિકરાળ ચહેરો, ફૂલેલું નાક, ઊપસેલાં હોઠ એવાં તો બિહામણાં હતાં કે ચિત્ર જોતાં ઘૃણા અને તિરસ્કારના ભાવ જાગ્રત થાય! પછી એક પ્રદર્શનમાં એ બંને ચિત્રોને તેણે સાથે બાજુ બાજુમાં મૂકયાં. બંને ચિત્રો એકબીજાથી વિરુદ્ધ પ્રકારનાં ચિત્રો હતાં. એક દિવસ એક માનવી તે પ્રદર્શન જોવા આવ્યો, અને ચિત્રો જોતાં જોતાં પેલાં બે ચિત્રોની પાસે આવી પહોંચ્યો. પેલાં બે ચિત્રો જોઈને તે તો પોકે પોકે રડવા જ લાગ્યો. એને રડતો જોઈને તેની આસપાસ માણસોનું ટોળું જામી ગયું અને તેને રોકવાનું કારણ પૂછતાં તેણે પોતાનું મોઢું બંને હાથો વડે ઢાંકીને કહ્યું કે આ બંને ચિત્રો ભિન્ન ભિન્ન વ્યકિતના નથી પણ એક જ વ્યકિતનાં છે, અને તે વ્યક્તિ અન્ય કોઈ નથી પણ હું પોતે જ છું. આ બંને ચિત્રો જોઈ મારા ભૂતકાળના સ્વરૂપની વર્તમાન સ્વરૂપ સાથે સહેજે સરખામણી થઈ ગઈ, અને તે વિચારે હૃદયને આઘાત થયો. હું રડું છું મારા પતનને. આજે આપણે આપણી જાતને જ ભૂલી ગયા છીએ. પણ આજના વિજ્ઞાનયુગમાં સૌથી મોટામાં મોટી જરૂર તો આપણે આપણી જાતને જ ઓળખવાની છે. આધ્યાત્મિક શિક્ષણ માણસને સ્વના દર્શન તરફ દોરે છે, અને તે જ જ્ઞાન સાચું જ્ઞાન છે.

# જીવનસાફલ્યની કૂંચી

પ્રકૃતિ-સૌમ્યત્વ એ એક મહત્ત્વનો સદ્‌ગુણ છે. એમાં એવી સંકલના છે કે, એક વસ્તુ આવે તો બીજી આવે અને બીજી આવે પછી ત્રીજી આવે. એટલે, એક વસ્તુ પહેલાં તૈયાર ન થઈ હોય તો, બીજી વસ્તુમાં પછી મુશ્કેલી પડે છે; અને બીજી તૈયાર ન હોય તો ત્રીજી પણ અઘરી પડે, માટે જ ગુણની સંકલના કરવામાં આવી છે. ક્ષુદ્રતાનો ત્યાગ કરે તો જ માણસ સૌમ્ય બને છે.

જ્ઞાનીઓ આપણને દેખાવ કરવાનું નથી કહેતા. એ તો આચરણમાં ઉતારવાનું જ કહે છે.

ડેલ કાર્નેગીએ જીવનમાં આગળ વધવાની સમજ આપતું પુસ્તક લખ્યું છે. એ પુસ્કનું નામ છે. 'How to win the Friends and Influence the People.' આ પુસ્તકની લાખો નકલો દુનિયામાં ખપી ગઈ છે, ગુજરાતી માં પણ એની લાખો નકલો ઊપડી છે!

મારે તમને સૌને અહીં પૂછવું છે કે, એમાં અને આ મહાપુરુષોની વાતમાં ફેર શો છે?

લેખક એમ કહે છે કે તમે સૌમ્યતા અને સભ્યતાનો દેખાવ રાખો; જ્યારે મહાપુરુષો કહે છે કે, દેખાવ નહિ; તમે એને તમારા જીવનમાં વણી નાખો. દેખાવ તો છેતરવા માટે છે, જ્યારે એવા ગુણને જીવનમાં વણવાની ક્રિયા આપણી જાતને સુધારવા માટે છે. જ્ઞાનીઓ કહે છે કે દેખાવ દુનિયામાં માન અપાવશે, પણ એથી આત્માનું કલ્યાણ નહિ થાય. આત્માનું કલ્યાણ કરવું હોય તો તો અંદરથી સુધરો.

દવાઓ પણ બે પ્રકારની હોય છે. માથું દુ:ખતું હોય ત્યારે આપણે બામ લગાડીએ છીએ, ટીકડી લઈએ છીએ, ને એમ આરામ અનુભવીએ છીએ. બીજી દવા વિચારના મૂળમાંથી ઉદ્ભવી હોય છે: આ માથું દુખ્યું તો ખરું, પણ એ દુખ્યું શેનાથી? આ પ્રશ્નમાંથી એ શોધી કાઢે છે કે કબજિયાત છે, પેટમાં ખોટો ભરાવો થયેલો છે, એટલે માથું દુ:ખે છે. આ પછી એ પેટનો બગાડ કાઢવાની દવા આપે છે. આ આંતરિક દવા છે. બહાર બામ ભલે લગાડો; પણ અંદરનો મળ જશે નહિ અગર કોઈ ચિન્તાથી માથું દુ:ખતું હોય તો ચિન્તા જાય નહિ ત્યાં સુધી આરામ થાય નહિ.

આ રીતે જ્ઞાનીઓ પણ આપણને અંતરની દવા બતાવે છે. એ કહે છે કે બહારની સૌમ્યતા તમે ઘડીભર રાખશો, પણ જો તે અંતરમાં ઊતરી નહિ હોય તો કોઈક દિવસ પણ એનો ભડકો થયા વિના રહેવાનો નથી.

તમારી પ્રકૃતિમાં વણાયા વગરની કોઈ પણ વસ્તુ લાંબો કાળ ટકવાની નથી. એટલે, તમે જે વસ્તુ કરવા માગતા

હો તેને તમારા લોહીની અંદર એકાકાર બનાવી દો. એમ કરશો ત્યારે એ વસ્તુ તમારું જીવન બની જશે. પછી તમે ઊંઘતા હશો કે જાગતા હશો, પણ તમારી પ્રકૃતિ તમને નહિ છોડે.

'प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ?

કોઈની ઉપર તમે ગમે તેવું દબાણ લાવશો, ગમે તેટલી ચોકી રાખશો, ગમે તેટલી ચાંપતી નજર રાખશો, પણ માનવની પ્રકૃતિમાં જે વણાઈ ગયું તેની સામે બહારનું નિયંત્રણ કશાય કામમાં નહિ આવે.

માણસ આજે એટલો બધો હોશિયાર બની ગયો છે કે, બહારનાં ગમે તેટલાં નિયંત્રણો હશે તોપણ એ ધારેલું કર્યા વિના નહિ રહે–ભલેને પછી આસપાસ અનેક ચોકીદારો મુકાઈ ગયા હોય.

એટલા માટે જ મહાપુરુષો કહે છે કે બહારનું નિયંત્રણ કદાચિત થોડી વાર સુધી રહેશે ખરું, પણ જો એની પ્રકૃતિમાં પલટો નહિ આવે તો એ વાળેલી કમાનની જેમ રહેશે. જ્યારે કમાન છૂટશે ત્યારે ડબલ જોરથી ઊછળશે, અથવા તળાવમાં તરતા તૂંબડા જેવી દશા થશે. ઉપર હાથ દબાવેલો રાખશો ત્યાં લગી અંદર રહેશે ને હાથ ઉઠાવી લેશો કે તરત જ જોશભેર ઉપર આવી જશે.

લોકો પણ બહારથી નિયંત્રણ મૂકવામાં માનતા હોય છે. લોકો સમજણને નહિ, જોરને મહત્ત્વ આપતા થયા છે.

જોરજુલમ ને દબાણને લીધે જે વસ્તુ દબાઈને બેઠેલી

હોય છે તે છૂટવાની વાટ જોઈને બેઠેલી હોય છે. અને તેથી જ છૂટે છે ત્યારે બમણા જોરથી ઉછાળો મારે છે.

દડાને જો કોઈ ઠેકાણે મૂકવો હોય તો ધીરેથી મૂકવો પડશે, જોરથી ફેંકશો તો તો બમણો ઊછળશે, અને જેમાં મૂકવો હશે તેનાથી વિરુદ્ધ દિશામાં ચાલ્યો જશે. દડો જો આપણે ઊભા હોઈએ તેની સામેની દીવાલે ફેંકીએ તો તે દીવાલે અથડાઈને પાછો આપણા હાથમાં આવે છે, એ તો સૌ જાણીએ છીએ જ.

ક્રિયા અને પ્રતિક્રિયા ( Actions and Reactions ) એ સાયન્સનો અને માનસશાસ્ત્રનો એક નિયમ છે. એટલે જ્ઞાનીઓ કહે છે કે જ્યારે તમારી પાસે વિચાર આવે ત્યારે એ ક્યાંથી આવ્યો એ પહેલાં સમજો, એની સાથે વિચારણા કરો અને પછી જ આચરણમાં મૂકો.

જે માણસ સમજીને ક્રોધને છોડે છે તે માણસ હજારો રૂપિયાનું નુકસાન થશે છતાં ક્રોધ નહિ કરે, કારણ કે સૌમ્યતા એ એની પ્રકૃતિનું અંગ બની ગયું છે.

નમ્રતાને જે સમજે છે તે વ્યક્તિ ગમે તેટલાં પ્રલોભનો મળશે છતાં પણ અહંકારમાં નહિ લપટાય, કારણ કે નમ્રતા એ એની પ્રકૃતિનું એક અંગ બની ગયું હોય છે.

તે જ રીતે, જે લોકો સંતોષમાં સમજે છે તે લોકોની પાસે ધનનો મોટો ઢગલો કરી નાખશો તોપણ એ તેની સામે નજર સુધ્ધાં નહિ નાખે. એ તો કહેશે, મારે એને શું કરવું છે?

આર્યાવર્તમાં જે ગ્રંથોની રચના થઈ છે તે સંતોષી

સંતોએ કરી છે અને તેથી તેમના જીવનની સુવાસ પણ એમાં રહેલી છે.

વિલાસી માણસો અને દુનિયાની ભૌતિક સંપત્તિ પાછળ ઘેલા થયેલા માણસોએ લખેલું લખાણ કદાચિત તમને ઉશ્કેરાટ આપનારું નીવડશે, પરંતુ એ તમારા દિલને શાન્ત કરી શકશે નહિ.

આજે નવલકથાઓ લખાય છે, પણ લેખકો તો એની વધારેમાં વધારે આવૃત્તિઓ બહાર પાડીને વધુમાં વધુ પૈસા કેમ લૂંટવા એના રસ્તા શોધતા હોય છે, એટલે એમના એ લખાણની પાછળ પણ તૃષ્ણાની આગ પડી હોય છે. અને તેથી જ તેમનું સાહિત્ય વાંચનારી પ્રજા અસંતોષના ભડકામાં બળી રહી હોય છે, કારણ કે લખનારાઓના દિલનો આતશ એમનાં લખાણોમાં પડ્યો હોય છે.

જેમનાં ચિત્ત હર્યાંભર્યાં છે, જેમનાં મન પ્રશાંત છે, જેઓ સંતોષની અંદર મગ્ન છે, એમના મુખની વાણી શાંતિ–સમાધાન આપનારી હોય છે. આવું સમાધાન અને શાંતિ પેલા અસંતોષની આગમાં બળનારો માનવી ક્યાંથી આપી શકે ?

એટલા માટે જ પેલા ઋષિ–મુનિઓ અને ત્યાગીઓ ભલે દેહમાં રહેતા હતા છતાં તેમણે સમજણ દ્વારા મનને કેળવ્યું હતું.

સાધુ હોય કે સંસારી હોય, એણે દેહના ધર્મો, દેહની માંગ તો પોષવી જ પડશે, પરંતુ એ માટેનો યોગ્ય વિચાર

કરીને તેના ઉપર મર્યાદા મૂકવી એનું નામ 'વિવેક', અને મર્યાદા ન મૂકવી એનું નામ 'અવિવેક.'

જે મળે તેમાં સંતોષ માનનારો માણુસ ખરેખર વિવેકવાન છે.

શ્રીમંતોનું એ કામ છે કે જે લોકો વિરક્ત હોય તેમની ખબર રાખવી. વિરક્ત જો માગવા જાય તો એ ભિખારી બની જાય. આજે આપણી દશા જોશો તો જણાશે કે સાધુઓને માગવું પડે છે, ને એથી એ ભિખારી થતા જાય છે.

તમારે આટલા રૂપિયા ભરવા પડશે એમ સાધુઓ તમને કહે તો એ સાધુતાનું લિલામ છે એમ સમજવું.

સાધુને ફંડફાળાની શી જરૂર છે. ઇચ્છા એવી હો કે કોઈ ઇચ્છા જ ન જન્મે. આવી દશા અંતરમાંથી ઉદ્ભવવી જોઈએ. એ દશા આવે ત્યારે એની મસ્તીનો આનંદ કંઈ જુદો જ હોય!

પહેલા ત્યાગીઓનું કામ એ હતું કે તે સંસાર તરફ ઉપેક્ષા સેવતા અને સંસારના રાગીઓ તેમની ખબર રાખતા. આ રીતે બંનેનો સમન્વયાત્મક ધર્મ જળવાતો.

આજે આ બન્ને પોતપોતાના જીવનનો પંથ ચૂકી ગયા છે. પરિણામ એ આવી ગયું છે કે, સાધુઓ ઘેર–ઘેર માગતા ફરે છે અને તેને લીધે સાધુતાનું દર્શન જે પહેલાં માનવીને માટે ગૌરવની ગાથા સમું હતું તે ભયરૂપ બન્યું છે.

આજે સંસારી જન એમ માનતો થયો છે કે સાધુને તો થોડા પૈસાથી ખરીદી શકાશે.

એટલે મોટા મોટા પૈસાદારો માને છે કે આખરે મહારાજ જવાના ક્યાં છે! છેવટે આપણા બારણે આંટો મારવા આવવાના જ! પાંચ-દશ હજાર રૂપિયા જોઈતા હશે તો ટીપ લઈને આપણી જ પાસે આવશે ને! બીજે ક્યાં જશે? પરિણામે, એમના મનની અંદર એક એવી રાઈ આવી ગઈ છે કે અમારી પાસે પૈસા છે, અને પૈસા હશે તો અમે સાધુઓને પણ ખરીદી શકીશું.

જ્યારે એક જમાનામાં એક હવા એવી હતી કે સાધુઓ એમ સમજતા કે સાધુતાને ખરીદવા માટે તો સાધુતા જ જોઈએ. સાધુતા એ કંઈ દુનિયાની વસ્તુઓથી ખરીદી શકાય એવી સસ્તી વસ્તુ નથી.

તમે જે કાર્ય કરવા બેસો તેમાં જ્યાં સુધી તમારું આત્મવિલોપન નહિ થાય ત્યાં સુધી તમને એ કાર્ય આનંદ નહિ આપે, ભલે પછી એ દુનિયાનો વ્યવહાર હોય, ભગવાનની ભક્તિ હોય કે કોઈ બાળકને દૂધ પાવાનું હોય. તમે જે કામ કરવા બેઠા હો તેમાં આત્મ-વિલોપન કરશો તો જ તે વસ્તુ તમને આનંદદાયક બનશે. બાળકને આયા પણ દૂધ પાતી હોય છે અને મા પણ દૂધ પાતી હોય છે, છતાં બન્નેની દૂધ પાવાની ક્રિયામાં કેટલો બધો ફેર પડે છે? રસોઈયો રોટલી બનાવી આપે અને ઘરની સ્ત્રી રોટલી બનાવી આપે એ બેમાં અંતર ખરું કે નહિ? સ્ત્રીના હાથથી બનાવેલી રસોઈ પીરસવામાં આવે છે ત્યારે એની પાછળ ભાવના હોય છે, અર્પણ હોય છે, પ્રેમ હોય છે અને સેવાનો સંબંધ હોય છે.

ભાડૂતી માણસ તો રોટલીઓ બનાવી બનાવીને ફેંકે જ જાય છે. તેની પાછળ કેવળ પૈસાનો સંબંધ હોય છે, લાગણીનો કોઈ પ્રવાહ હોતો નથી.

મા બાળકને દૂધ પાતી હોય ત્યારે દૂધ સાથે હેત પણ પાતી હોય છે. આયાનું દૂધ પીનાર બાળકનું શરીર કદાચ પુષ્ટ થશે, પરંતુ આત્મા પુષ્ટ નહિ બને.

આજે મોટાં ઘરનાં છોકરાંઓ આયાઓના હાથમાં ઊછરે છે. એ બિચારાંઓને માતૃસ્નેહ મળતો નથી. પરિણામે માતૃસ્નેહ, માતૃસંસ્કાર અને માતૃહાર્દ મેળવ્યા વિનાનાં બાળકો વિકૃત (Abnormal) બને છે. તેમની આ વિકૃતિ મા–બાપને ઘડપણમાં સહેવી પડે છે, કારણ કે એ છોકરાં માબાપના દુશ્મન બને છે.

સંસ્કારનું સિંચન પામ્યા વિના Abnormal બનેલું બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ વધારે વિકૃત બનતું જાય છે. અને તેને લીધે આસપાસનું વાતાવરણ પણ ઝેરી બને છે. એ ઝેર ચારે બાજુ વિસ્તાર પામે છે.

એટલા માટે જ કહ્યું છે કે ભાવના એ કોઈ જુદી વસ્તુ છે. ભાવનાપૂર્વક તમારા કામમાં આત્મવિસર્જન અને આત્મનિમગ્નતા ઊભી કરશો તો એ કામ દીપી ઊઠશે.

માણસ જ્યારથી માત્ર દુનિયાની જ વસ્તુઓ ભેગી કરવા માંડે છે ત્યારથી અંતરની દુનિયા ખોવા માંડે છે. અંતરની દુનિયાને સજાવવી હશે તો બહારની વસ્તુઓને ઓછી કર્યા વિના આરો આવવાનો નથી.

આપણે બહારની વસ્તુઓનો સંગ્રહ એટલો બધો વધાર્યો છે કે, આપણા અંતરનું દીવાનખાનું આજે સાવ ખાલી થઈ ગયું છે.

આજે માનવીનું ધ્યાન બહારની વસ્તુઓના સંગ્રહ ઉપર કેન્દ્રિત થયું છે, અને અંતરની દુનિયાનું સાવ દેવાળું નીકળ્યું છે. માનવીના જીવનમાં કોઈ આદર્શ નથી, કોઈ ભાવનામય સ્વપ્ન નથી, અને ત્યારે માનવી બહારની દુનિયા ભેગી કર્યા વિના કરે પણ શું?

એટલા માટે જ માણસના જીવનમાં ધ્યેયાત્મક કોઈક સ્વપ્ન; ધ્યેયાત્મક એક વિચાર તો હોવો જ જોઈએ, જેના આધારે માનવી જીવનમાં ધીમે ધીમે આગળ વધી શકે.

આપણા જીવનમાં આપણને થાક તો ત્યારે જ લાગે છે કે જ્યારે આપણા મનમાં કોઈક કામ પાછળનો આદર્શ નથી હોતો. જેના જીવનમાં કોઈ ધ્યેય નથી હોતું તેનું જીવન વૈતરા જેવું બની જાય છે.

અહીં કોઈક ફૂટપાથનો ભિખારી છે, તો કોઈક વળી મહેલનો ભિખારી છે. આખરે મન તો બંનેનાં સરખાં છે. કોઈકને એક રૂપિયો જોઈએ છે, કોઈકને સો જોઈએ છે, કોઈકને હજાર જોઈએ છે, કોઈકને લાખ કે કરોડ જોઈએ છે. ભિખારીઓની કક્ષામાં કંઈ ફેર નથી. મન તો એ જ છે. હા, દેખાવમાં થોડોક ફેર છે ખરો. જ્યાં સુધી મનની ભૂખ મરી નથી, જે છે તેમાં સંતોષ પ્રગટ્યો નથી; ત્યાં સુધી દિલ ભિક્ષુક જ છે. અને આ ભિખારીવૃત્તિ આપણને ધીમે ધીમે હીન બનાવી દેશે.

જેમ એક સુંદર પુષ્પ પર ભમરો આવીને તેમાંથી રસ ચૂસી લે છે, છતાં પુષ્પને દુઃખ થતું નથી કે એને ચીમળાવી નાંખતો નથી; અને છતાં પોતાના આત્માને સંતૃપ્ત કરે છે એ જ રીતે આ દુનિયાની અંદર સાધુ કોઈને ત્યાં લેવા માટે જાય ત્યારે પેલાનું રસોડું ખાલી કરીને ચાલ્યો નથી આવતો, પરંતુ એને ત્યાં બનાવેલી વસ્તુઓમાંથી થોડુંક થોડુંક લે છે, જેથી આપનારને ત્યાં ઓછું થાય નહિ અને પોતાનું કામ ચાલી રહે. આમ બે–ચાર ઘરેથી મેળવીને પોતાના આત્માને પરિતૃપ્ત કરે છે.

અને આમ ફરવા જતાંય ન મળે તો સાધુને વળી ઓર આનંદ થાય. મળી જાય તો સંયમ પળાય છે અને ન મળે તો તપોવૃદ્ધિ થાય છે. મળી જાય તોપણ મજા છે, ન મળે તોપણ મજા છે. ઇધર ભી વાહ વાહ, ઉધર ભી વાહ વાહ.

આવા ત્યાગનો રંગ બહુ ઊંડો હોય છે. આપણા આત્માને આવો જ રંગ લગાડવાનો છે.

આપણને અત્યારે જે રંગ લાગ્યો છે તે હજી કાચો છે. આપણને ચોળ મજીઠનો રંગ નથી લાગ્યો. એક વાર રંગાઈ તો જઈએ છીએ, પણ ફરીથી પ્રસંગના પાણીમાં ઝબકોળાતાં રંગ ગુમાવીએ છીએ.

દરેકમાં સંતોષ, દરેકમાં શાંતિ, દરેકમાં સામાધાન આ રંગો જ જીવનને સારી રીતે ઝળકાવનારા રંગો છે. જીવનમાં સફળતા મેળવવાની અમૂલ્ય ચાવી ‘ સ્વભાવની કેળવણી ’ છે.

આપણે ઘણા લોકોને કહીએ છીએ કે, હું તો બહુ સંતોષી છું. પણ મનની અંદર કંઈ મેળવવાની આગ સતત બળતી જ હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ—આ ચાર જીવનની આસપાસ ફરનારાં બંધનો છે. એ ચારેચાર બંધનો હોવા છતાં આપણે ઘણી વાર બહારથી સૌમ્ય દેખાઈએ છીએ. પણ ભગવાને તો કહ્યું છે કે, 'તારે ક્રોધને ઉપશાંતિથી હણી નાખવો જોઈએ, અને પ્રકૃતિને સૌમ્યતામય બનાવી દેવી જોઈએ. નમ્રતા વડે તારા અહમ્‌ને તારે હણી નાખવો જોઈએ, અને પ્રકૃતિને નમ્રતામય બનાવવી જોઈએ. તારે સંતોષ વડે લોભને હણી નાખવો જોઈએ જેથી તારી પ્રકૃતિ પરમ સંતોષમય બની જાય. વળી સરળતા વડે કરીને તારે માયાને હણવી જોઈએ, આથી તારું જીવન સરળતામય અને સુખ દાયક બની જશે.'

# આપણને ઓળખીએ

ચિન્તકો કહે છેઃ સંસારના બધા જીવો પ્રવાસી છે, અનંતના યાત્રી છે.

માનવદેહ એ અનંતની યાત્રાનું એક વિશ્રામધામ છે.

યાત્રિક વિશ્રામધામમાં સૌ સાથે પ્રેમથી રહે છે, પરંતુ પોતે ક્યાંથી આવ્યો છે, ક્યાં જવાનો છે, ક્યારે જવાનો છે એ ભૂલતો નથી.

એવું જો એ ભૂલી જાય તો, એ પરેશાન પરેશાન થઈ જાય. ધારેલા ધ્યેય પર પહોંચી જ ન શકે.

ગમારમાં ગમાર મુસાફર પણ, યાત્રાના આ મુદ્દા કદીય ભૂલતો નથી.

પરંતુ દુનિયારૂપી વિશ્રામસ્થાનમાં આવેલો આ અનંત-નો યાત્રી કોણ જાણે કેમ, આ બધું ભૂલી જાય છે, ને પોતાને પ્રવાસી માનવાને બદલે નિવાસી માનવા લાગી જાય છે ને પોતાની યાત્રાનું લક્ષ્ય ચૂકી જાય છે.

પરંતુ એને ખબર નથી કે, દુનિયારૂપી આ વિશ્રામ-સ્થાન છોડવાનો વારો આવશે ત્યારે એને ચીટકી રહેવું હશે

તોય ચીટકી નહિ શકાય ને એને વિશ્રામસ્થાન છોડવું જ પડશે....ને ત્યારે એની દશા ભટકતા મુસાફર જેવી થઈ જશે.

કોણ જાણે કેમ, આપણે બધા જ્ઞાનની મીઠી-મીઠી વાતો કરીએ છીએ, પરંતુ આચરણમાં તો, આવતી કાલનો વિચાર કર્યા વિના જ ભૌતિક જીવન જીવીએ છીએ.

જ્ઞાનની વાતો કરનારનું, પ્રભુનું નામ લેનારનું, પોતાની જાતને ધર્મિષ્ટ તરીકે ઓળખાવનારનું એ કર્તવ્ય બની રહે છે કે પોતે ક્યાંથી આવ્યો છે, ક્યાં જવાનો છે ને જ્યાં જવાનો છે ત્યાં જવા માટેનો ઉત્તમ માર્ગ કયો છે તેનો સતત વિચાર કરે ને જાગૃતિ સેવે.

ધર્મી અને અધર્મીમાં આટલું જ અંતર છે. ધર્મી પૂર્વજન્મ અને પુનર્જન્મને માને છે, જ્યારે અધર્મી એક જ જન્મમાં માને છે.

ધર્મી પ્રારંભમાં અનન્ત જુએ છે. અધર્મી અનંતમાં અંત માને છે.

ધર્મી માને છે, આત્મા પરમાત્મસ્વરૂપ છે.

આત્મા જો પરમાત્મસ્વરૂપ હોય તો, આત્મામાં પરમાત્માનાં બધાં તત્ત્વ હોવાં જ જોઈએ.

સાગરનાં બધાં જ તત્ત્વો જો બિંદુમાં હોય તો, પરમાત્માનાં બધાં તત્ત્વ આત્મામાં શા માટે ન હોય?

એટલે, આપણે આપણા આત્માની પ્રભુતાને પિછાણવી જોઈએ.

આપણી 'ક્વૉલિટી'ને જો આપણે નહિ ઓળખીએ, તો આપણે આપણને કદાચ સસ્તામાં જ વેચી મારીશું.

આપણે તો બ્રહ્મમય, આનંદમય, સચ્ચિદાનંદમય છીએ. ધર્મ, જાતિ કે સંપ્રદાયના વાડાભેદ આત્મા માટે નકામા છે.

અત્યારનું આપણું નામ પણ ભાડૂતી છે. આત્માને ન તો નામ છે, ન તો કુળ છે, ન તો જાતિ છે. આપણું આ તત્ત્વ અને સત્ય ભૂલી ગયા છીએ, કારણ આપણે મોહ અને પ્રમાદની મદિરાનું પાન કરનારા છીએ.

મદિરાપાન કરનારો માનવી પોતાને ભૂલી જાય છે તેમ, જાતિ, કુળ, ધર્મ વગેરેની મોહ-મદિરા પીનારા આપણે આપણી 'ક્વૉલિટી'ને ભૂલી ગયા છીએ.

पीत्वा मोहमहाप्रमादमदिरां उन्मत्तभूतं जगत् ।

બીજી મદિરાનો કેફ ચાર–છ કલાકે ઊતરી જાય છે, જ્યારે, મોહ અને પ્રમાદની મદિરાનો કેફ તો જન્માંતર સુધી પણ નથી ઊતરતો.

આજે આપણે જ આપણને ભૂલી ગયા છીએ.

પ્રભુના મંદિરમાં જઈએ તોય મોહ-મદિરા પીને જઈએ. પ્રભુએ આપેલું ધન પ્રભુના કામમાં વાપરીએ તોય દાન આપ્યાનો ગર્વ કરીએ.

મંદિરમાં તો આપણી જાતને ધોવા જવાનું હોય એના બદલે ત્યાં મોહ અને ગર્વની મદિરા પીને આપણે આપણને વધુ બગાડીએ છીએ.

ધર્મ એ કંઈ નામના કે પ્રતિષ્ઠા પેદા કરવા માટેનું ખુલ્લું બજાર નથી એટલું યાદ રાખવું ઘટે.

આપણે જીવનમાં સાચો ધર્મ આચરી શકતા નથી કારણ, આપણે બધા પ્રમાદ-મદિરા પીને ફરીએ છીએ.

નાશાબાજને ખાટી છાશ પાઈને નશો ઊતારી શકાય છે. તે રીતે, આપણી મોહ-મદિરાનો નશો ઉતારવા માટે સંતો સદુપદેશરૂપી છાશ પીવડાવે છે.

પરંતુ આપણને તો સદુપદેશની છાશ પણ કોઠે પડી ગઈ છે. રોજ એ પીઈએ છીએ તોય, મોહ-મદિરામાં મસ્ત બનીને ફરીએ છીએ.

પૅનિસિલીનનાં ઈન્જકશન ઘણા રોગ મટાડે છે, પણ જેના લોહીમાં વિક્રિયા પેસી ગઈ હોય તેને માટે પૅનિસિલીન રોગ મટાડનાર બનવાને બદલે નવા રોગ પેદા કરનારું બને છે.

એ રીતે ઉપદેશ પણ પૅનિસિલીન છે. અનેકના ભવરોગ એમાંથી મટી જાય છે. પરંતુ કેટલાકના સ્વભાવમાં એવી વિક્રિયા પેસી ગઈ હોય છે કે ઉપદેશની અસર નવી વિક્રિયા પેદા કરે છે.

એક ઉપદેશક રોજ કથા કરે, સંતો પાસે બેસે ને ભાવભીની વાત કરે.

આ બધી દોડધામમાં પોતાની ગાંધી કરિયાણાની દુકાન બે–ત્રણ કલાક જ ખોલે, પણ લોકોમાં સારા માણસ તરીકેની આબરૂ જમાવેલી એકલે ઘરાકી સારી જામે.

એક માણસ એમની દુકાને ગોળ લેવા ગયો. ઉપદેશકે તો જૂનો ને કાળો જ ગોળ પધરાવ્યો.

પેલો માણસ ગોળ ઘેર તો લઈ ગયો, પરંતુ ઘેર પત્નીએ ઠપકો આપ્યો એટલે બીજે દિવસે પાછો લાવ્યો ને કહ્યું, "આ ગોળ સારો નથી, બીજો સારો આપો."

ઉપદેશક તો રાતાપીળા થઈ ગયા: "અરે તું તો ગધ્ધા જેવો છે, રોજ મારી કથામાં આવે છે, ને અનાસક્તિની વાત સાંભળે છે, તોય ગોળમાં તને આસક્તિ લાગી રહી છે? આટ-આટલો ઉપદેશ સાંભળવા છતાં તારું મન ગોળ જેવા જડ પદાર્થમાં જ ચોંટી રહ્યું છે? ને, એને ધમકાવીને કાઢી મૂક્યો.

પેલો માણસ નરમ સ્વભાવનો હતો. એને થયું, એમનું કહેવું સાચું છે. મારે એવી આસકિત રાખવી ન જોઈએ.

એ તો એનો એ ગોળ લઈને પત્ની પાસે આવ્યો ને બધી વાત કરી.

પત્નીને ખૂબ આશ્ચર્ય થયું! પૂછ્યું: "એમણે ધોળા ગોળના પૈસા લીધા હતા કે કાળા ગોળના? એ આપણને ગોળમાંથી આસક્તિ કાઢી નાખવાનું કહે છે. તો પછી, એ પૈસામાં શા માટે આસક્તિ રાખે છે?"

કહો, કથાકારનો આત્મા ઊંચો કે પેલા ગ્રાહક પતિ–પત્નીનો? માત્ર કથાકાર બનવાથી જ મહાન બની ગયાનો ગર્વ ન કરશો. કથાકારે તો જીવનની પળેપળ સામે સાવધાન રહેવાનું છે.

આજે કેટલાક વક્તાઓ છાતી કાઢીને ફરે છે ને એમ

માનીને ગર્વ લે છે કે એમના લીધે જ દેશનું સુકાન ચાલે છે.

સાચી વાત તો એ છે કે દેશનું સુકાન ધર્મભાવનાને લીધે ચાલે છે.

માનવી જો ધર્મભાવના વિનાનો હશે તો wild–જંગલી બની જશે, ને ગાંધી કે કૅનેડી જેવા મહાન પુરુષોને પણ ગોળી મારશે.

ધર્મ જ માનવીને માનવતામાં રાખે છે.

ધર્મ વડે માનવી ઉન્નત બને છે.

આપણે ખરેખરા માનવ છીએ ખરા?

છાતી પર હાથ મૂકીને જો સાચું બોલીશું તો, આપણે કબૂલવું પડશે કે આપણે માનવદેહ લઈને ફરીએ છીએ પરંતુ આપણામાં હજીય પશુતા પડેલી છે. શિયાળની લુચ્ચાઈ, ઉંદરનો લોભ ને કાગડાની કુદૃષ્ટિ માણસના લોહીમાં બેઠાં છે.

મનુષ્યનો આકાર તો લઈને બેઠા છીએ, પરંતુ મનુષ્ય-ત્વ ક્યાં છે?

માટે જ કહું છું કે મનુષ્યમાં મનુષ્યત્વ પ્રગટાવવું ને ટકાવવું હોય તો, તેમનામાં ધર્મભાવના પ્રગટાવો.

ધર્મના પ્રકાશ વડે જ નિર્માલ્ય હશે તે નરવીર બનશે, પૈસા કે સત્તા વડે નહિ.

પ્રધાનો જ્યારે ઘેર બેસે છે, ને ઇલેક્શનમાં સ્થાન નથી મળતું, ત્યારે જોશીઓ પાસે જઈને પોતાનું પ્રધાન-પદ ક્યારે પાછું મળશે એ પૂછે છે.

કેટલી નિર્માલ્યતા ?

ધર્મ નિર્માલ્યને નરવીર બનાવે છે.

ધર્મ વિના નરવીર નિર્માલ્ય બને છે. માટે જ, આપણે ધર્મમય જીવન જીવવું છે.

આપણે ધર્મ કેવળ સાંભળવાનો નથી પણ સાંભળીને જીવનમાં ઉતારવો છે.

વ્યાપારમાં કે વ્યવહારમાં ધર્મના તત્ત્વને નિરંતર ઘૂંટયા જ કરીશું, તો જીવનમાં કોઈ અવનવું જ પરિવર્તન આવશે.

ભમરી કીડાને ઉઠાવી જાય છે ત્યારે તે પેટે ચાલનાર હોય છે–ગતિનું કે સ્ફૂર્તિનું ઠેકાણું પણ હોતું નથી. તદ્દન નિર્માલ્ય દશામાં હોય છે.

પરંતુ ભમરી એને ઉઠાવી જાય છે ને એક સ્થળે બંધ કરી દે છે, એની આસપાસ સતત ગુંજન કરે છે, ને કીડાના જીવનને ગુંજનમય બનાવી દે છે.

સતત ગુંજનમય બની ગયેલો કીડો આખરે કીડો મટી ભમરી બની જાય છે.

પેટે ચાલનારું નિર્માલ્ય પ્રાણી પાંખે ઊડનારું ચેતન પ્રાણી બની જાય છે.

બસ આવી જ વાત માણસની છે.

કીડા જેવી નિર્માલ્ય જીવને ભમરી જેવા સંતનો સથવારો મળી જાય, ને એના વડે એ નિર્માલ્ય જીવ જો સતત આત્મગુંજનમય બની જાય, તો પેટે ચાલવાને બદલે પાંખેથી ઊડે, નિર્માલ્ય મટીને નરવીર બને.

રોગ, બિમારી, નિર્માલ્યપણું આ બધાં સારા વિચારોને અનુરૂપ થવાય તો ચાલ્યાં જ જાય.

ભીતરમાં રહેલા ઉદાત્ત તત્ત્વને બહાર ખેંચી લાવીને આપણે સૌએ શક્તિમય બનવાનું છે.

દાક્તરો પણ હવે મનની માવજત વડે રોગો મટાડવાનું વિચારતા થયા છે.

આજે શરીરના રોગોમાં પણ મનના રોગોનું કારણ દેખાવા માંડયું છે.

આ મનના રોગોને દૂર કરવાનું કામ ધર્મ કરે છે.

મનુષ્ય બનવું છે?

તો, ધર્મમય જીવન જીવો. ધર્મનો પ્રકાશ આવતાં લોભ ઔદાર્યમાં પલટાશે, વૈર પ્રેમમય બની જશે, ને દોષદષ્ટિ વિલીન થઈ ગુણદૃષ્ટિ પેદા થશે.

પાંડવોની રાજસભા મળેલી. એમાં શ્રીકૃષ્ણે ધર્મરાજને પાસે બોલાવીને કહ્યું, "આ સભામાં દોષી કોણ છે એ શોધી કાઢો."

ધર્મરાજે આખી સભા તરફ દૃષ્ટિ કરી દરેકના ગુણ–અવગુણ જોવા માંડયા, તો દરેકમાં કંઈક ને કંઈક ભલાઈ જ દીઠી; સંપૂર્ણ દોષી કોઈ ન દેખાયો.

પછી, એમણે શ્રીકૃષ્ણને કહ્યું, "આમાં તો બધાય સારા જ દેખાય છે. કોઈ ખરાબ નથી."

આ પછી શ્રીકૃષ્ણે દુર્યોધનને બોલાવીને કહ્યું, "આ સભામાં સારો માણસ કોણ છે તે શોધી આપો."

ને, દુર્યોધને સારો માણસ શોધવા નજર ફેરવવા માંડી પણ એને કોઈ સારો ન દેખાયો. દરેકમાં એણે કંઈ ને કંઈ અવગુણ જ જોયા.

જે દિવસે આપણામાંથી દોષદષ્ટિ નાબૂદ થશે, તે દિવસે જ આપણે મનુષ્ય થઈ શકીશું.

દુર્યોધન દોષદષ્ટિવાળો હતો તેથી તેણે બધામાં દોષ જ જોયા.

ધર્મરાજ ગુણદષ્ટિવાળા હતા તેથી તેમણે બધામાં સદ્‌ગુણો જ નિહાળ્યા.

તેથી જ કહેવત પડી : यादृशी दृष्टिः तादृशी सृष्टिः

દષ્ટિ બગડેલી હોય, પછી સૃષ્ટિ નિર્મળ ક્યાંથી થાય ?
દષ્ટિ બગડી છે તેથી જ ઔદાર્ય વિરમી ગયું છે.
દૃષ્ટિ બગડી છે, તેથી જ સદ્‌ગુણો ઝાંખા પડ્યા.
ધર્મ આપણી દૃષ્ટિ સુધારવાનું કહે છે.

ધર્મનો ઉપયોગ દુનિયાને સુધારવા માટે પછી કરજો, જાતને સુધારવા માટે પહેલો કરો.

બીજાનાં ઘરોની સજાવટ કરનારો આર્કિટેક્ટ કે ડેકોરેટર જો પોતાનું ઘર સજાવી ન શકે તો શા કામનો ?

આપણો ધર્મ દુનિયાના શણગારનું સાધન બનવાને બદલે, આપણી હૃદય-સજાવટનું સાધન બને એટલું આપણે ઇચ્છીએ.

એ માટે, વિચારપૂર્વકનું હૃદય-ડોકિયું કરવું પડશે, ને મંથન કરીને આત્માને ઓળખવો પડશે.

હતું, છે, અને રહેશે, એનું નામ સત્.

આત્મા સત્ છે. એ હતો પણ ખરો, છે પણ ખરો, ને રહેવાનો છે પણ ખરો.

સંસાર આખો મરી જાય તોય આત્મા તો નથી જ મરવાનો.

એક વિજ્ઞાનીએ મને કહ્યું, "પૃથ્વીને દશ લાખ વર્ષ થયાં હશે."

ત્યારે મેં એને કહ્યું, "પૃથ્વીને ભલે દશ લાખ વર્ષ થયાં હોય, આજે અમે તો એથીય આગળના છીએ, કારણ પૃથ્વી જડ છે, અમે તો ચૈતન્ય છીએ. ચૈતન્યને કોઈ બનાવી શકતું પણ નથી, મટાડી શકતું પણ નથી."

આ વિચાર મરણની ભીતી દૂર કરે છે, ને મનમાં શ્રદ્ધા પેદા કરે છે કે, આપણે કદી મરવાના નથી, પંચમહાભૂત મરી જશે, આપણે તો કાયમ રહેવાના છીએ.

હું હતો, છું, અને રહેવાનો છું એવી દૃઢ શ્રદ્ધાભરી સમજણ મૃત્યુનો ભય દૂર કરે છે.

ભય બહુ ખરાબ ચીજ છે.

એક ડૉકટર મિત્રે કહેલો એક પ્રસંગ અત્યારે યાદ આવે છે.

એમણે કહ્યું, "હું એક દિવસ મારા દવાખાનામાં દર્દીઓને તપાસી રહ્યો હતો, ત્યાં એક કરોડપતિનો ફોન આવ્યો : 'જલદી આવો."

મને થયું, ચાલે તેમ હોય તો બધા દરદીને પતાવીને જઉં. એટલે મેં પૂછયું, "બે એક કલાક પછી આવું તો?"

જવાબ મળ્યો, "ના, અત્યારે જ આવો. મારી મૉટર લેવા માટે મોકલું છું."

મને થયું, બહુ ગંભીરતા હશે. અગત્યના કેસ મેં પતાવી દીધા, બાકીના માટે કંપાઉન્ડરને સૂચના આપી દીધી, ને ગાડી આવી એટલે, હું શેઠને ત્યાં ગયો.

મને ચેમ્બરમાં બોલાવાયો.

શેઠ ગંભીર ગમગીનીમાં બેઠા હતા, મને કહ્યું, "ગઈ કાલે બેન્કમાંથી કહેવામાં આવ્યું કે મારા હાથની લખેલી સહી તે પારખી શકતા નથી. મારા હાથ ઉપર મને લકવાની અસર લાગે છે. આમ તો છેલ્લાં બે–ત્રણ વર્ષથી મારો હાથ કંપ્યા કરતો હતો, પરંતુ હવે મને ગંભીરતા દેખાઈ રહી છે. જુઓ ને, મને લકવા થાય એમ તમને લાગે છે? જો થાય એમ હોય તો હું મારી તૈયારી કરી લઉં."

મેં એમને તપાસ્યા. વાતમાં કશો માલ ન દેખાયો. મેં કહ્યું, "આપના સ્નાયુઓમાં નરમાઈ છે, પરંતુ પંદર વર્ષ સુધી તો કશો વાંધો આવે એમ નથી."

"સાચેસાચ ડૉકટર, કંઈ વાંધો આવે એમ નથી?"

"હા, સંપૂર્ણ ખાતરીથી કહેવા તૈયાર છું. તમને લકવા થાય તો મારી પ્રૅક્ટિસ છોડી દઉં."

"ને, ઢીલાઢફ થઈ ગયેલા શેઠ સફાળા ઊભા થઈ ગયા. અરે ડૉકટર, તમે તો મારો જાન બચાવી લીધો.

બૅન્કમાંથી સમાચાર આવ્યા પછી મને એટલી બીક લાગી હતી કે લકવાના ત્રાસથી બચવા માટે મેં રિવૅાલ્વર તૈયાર રાખી હતી. આપે જો લકવો થશે જ એવો અભિપ્રાય આપ્યો હોત તો આ રિવૅાલ્વર વડે મારો જાન છોડી દીધો હોત. લો હવે આ ભરેલી રિવૅાલ્વર તમે જ લઈ જાઓ જેથી ફરી આવો વિચાર ન આવે."

ભયની કલ્પના માનવીને કેવી વિપરિત દશામાં મૂકી દે છે?

આજે પણ એ રિવૅાલ્વર છે, ડૉકટર પણ છે, દર્દી પણ છે.

ડૉકટરે જો હિંમત ન આપી હોત તો દર્દીએ ભયના માર્યા આપઘાત જ કર્યો હોત.

મોટી મોટી વાતો કરનારો માનવી અંદરથી બહુ કાયર હોય છે.

બીજાના કહેવાથી જ એને હિંમત આવી, બાકી રોગના ભયથી એ નિર્માલ્ય જ બની રહેત.

આત્મશ્રદ્ધા હોય તો આવું નિર્માલ્યપણું ન જ આવે. એ માટે આપણા ચૈતન્યને ઢૂંઢવાનું ને ઢંઢોળવાનું છે ને જાણવાનું છે કે હું કોણ છું?

મનમાં જ્યાં સુધી ધર્મ, સંપ્રદાય કે જાતિ ભેદની વાડાબંધી હશે ત્યાં સુધી આત્મજ્ઞાન પમાવાનું નથી, ને આત્મજ્ઞાન પામ્યા વિના મૃત્યુની ભીતિ દૂર થવાની નથી.

આત્માના અજ્ઞાનથી પેદા થયેલું દુઃખ આત્માના જ્ઞાન વડે જ દૂર થશે.

માટે જ આપણે વિચારવાનું છે કે હું કોણ છું ?

હું આત્મા છું તો હું સત્-ચિત્ આનંદ છું ?

હું આત્મા છું તો મારું અસ્તિત્વ ત્રિકાલાબાધિત છે ?

હું આત્મા છું તો હું ચૈતન્ય સ્વરૂપ છું ?

હું આત્મા છું તો હું આનંદ સ્વરૂપ છું ?

* * *

આપણે કોણ છીએ ?

આપણો પરિચય શો છે ?

ખબર નથી.

આશ્ચર્યની વાત એ છે કે, આપણને આપણી જ ખબર નથી, આપણે આપણને જ ભૂલી ગયા છીએ, પછી, બીજાને તો ક્યાંથી જ ઓળખાવીએ ?

અનાદિ કાળના કુસંસ્કારો વડે, આપણે આપણને જ ભૂલી ગયા છીએ.

મોહના આવરણ નીચે, આપણે આપણને જ સંતાડી બેઠા છીએ.

તેથી જ આપણે દુઃખી છીએ, નિર્માલ્ય છીએ.

આપણે આપણને ઓળખીએ તો દુઃખ દૂર થાય, નિર્માલ્યતા મટી જાય, ને અદ્ભુત આનંદ અનુભવાય.

આનંદ ચાર પ્રકારના: શબ્દાનંદ, શ્રદ્ધાનંદ, અનુભવાનંદ ને પરમાનંદ.

આ શબ્દ રોજ સાંભળીએ છીએ. આપણું ભૌતિક

નામ રોજ સાંભળીએ છીએ, રોજ રટીએ છીએ.

એ આસક્તિ એટલી બધી વધી ગઈ કે, આપણે નામસ્વરૂપ બની ગયા અને આત્મસ્વરૂપ મટી ગયા.

આત્મસ્વરૂપ પાછું મેળવવું હશે તો નામને ભૂલવું પડશે.

નામ ભુલાશે તો જ આત્મસ્વરૂપ સમજાશે.

આ બહુ કઠણ કામ છે, નહિ ?

દુનિયા આખી નામ વધારવાની પાછળ પડી છે.

દુકાન, ચોપડા, બિલબુકો, વિઝિટિંગ કાર્ડ બધાંયમાં નામનો જ મહિમા ગવાય છે.

માનવીના દાનધર્મ પાછળ પણ પોતાના નામનો મહિમા વધારવા માટેની જ ઝંખના હોય છે.

ત્યારે આપણે તો નામને ભૂલતા જવાનું અને ભૂંસતા જવાનું શીખવાનું છે.

ધાર્મિક ક્રિયા નામ વધારવા માટે નહિ, પણ નામ ભૂલવા માટે કરવાની છે.

નામ ભૂલવા માટે અધ્યાત્મ માર્ગ જ મદદ કરશે.

પરમાત્માનું નામસ્મરણ આપણા નામના વિસ્મરણ માટે કરવાનું છે.

નામસ્મરણમાં આપણે મસ્ત રહીશું તો એક ધન્ય દિવસ એવો આવશે કે આપણું ભૌતિક નામ ભૂલી ગયા હોઈશું, ને આપણે અનામય બનીને અનુપમ આનંદ મેળવી રહ્યા હોઈશું.

મને એક પોપટવાળો પ્રસંગ યાદ આવે છે.

એની પાસે એક પોપટ. એના એ એક હજાર રૂપિયા માગે.

મને થયું, પોપટના બહુ બહુ તો પચીસ–પચાસ રૂપિયા હોય. આટલા બધા તે હોતા હશે?

પૂછ્યું તો કહે, 'એની એવી વિશેષતા છે. માણસની જેમ જ એ સ્પષ્ટ વાત કરી શકે છે.'

વાત એની સાચી હતી. પોપટ એવું સુંદર બોલતો કે આપણને જાણે માણસ જ બોલતો હોય એમ લાગે. આવું સરસ બોલતાં શી રીતે શીખ્યું હશે?

મેં એને સરસ બોલતાં શીખવવાનો કીમિયો પૂછ્યો.

એણે કહ્યું, 'એ તો મારા ધંધાની ખાનગી વાત છે. એ કીમિયો મારાથી બધાને ન બતાવાય, પણ તમે તો સાધુ છો, તમે કંઈ મારા ધંધાની હરીફાઈ કરવાના નથી, એટલે તમને બતાવવું છું.'

આમ કહી એ મને એની શાળામાં લઈ ગયો.

ત્યાં એણે એક મોટો આયનો રાખેલો. આયના સામે પોપટનું પાંજરું મૂકેલું, ને પછી, પોતે આયનાની પાછળ સંતાઈને બોલવા લાગે.

પોપટ અવાજ સાંભળી આયનામાં દેખાતા પોપટ સામે જુએ. એને એમ લાગે કે સામે બેઠેલો પોપટ બોલે છે. એટલે એ પણ બોલવાનો પ્રયત્ન કરે.

આવા સતત અભ્યાસ વડે, પોપટ માણસની જેમ સ્પષ્ટ વાત કરતાં શીખી જાય.

આ કરામતના વિચાર મારા મનમાં આખોય દિવસ ઘૂમી રહ્યા.

માનવી એક પોપટને તાલીમ આપી શકે છે તો પછી માનવને તાલીમ શા માટે ન આપી શકે?

ગુરુરૂપી આયનામાં પ્રતિબિંબ જોઈ પાછળથી સંભળાતી આત્મજ્ઞાનીની વાણીના અભ્યાસથી સ્વરૂપની પિછાન કરવાની છે.

સતત અભ્યાસ વડે પોપટ માણસની જેમ બોલી શકે છે.

સતત અભ્યાસ વડે જ સરકસનો ખેલાડી દોરી પર કરામત કરી શકે છે.

સતત અભ્યાસ વડે જ માનવી મહિનાઓ સુધીના ઉપવાસ આદરી શકે છે.

તે જ રીતે સતત અભ્યાસ વડે માનવી પોતાનું નામ વિસ્મરીને પોતાના આત્માને ઓળખી શકે.

અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું: 'તોફાની મનને કાબૂમાં શી રીતે લેવું?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'અભ્યાસ અને વૈરાગ્ય વડે.'

અધ્યાત્મમાર્ગ જાદુઈ લાકડી નથી કે પળવારમાં જ બધું પલટાઈ જાય. એ તો અભ્યાસની બાબત છે.

સંસારના વિષયો પર વૈરાગ્ય આવે અને એમાંથી છૂટવાના પ્રયત્નનો અભ્યાસ વધે, તો કઠિનમાં કઠિન બાબત પણ સુલભ બની જાય.

અભ્યાસ વડે જ બાળક બોલતાં શીખે છે.

અભ્યાસ વડે જ બાળક ચાલતાં શીખે છે.

અભ્યાસ વડે જ માણસ વાહન ચલાવતાં શીખે છે.

અભ્યાસ વડે જ પગ બ્રેક પર જાય છે, બેલેન્સ જળવાય છે.

અભ્યાસ તૂટી જાય તો સતત સાવધ રહેવું પડે, નહિ તો બ્રેક પરનો પગ ચૂકી જવાતાં કે બેલેન્સ ખોઈ બેસતાં અકસ્માત પેદા થાય.

માટે જ સંતો કહે છે : સતત નામસ્મરણનો અભ્યાસ રાખો. મનની વૃત્તિઓને સંકેલવાની ટેવ પાડો.

અત્યારે ઈશ્વરના નામસ્મરણનો અભ્યાસ વધવાને બદલે, પોતાના નામસ્મરણનો અભ્યાસ વધી ગયો છે. તીર્થમાં જનારો માનવ પ્રભુના નામને બદલે પોતાના નામની તકતી લગાડે છે; તે પોતાનું જ નામ મોટું બનાવવા મથે છે.

જે નામ ભૂંસાઈ જ જવાનું છે, જે નામને પોતાના વંશજો પણ યાદ કરી શકવાના નથી, એ નામ માટેનો આટલો બધો મોહ શા માટે ?

વંશજ હોવા છતાં કહો, આપણે આપણા દશમી પેઢીના પૂર્વજનું નામ જાણીએ છીએ ?

એટલે જ સંતો કહે છે કે ભૌતિક નામ પાછળનો મોહ ખોટો છે.

સંતો પોતાના નામની તો ઠીક, પણ પોતાના સ્વત્વની પણ વિસ્મૃતિ માગે છે. એ કહે છે, ' ભગવાન મને એવી

શક્તિ આપ કે હું, હું ન રહું, તું, તું ન રહે, ને હું તુંમાં સમાઈ જઉં.'

બાળક પોતાની મા પાસે જાય ત્યારે એને પોતાનું નામ કહેવાની જરૂર પડતી નથી. એ તો દોડીને સીધું ગોદમાં જ સમાઈ જાય છે.

આપણે પણ, પ્રભુ-નામસ્મરણનો શબ્દાનંદ આસ્વાદતા રહીને, પરમાનંદની પ્રાપ્તિ માટે, ભૌતિક નામને ભૂલતા જવાનું છે.

શબ્દાનંદમાંથી જ શ્રદ્ધાનંદમાં જવાય.

પ્રભુનું સતત નામસ્મરણ માનવીના હૈયામાં શ્રદ્ધાનો સુંદર દીવો પેટાવે છે.

આ શ્રદ્ધાનો દીવો હતાશાના અંધારાં ઉલેચે છે. માનવીને તમામ પ્રકારના ભયમાંથી મુક્ત કરે છે, અનુભવાનંદની દિશામાં દોરી જાય છે.

શ્રદ્ધાના પાયા ઉપર જ અનુભવની ઇમારત રચી શકાશે.
શ્રદ્ધાની જેટલી મજબૂતી, અનુભવની એટલી પ્રતીતિ.
અનુભવ ભાવનાનો વિષય છે, ભાષાનો નથી.

અનુભવની વાત કોઈને કહી શકાતી નથી; મુખ પરની અનોખી આભાથી જ અનુભવની વાત વ્યક્ત થઈ જાય છે.

અનુભવના આનંદથી જ સંતો મસ્ત હોય છે. એમની પાસે કપડાં નથી, કાલે શું ખાશે અને ક્યાં ખાશે, એની ખબર નથી. છતાં એમની શ્રદ્ધા અનોખી હોય છે, કારણ એમને જીવનમાં જીવનની શ્રદ્ધા છે.

આ શ્રદ્ધાની સાર્થકતાનો એમને સતત અનુભવ છે, ને તેથી જ તે અનુભવાનંદમાં મસ્ત છે.

પારસનો સ્પર્શ લોઢાને સોનામાં પલટાવે છે, તેમ શ્રદ્ધાનો સ્પર્શ જીવનના દર્દને પણ અનુભવાનંદમાં પલટાવે છે.

મારા એક મિત્રની વાત મને યાદ આવે છે.

ભાવનગરની કૉલેજના એ પ્રોફેસર હતા. વિદેશ જઈને સારી ડિગ્રીઓ પણ મેળવી લાવેલા.

એમનો જીવ જુદા રંગે રંગાયેલો હતો. ઉમર થતાં એ નિવૃત્ત થયા. એમને થયું, શબ્દજ્ઞાન તો હવે બહુ થઈ ગયું. હવે તો અનુભવજ્ઞાન મેળવવું છે.

પોતાનો પુત્ર પણ સારી પાયરી પર હતો, એને બોલાવીને કહ્યું, 'સંસારના ઢસરડા બહુ કર્યા, હવે મારે આત્મ-આરામ મેળવવો છે. શબ્દજ્ઞાન ખૂબ મેળવ્યું, હવે અનુભવજ્ઞાન મેળવવું છે, એટલે મકાનના કંપાઉન્ડમાં થોડીક જગા જુદી કાઢી આપ. ત્યાં હું રહીશ અને રોજ તારા ઘેર આવીને ભિક્ષા માગી જઈશ, ને આત્માના અનુભવમાં રમ્યા કરીશ.'

આ રીતે બાર વર્ષ એમણે જીવન-સાધના કરી.

એક ચાતુર્માસમાં હું બોટાદ હતો ત્યારે એ ગંભીર માંદગીમાં પટકાયા.

એમનો પુત્ર મને એમની પાસે બોલાવી ગયો.

હું તેમની પાસે બેઠો. એમની આંખો બંધ હતી. માંદગી ગંભીર હતી, વેદના અસહ્ય હતી, છતાં એમનું મુખ મલકયા કરે.

હું તો જોઈ જ રહ્યો.

આવી બીમારી, આટલી વેદના છે, છતાં મુખ પર આવો મલકાટ!

એ જીવન-સાધકની સિદ્ધિ જોઈ મેં ધન્યવાદ આપ્યા.

વાત નીકળતાં પુત્રે કહ્યું, 'છેલ્લાં બાર વર્ષથી પિતાજી એકલા હસતા હોય છે. રોજ બપોરે મારા બારણા આગળ આવી મારી પત્ની પાસે 'ભિક્ષાં દેહી'ની ટહેલ નાખે છે, ને પછી આખો દિવસ અધ્યયન, ચિંતન અને સ્મરણ કર્યા કરે છે.

આપણે પણ આવા આનંદમય બનવું જોઈશે.

મનની ભૂમિકા બદલો તો અહીં પણ વૈકુંઠનો આનંદ મેળવી શકાય.

શબ્દાનંદ, શ્રદ્ધાનંદ, ને અનુભવાનંદ પછીની ભૂમિકા છે પરમાનંદ.

આ પરમાનંદ એ જ બ્રહ્માનંદ, એ જ પૂર્ણાનંદ.

આત્મા તો જ્ઞાનનો પૂર્ણકુંભ છે, ને તેથી જ એ આનંદનો અમૃતકુંભ પણ છે.

પૂર્ણ આનંદનો અમૃતકુંભ હૈયાની ભીતરમાં હોવા છતાંય, જુઓ તો ખરા, આનંદ શોધવા માટે માનવી બહાર ફાંફાં મારે છે!

રાજ્યના ધનભંડારની ચાવી ભંડારીને સોંપી દઈ પોતે પ્રમાદ સેવનારા અને પોતાને જોઈતી વસ્તુ મેળવવા માટે ભંડારીની પૂંઠે પૂંઠે ફરનારા રાજકુમારના જેવી આપણા આત્માની કથા છે.

પોતાના આનંદભંડારની ચાવી એ મન અને બુદ્ધિને આપી બેઠો છે તેથી જ, આનંદ મેળવવા માટે એને મન અને બુદ્ધિની પાછળ ભટકવું પડે છે.

આત્મા અજ્ઞાની નથી, સ્વયં જ્ઞાનમય છે, ચિન્મય છે. અજ્ઞાની તો બુદ્ધિ છે.

જ્ઞાન મેળવવા માટે, પુસ્તકો ફેંદવા જવાની પણ જરૂર નથી. આત્માનું જ્ઞાન તો આત્માની અંદર જ પડેલું છે. ભીતરમાં ડોકિયું કરવાની જ જરૂર છે.

હીરાની ઉપરનું આવરણ ખસી જાય એટલે કિરણો પ્રસરે, તેમ આત્મા પરનું બુદ્ધિના વિકલ્પનું આવરણ હટી જાય, તો તુરત જ આત્માનો પ્રકાશ વ્યાપે.

કેવળ પુસ્તકો વાંચવાથી નહિ, કેવળ શાસ્ત્રો સાંભળવાથી નહિ, પણ એનો જીવનમાં અનુભવ કરવાથી જ આનંદ સાંપડશે.

યુરોપના લોકો ફોટાઓમાં કેરી જુએ તેથી આનંદ નહિ મળે, અહીં આવીને કેરીના રસનો અનુભવ કરશે ત્યારે જ આનંદ સાંપડશે.

આનંદના અનુભવની તુલના કરી શકાય જ નહિ. એને તો અંદર ને અંદર પચાવવાની શક્તિ હોવી જોઈએ.

સજ્જન બાતાં પ્રેમકી, પર-મુખ કહી ન જાય;
મૂંગા કો સપનો ભયો, સમજ સમજ મલકાય.

આત્માનો અનુભવ કોઈને કહી શકાતો જ નથી; એ તો ભીતરમાં જ સમજવાની અને ભીતરમાં જ આનંદવાની બાબત છે.

આત્માનો આનંદ-અનુભવ કરનારો સતત ખુશ જ રહે, એ દુઃખમાં પણ સુખનો અનુભવ કરે, ને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્નતા સેવે.

પ્રત્યેક પરિસ્થિતિમાંથી ચિંતન દ્વારા મનનું સમાધાન મેળવી સરખો સુખાનુભવ કરે એનું નામ ફિલસૂફ—તત્ત્વજ્ઞાની.

આત્માનું સ્વરૂપ સત્યમય, જ્ઞાનમય, આનંદમય છે.

એ સ્વરૂપનો આપણે આત્માનુભવ કરવો છે.

એ માટે આપણે હીનાની જેમ જ ચિંતન ઘૂંટવું જોઈશે. જેમ ઘૂંટતા જઈશું તેમ ફોરમ ફેલાતી જશે ને આપણા અસ્તિત્વને આવરી લેશે.

સમય ખૂબ ઓછો છે.

આત્માનુભવ કરવામાં હજી આપણે ખૂબ કરવાનું બાકી છે.

માટે અન્ય પ્રવૃત્તિઓ ઓછી કરી, ઇન્દ્રિયવૃત્તિઓને વાળી લઈ, સ્વમાં સ્થિર થઈ સત્—ચિત્—આનંદનો અનુભવ કરીએ.

# દાન એક ઉત્સવ

बिभेषि यदि संसारात् मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदिन्द्रियजय कर्तुं स्फोरयत् स्फार पौरुषम् ॥

આ શ્લોકમાં મહાપુરુષ જણાવે છે કે, જો તને તારી આત્મસાધના માટે તાલાવેલી હોય અને સંસારથી મુક્ત થઈ મોક્ષ મેળવવો છે એમ તને દિલથી લાગતું હોય, તો જ હું તને એક વાત કહું, કારણ કે, જ્યાં સુધી જિજ્ઞાસા જાગી નથી ત્યાં સુધી બધી વાતો કરવી નકામી છે. જિજ્ઞાસાનું બીજ વવાયેલું હોય તો જ ઉપદેશનું જળ કામ લાગે છે. જેના હૃદયમાં જિજ્ઞાસાનું બીજ નથી એવા આત્માને આપણે જો ઉપદેશ દેવા જઈએ છીએ તો આપણી દશા સુગરીના માળા જેવી થાય છે. સુગરી વાંદરાને ઉપદેશ આપવા ગઈ તો વાંદરાએ ઉપદેશ તો ન લીધો, પણ એના માળાને આખેઆખો વીંખી નાખ્યો.

આ રીતે જે લોકો સંસારના ભોગમાં રચ્યાપચ્યા રહે છે એવા જીવો માટે જ્ઞાનીઓનાં વચન લગભગ નિષ્ફળ નીવડે છે. સૌથી પહેલાં અર્થ–'પાત્ર' બનવાનું જ્ઞાનીઓ કહે છે.

તમારામાં જિજ્ઞાસા હશે તો જ ઉપદેશ કામ લાગવાનો છે. ઉપદેશ શ્રવણ કર્યા પછી મનન કરી, પોતાની પ્રજ્ઞા વડે એને પચાવવાની શક્તિ આપણામાં નથી એનું કારણ એ જ છે કે આપણામાં જિજ્ઞાસાવૃત્તિ જાગી નથી.

આ જિજ્ઞાસા કઈ, ખબર છે?

बिभेषि यदि संसारात्।

જો તું સંસારની રુંધામણથી ગભરાતો હો, જો તને એમ લાગતું હોય કે સંસારમાંથી છૂટવું છે, અને જે દુનિયામાં જન્મ્યો છે તે દુનિયાથી ઉપર આવવું છે તો જ તું સાચો જિજ્ઞાસુ.

જેમ એક તળાવ હોય, એની અંદર દેડકાં, કાચબા, માછલાં, શિંગોડાં વગેરે હોય; છતાં માણસો તો કમળને જ વખાણે છે. કારણ માત્ર એટલું જ કે એ બધાયની સાથે જન્મવા ને ઊછરવા છતાં, કમળ દિનપ્રતિદિન ઉપર આવવાનો પ્રયત્ન કરે છે અને ઉપર આવીને પોતાની જાતને એ વિકસાવે છે

એ વખતે એની નજર સૂર્યનાં કિરણો સામે હોય છે. સૂર્યનાં કિરણ જે બાજુએ હોય તે બાજુએ પોતાનું હૃદય ખોલી નાખે છે.

જિજ્ઞાસુ આત્મા પણ આવો જ હોય છે. એ પણ સંસારમાં જ જન્મેલો હોય છે. સંસારમાં અન્ય માનવીઓ સાથે જન્મેલો હોવા છતાં જિજ્ઞાસુ આત્મા ઉપર આવે છે. કમળની જેમ એનું હૃદય જ્ઞાનીનાં વચનો આગળ ખુલ્લું હોય છે.

અહીં કવિએ ઠીક જ કહ્યું છે: 'અજ્ઞાનીની સંગે રે રમિયો રાતલડી.' મહાપુરુષો કેવું કહે છે! એ કહે છે કે જે આત્મા જિજ્ઞાસુ નથી તે જ્ઞાની આગળ હૃદય નહિ ખોલે, પરંતુ જ્યાં કામ છે ત્યાં આગળ એ ગાંડો ને ઘેલો થઈ જવાનો. મિથ્યા તત્ત્વની રાતો એને મીઠી લાગે છે.

કામ અને રાગની સામે જીવ જેટલો પામર ને પરવશ બનીને નાચ્યો છે, એનો શતાંશ પણ એ જ્ઞાનની આગળ નમ્યો હોત તો!

પણ કામની અવસ્થા આવે છે ત્યારે જીવ એવો રંક, દીન ને પામર બની જાય છે, કે ત્યાં તો એ જેમ કહે તેમ વળે છે.

એટલે તો કહ્યું છે કે, 'મોહે નડિયા જ્ઞાનથી પડિયા'

જ્ઞાનના શિખરે ચઢેલાને પણ મોહના વંટોળિયા ઉપરથી ગબડાવી નાખે છે.

માનવી પોતાના દિલની છાનામાં છાની વાત પોતાના સ્નેહીની પાસે જઈને ખોલતો હોય છે.

કમળ જેમ સૂર્યનાં કિરણો સામે હૃદય ખોલે છે તેમ જિજ્ઞાસુ જ્ઞાની આગળ પોતાનું હૃદય ખોલી દે છે. કહે છે: મારામાં આવી છાનીછાની વૃત્તિઓ પડેલી છે. મારા હૃદયમાં છવાયેલ તિમિરને, પ્રભુ, તમે દૂર કરો!

આવું એ ત્યારે જ કહે, જ્યારે એના દિલમાં સંસારનાં બંધનોમાંથી છૂટવાની તાલાવેલી લાગી હોય છે.

સંસાર એક વિકરાળ મોઢું છે. રોજ અનંત જીવો

એમાં ભરખાતા જાય છે. સંસાર પ્રત્યેક પળે જીવોને ભરખતો જ જાય છે.

સંસારથી ગભરાનાર તો ઘણા હોય છે, પરંતુ એટલા માત્રથી તેમને જિજ્ઞાસુ ન કહેવાય, તેમણે નીચ કામ કરેલાં હોય તેથી તે ડરે છે.

સંસારની બીક હોય એ પહેલી શરત અને મોક્ષની ભૂખ હોય એ બીજી શરત.

તને એમ લાગતું હોય કે તું જ્યાં છે એ તને બંધન-રૂપ છે, તને જો એમ લાગતું હોય કે તું દીવાલોની પાછળ પુરાયેલો કેદી છે, તને એમ લાગતું હોય કે તારી વૃત્તિઓની આ લપમાંથી છૂટવું હોય તો જ તું જ્ઞાનની વાત સાંભળવા માટે લાયક ગણાય. એટલે જ્ઞાનપ્રાપ્તિ માટેની બીજી શરત મોક્ષપ્રાપ્તિની ઇચ્છા છે.

આજે તો મોક્ષ શું છે એની કોઈને કલ્પના પણ નથી. લોકો તો આજે સામે પગલે દોડીને વધારેમાં વધારે બંધાવા માગે છે!

ખૂબીની વાત તો એ છે કે માણસ વૃદ્ધ થાય તો પણ એને વધારે મિલો, વધારે કારખાનાં, વધારે મકાનો, વેપાર અને પંચાત ગમે છે.

અરે આત્મા, તું થોડોક તો વિચાર કર. તારે અહીં કેટલા દિવસ રહેવાનું છે?

આ બાબતનો તને વિચાર નથી. તું દિવસે દિવસે વિવિધ ઉપાધિમાં વધારે ને વધારે ફસાતો જાય છે.

જે માણસ જાણીબૂજીને વધારે ને વધારે ફસાતો જાય એને માટે મોક્ષની વાત શી કરવી? એની આગળ તો મોક્ષની વાત ઉપહાસ જેવી જ લાગે ને!

આજે તો જ્ઞાનીઓનાં વચનો લોકોને ટાઢા પહોરનાં ગપ્પાં લાગે છે.

સિનેમા માટે આજે કેટલી બધી આતુરતા છે! છાપું હજી કેમ નથી આવ્યું એનો તલસાટ કેટલો બધો હોય છે. પરંતુ પ્રભાતમાં ઊઠીને કદી જ્ઞાનીઓનાં પ્રવચન વાંચ્યાં છે? એના માટેનો તલસાટ કે નાદ તમારા હૃદયમાં કદી જાગ્યો છે ખરો? ના એવું તો કદી નથી થતું.

ઠીક છે, કોઈક સાધુ–મહાત્મા આવી જાય, કોઈક વળી કથાવાર્તા કહેનાર મળી જાય, અને જો ફુરસદ હોય તો વળી ઘડી–બે–ઘડી સાંભળી લઈએ છીએ.

આવી ફુરસદિયા પદ્ધતિનું પરિણામ એ આવે છે કે જ્ઞાનીઓના વચનામૃતનું શ્રવણ કરતાં કરતાં હૃદયમાં એક જાતનો જે આદર અને આહ્‌લાદ થવો જોઈએ તે પ્રગટતો નથી. સાંભળ્યા પછી જે રોમાંચ થવો જોઈએ તે પણ અનુભવાતો નથી. જ્યાં સુધી એ તાલાવેલી નહિ જાગે ત્યાં સુધી, જ્ઞાનીઓ જણાવે છે કે, એ ઉપદેશ તમારા હૃદયના ઊંડાણ સુધી નહિ પહોંચે.

એ તો ત્યારે જ બને કે જ્યારે તમારા દિલમાં સંસાર પ્રત્યે ઉદાસીનતા જાગે, મોક્ષ પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા પ્રગટે.

ગાંડો ભિખારી જેમ ડબલાં ભેગાં કરે તેમ આજે તમે

દુનિયાની વસ્તુઓ ભેગી કરો છો અને તેનાથી તમને પોતાને સમૃદ્ધ માનો છો.

જેની પાસે વધારે ડબલાં હોય, જેની પાસે વધારે સંગ્રહ હોય, એ આજે દુનિયામાં ભાગ્યશાળી કહેવાય છે. જેની પાસે દુનિયાનાં સાધન ઓછાં હશે એને લોકો 'અભાગિયો' કહેવાના.

ખૂબીની વાત તો એ છે કે, જેમ પેલાં રમકડાં બાળકને રોકી રાખે છે તેમ દુનિયાની વસ્તુઓએ સારામાં સારા માણસોને રોકી રાખ્યા છે.

આપણા આત્માને જે પરમધામ તરફ જવાનું છે, જેને માટેની આપણી આ જીવનયાત્રા છે; જ્યાં પહોંચવા માટે આપણે નીકળેલા છીએ એ મૂળ વાત તો આજે ભુલાઈ જ ગઈ છે.

આ દુનિયાના રંગમાં આપણે એટલા બધા રંગાઈ ગયા છીએ કે આપણો અસલ રંગ કયો હતો તેની આપણને પોતાને જ કંઈ ખબર નથી.

આપણે જગતના જ દોષો જોઈએ છીએ; જગતની જ વાતો કરીએ છીએ અને જગતનો જ વિચાર કર્યા કરીએ છીએ. 'ફલાણા ભાઈ આમ કરે છે, ને ઢીંકણા ભાઈ તેમ કરે છે'—એવી વાતો જ કરીએ છીએ. પરંતુ ભાઈ, આપણે શું કરીએ છીએ તે તો જરા વિચારો! એવી બધી બાબતોમાંથી આપણે મુક્ત છીએ ખરા?

આવી વાતોનું પરિણામ બહુ વિપરીત આવ્યું છે. માણસ બહિર્મુખ દશામાં એટલો બધો પડી ગયો છે કે અંતર્મુખ દશા સમજાતી જ નથી.

જ્ઞાનીઓ કહે છે કે, જ્યાં સુધી આત્મા બહિર્મુખ છે ત્યાં સુધી એનું સંસારનું ભ્રમણ ચાલુ જ રહેવાનું છે. માણસ પોતાના તરફ વળે તો જ સંસારનું ચક્કર અટકે.

માણસ જો પોતાના અંતરમાં ડોકિયું કરે; મન-સાગરમાં ડૂબકી મારે અને વિચારે કે બહારની પંચાત કરવામાં મારા અનંત જન્મો ગયા છે, પરંતુ તેમાં મેં મારા કલ્યાણ માટે શું કર્યું?—આ બધાયમાં મારું શું વળ્યું?

જ્યાં સુધી તરંગો છે ત્યાં સુધી તળિયું દેખાવાનું નથી. તરંગો ઓસરે તો જ 'હું કોણ?' એ વાત સમજાય.

'હું કોણ'નો પ્રશ્ન આપણને ક્યારેક સૂઝે છે.

ઘડીભર અરિસામાં મોઢું જોઈએ ત્યારે આપણને એમ લાગે છે કે હું જરાક સારો લાગું છું. પણ એ તો દેહની વાત થઈ.

આપણે તો અંતરના અરિસામાં જોઈને આત્માનો વિચાર કરવાનો છે કે, "હું કોણ?"

માણસ પાપ કરે, જૂઠું બોલે, ખોટું કરે, આત્માને વેચી નાખે, પણ શેના માટે? આ બધાને મૂકીને જવા માટે?

આ બધાનું સરવૈયું શું આ જ છે? જે અહીં મૂકીને જવાનું છે તેને માટે આત્મા જેવા આત્માને ફટકારી મારવો એમાં ડહાપણ ક્યાં છે? જ્ઞાનીઓ પૂછે છે કે, જેના માટે તું તારા આત્માને વેચી નાખે છે તેમાં એવી તો કઈ વસ્તુ છે જે તારી સાથે આવવાની છે?

જો કશુંય સાથે આવવાનું ન હોય તો તેને માટે આ

આત્માનું વેચાણ શા માટે? તેના માટે આવી કાળી મજૂરી શા માટે?

એટલે, તમારી પાસેની આવી મૂડી જે તમારી સાથે નથી આવવાની, એ તમારી સાચી મિલકત નથી. તમારી મિલકત તો તમે જે દાન સહજભાવથી અને હૃદયની ઊર્મિથી આપ્યું છે તે જ છે.

આકાશમાંથી જેમ વાદળાં વરસી જાય છે તેમ તમારા હૃદયમાં પણ વરસી જવાની ભાવના જાગવી જોઈએ.

આજે નામના મેળવવા માટે અને મોભો જાળવવા માટે દાન દેવાય છે.

સમાજમાં તમારું નામ સારું હોય, તમારો મોભો ઊંચો હોય, અને સવારના પહોરમાં પાંચ માણસો ટીપ લઈને તમારે ત્યાં આવ્યા હોય, તો પહેલાં તો તમને ફાળ જ પડે કે 'આ લોકો અત્યારે ક્યાંથી આવ્યા?'

તમે વિચાર કરો છો કે આપણી સ્થિતિ સારી છે, એટલે આ લોકો બસો રૂપિયા ભરાવ્યા વિના પાછા નથી જવાના. એટલે તમે સોથી શરૂઆત કરવાના!

એટલે પેલા આવનાર કહેશેઃ 'શેઠ, તમારા માટે સો ન શોભે!'

એટલે તમે કહેવાના કે, 'ભાઈ, આજકાલ વેપારધંધા ખોરવાઈ ગયા છે, સ્થિતિ બગડી ગઈ છે, પરંતુ તમે આવ્યા છો, એટલે ના પાડી શકાતી નથી.'

એક બાજુ આવાં રોદણાં રોવાની વાતો કરાય છે. ત્યારે બીજી બાજુ રેફ્રિજરેટર, લેટેસ્ટ મોડેલની એરકંડિશન

મોટરો વગેરે મોજશોખનાં સાધનો તો વધતાં જ જાય છે. ખરેખર, જો આવક ઓછી થઈ ગઈ હોય તો પછી આ બધા ભપકા ક્યાંથી વધ્યે જાય છે!

સાચી વાત તો એ છે, માત્ર દાનમાં દેવા માટે જ માણસ પાસે મૂડી નથી. બાકી, મોજશોખ અને એશઆરામ માટે પુષ્કળ સંપત્તિ છે.

દાન લેવા આવનાર પાસે રોદણાં રોવાની વાતો થાય, એટલે પેલા લોકો કહેશે: "ભલે, હવે દોઢસો રાખો શેઠ."

તો તમે ઠાવકું મોઢું રાખીને કહેવાના: 'લખો ભાઈ ત્યારે, તમે આવ્યા છો તે કાંઈ ના પડાશે?'

તમે મનમાં વિચાર કરો છો પચાસ તો બચ્યા. આને દાન કહેવાય ખરું?

જ્ઞાનીઓ કહે છે: "ભાઈ, તેં તારા દોઢસો રૂપિયા ગુમાવી દીધા, કારણ કે તેં દાન તો દીધું પણ સાચી ભાવનાથી નથી દીધું. દાન તો આત્માનો ગુણ છે. આત્માને પ્રફુલ્લિત બનાવવાનો ઉત્સવ છે. લેનાર અને દેનારનાં હૃદય હસી ઊઠે, એવી એ ક્રિયા છે."

જ્યાં સુધી તમારા સંજોગો ને સ્થિતિ સારાં છે ત્યાં સુધી તમે દાન આપો.

દાન દઈને પ્રસન્ન થવાય, આંખમાંથી આનંદનાં અશ્રુ ચાલ્યાં જાય. આ રીતે તમે દાન દો, તો જ તે સાચું દાન છે, બાકી તો બધો સોદો છે.

દાનની સોદાગીરીમાં માનનારો કહે છે: "ભાઈ, હું

રૂપિયા તો દઉં છું પણ મારી તકતી ક્યા ઠેકાણે મુકાશે એ તો કહો!'

આપણે આવો સોદો નથી કરવાનો. આપણે તો દાનની વાવણી કરવાની છે.

ખેડૂતને પૂછી જુઓ કે 'અનાજ કેમ વવાય છે?' તો કહેશે, 'ઊંડું વાવવું પડે. હળ જેટલું જમીનમાં ઊંડું જાય, અને બીજ જેટલું ઊંડું વવાય એટલું અનાજ સારું પાકે.'

તમારું દાન પણ એટલું જ ઊંડું હો કે જીવનના ખેતરમાં એ આનંદનો મોલ બની માનવને તૃપ્તિથી ભરી દે.

આને માટે તો આપણો આત્મા જ સાક્ષી હોય. દુનિયાને સાક્ષી રાખવાની કોઈ જરૂર જ નથી. દાન કોઈને માટે નહિ, પણ આત્માના આત્મા સાથેના સંમેલનમાં વચ્ચે આવતી વસ્તુના ત્યાગ રૂપ હો. વસ્તુ પરથી મૂર્ચ્છા ઊતરે છે ત્યારે દાન સહજ થાય છે. મૂર્ચ્છા ક્યારે ઊતરે? વસ્તુઓ અને આ સંસાર એક બંધન લાગે તો અને બંધનમાંથી મુક્ત થઈ મોક્ષ મેળવવો હોય તો દાન તમને એક ઉત્તમ સાધન લાગ્યા વિના નહિ રહે. વસ્તુ અને વાસના જેમ જેમ છૂટતાં જશે તેમ તેમ આત્મા કર્મોથી મુક્ત થઈ ઉપર અને ઉપર આવતો જશે. કમળની જેમ સૌ ઉપર આવો એ શુભેચ્છા.

# રત્નત્રયી

માનવજીવન એ ગુણરત્નોની ખાણ છે. એમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ તો પરમ તેજથી ચમકતાં મહારત્નો છે. આપણે આ ત્રણ દિવસની પ્રવચનમાળામાં આ રત્નત્રયીનું ચિન્તન કરવાનું છે.

હીરો પણ છે તો પથ્થર જ ને ! ખાય તો મરી જવાય, પાસે રાખે તો ડર રહે અને વાગી જાય તો લોહી કાઢે—એવા પથ્થર જેવા હીરાથી પણ લોકો આનંદ માણે છે; તો આધ્યાત્મિક હીરો–આધ્યાત્મિક રત્ન મળતાં તો માણસને કેટલો આનંદ થવો જોઈએ ? ભગવાન મહાવીરે આધ્યાત્મિક વસ્તુને આ જડ રત્નો સાથે શા માટે સરખાવી ? આધ્યાત્મિક ગુણ આગળ રત્નો શા હિસાબમાં ? છતાં સરખામણી કરી છે. દુનિયામાં જેમ ચાંદી, સોનું ને ઝવેરાત કરતાં રત્નો કીમતી છે, તેમ અધ્યાત્મમાં આ રત્નત્રયી જેને મળી જાય તે ધનવાન બની જાય છે, તેનો જન્મ સફળ થઈ જાય છે. પરમ શાંતિમાં બિરાજમાન થવું હોય તો સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યની પ્રાપ્તિ અનિવાર્ય છે.

મોક્ષના માર્ગ ચાર છે: (૧) ભક્તિમાર્ગ, (૨) યોગમાર્ગ, (૩) કર્મમાર્ગ, અને (૪) આસનસિદ્ધિમાર્ગ.

પૂર્ણ વીતરાગ દશાનો જેમણે અનુભવ કર્યો છે તેવા ભગવાન મહાવીરે કહ્યું છે કે, રત્નત્રયીનો માર્ગ સર્વોત્તમ છે. આમ તેમણે ઊંચામાં ઊંચો માર્ગ બતાવ્યો. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર પ્રાપ્ત થાય તો જે હેતુ માટે માનવ અહીં આવ્યો છે, જે હેતુ માટે માનવજીવનને ધન્ય કહ્યું છે, તે જીવન ધન્ય બની જાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર— આ રત્નત્રયીની ત્રિપુટી ન મળે તો બધું મળવા છતાં મનુષ્ય-જન્મનો આંટો નિષ્ફળ જાય છે.

જે મેળવીને મૂકી દેવું પડે તે મેળવ્યાં છતાં ન મેળવવા બરોબર છે.

રંગૂનમાં જેઓ કરોડપતિ હતા તેમના પૈસા ત્યાંની સરકારે પડાવી લીધા. તેઓ અહીં આવ્યા તો ખાવાના પણ ફાંફાં! તો એ કરોડપતિ શા કામના? ગમે તેટલું રળે પણ સાથે ન લઈ શકે તો રળ્યું ન રળ્યા બરોબર છે. આ જન્મમાં આપણે ખૂબ ભેગું કરીએ પણ અહીંથી જઈએ ત્યારે કાંઈ પણ સાથે નહિ લઈ જઈ શકીએ તો ભેગું કર્યું ન ભેગું કર્યા બરાબર છે.

મહાપુરુષો કહે છે કે એવું ભેગું કરો જે તમે સાથે લઈ જઈ શકો. તેઓ એમ નથી કહેતા કે છોડી દો. ધર્મ નથી કહેતો કે છોડી દો. ધર્મ તો કહે છે કે મેળવી લો. જેટલું ભરાય એટલું ભરો. આવો અવસર ફરી જીવનમાં નહિ મળે. એવું ભેગું કરો કે બધી વસ્તુ છૂટી જાય પણ જે મેળવેલું

છે તે ન છૂટે. ધર્મમાં પ્રાપ્તિની વાત છે, છોડવાની નહિ; લેવાની વાત છે, ત્યાગની નહિ.

તમારે સારું, ઊંચું લેવું હોય તો હલકું છોડવું પડે. ચણાને છોડો તો હીરાથી મૂઠી ભરી શકો. ઊંચી વસ્તુ લેવી હોય તો તુચ્છને છોડો. આનંદની પ્રાપ્તિ માટે કષાયોને છોડ્યા વિના કેમ ચાલે? ભોગમાં જીવ હોય તો પ્રભુનો યોગ કેમ થાય? ચણા છોડ્યા વિના હીરા કેમ મળે?

સાધનો સિદ્ધિનો નિર્ણય કરે છે. શુદ્ધ સાધનો દ્વારા ચિત્ત શુદ્ધ થાય, અને શુદ્ધિથી સિદ્ધિ પ્રાપ્ત થાય.

કપડું સાબુથી ધૂઓ તો ઊજળું થાય, પણ અંધારામાં સાબુ જેવો દેખાતો કોલસો લઈને કોઈ ઘસઘસ કરે તો કપડું કાળું થાય કે ઊજળું? પછી તમને કપડું કેટલું ઘસો છો તે નથી પુછાતું, પણ સાધન કયું વાપર્યું હતું તે પુછાય છે. મહેનત કેટલી કરી તે નહિ પણ સાધન ક્યાં વાપર્યાં તે પુછાય છે.

સાધન નબળાં તો મહેનત નકામી. શુદ્ધિ માટે સુંદરમાં સુંદર સાધન જોઈએ. સાધન હલકું કે નબળું હોય તો શુદ્ધિ જરા પણ ન થાય. શુદ્ધિ અને સિદ્ધિનો આધાર સાધન પર છે.

અધ્યાત્મનું ક્ષેત્ર ગગન કરતાં વિશાળ છે. અંત ન આવે એટલો વિશાળ એનો રાજમાર્ગ છે. આત્માનો માર્ગ અનંત છે, તો સાધનો પણ અસંખ્ય છે. આપણે ચૂંટેલાં આ ત્રણ સાધનોનો વિચાર કરીએ. જે સાધનો દ્વારા શુદ્ધિ થાય અને શુદ્ધિ એટલે જ સિદ્ધિ.

સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન ને સમ્યગ્ ચારિત્ર એ સાધન છે. મોક્ષ એ આપણું સાધ્ય છે.

સમ્યગ્ દર્શન શી ચીજ છે? એ એક પ્રકારની રુચિ છે, પ્યાસ છે, ક્ષુધા છે.

કોઈ વસ્તુ જોઈએ અને ગમી જાય, મનમાં ચોંટી જાય, જોયા પછી વસ્તુની લગન લાગી જાય; થાય કે આ વસ્તુ કેવી રીતે પ્રાપ્ત કરું, કેવા પ્રયત્નથી મેળવું. આ દિલની લગનને "સમ્યગ્ દર્શન" કહે છે.

આત્માની લગન લાગે, આત્મા માટે રુચિ જાગે; થાય કે આ બધું ખરું પણ અંદર રહેલાને પામું નહિ, શોધું નહિ તો આ જન્મનો અર્થ શો?

અંદરની વસ્તુ જોઈ પોતે તેના તરફ આકર્ષાઈ જાય તેનું નામ સમ્યગ્ દર્શન.

બજારમાં થોડા પૈસા લઈને નીકળ્યા ને ત્યાં તમને કીમતી વસ્તુ ગમી જાય, તમારા દિલમાં વસ્તુ ભાવી જાય; થાય કે ખરીદીને જ રહીશ. પણ તમારી પાસે પૂરા પૈસા નથી, તમે દુકાનદારને કહો છો: 'મારે માટે આ રહેવા દે. ગમે તેમ કરીને પૈસા ભેગા કરીશ. મારી ખાતર તું આ વસ્તુ વેચીશ નહિ'. એક વસ્તુ ગમી જાય તેને માટે આ કેવી તાલાવેલી!

અધ્યાત્મ માટે પણ આવી જ રુચિ પ્રગટવી જોઈએ. એક વસ્તુ ગમી ગઈ તો કુરબાન થઈ જવાય છે. એની પાછળ દુનિયા, પૈસા, સંસાર કે જીવન બધું જ કુરબાન છે. ત્યાગ

કરનારને—જેણે ઘર વગેરે છોડયાં છે એને—કોઈ એવી વસ્તુ ગમી ગઈ છે, જેની આગળ આ બધી વસ્તુ નાચીજ લાગે છે.

જેને આત્માની પસંદગી થાય, દર્શનનો સ્પર્શ થાય એ ચારિત્ર પામે. તેને મન દુનિયાની વસ્તુનો ત્યાગ સહજ વાત છે.

જે વસ્તુ ગમે છે તે વસ્તુ પાછળ કોઈ વસ્તુનો ત્યાગ કરવામાં મુશ્કેલી નથી. આત્માની ઝાંખી થાય તો, ત્યાગ ત્યાગ જ ન લાગે. વસ્તુ છૂટી જાય. મનમાં એમ ન થાય કે કેટલું બધું છોડયું. થાય કે છોડયું, પણ મેળવ્યું તો ખરું ને? એની પાછળ સમ્યગ્ દર્શન છે.

એક વસ્તુની સાચી પ્રીતિ લાગે તો બીજી વસ્તુ સહેજે છૂટી જાય.

કોઈ વેપારીને ઉપવાસ કરવાનું કહો તો કહે મારાથી ન બને. પણ જ્યારે ઘરાકી જામી જાય ને ખાવાનો સમય ન મળે તો ઉપવાસ પણ થઈ જાય. જે લોકો એકટાણું પણ ન કરે તેને વ્યાપાર ખાતર ઉપવાસ કરતાં જોયા છે ને? વસ્તુ ગમી જાય પછી સહનશીલતાનો પ્રશ્ન જ નથી.

ભૂખના બદલામાં એને એવું કાંઈક મળે છે, જ્યાં ભૂખ, ભૂખ નથી રહેતી.

જે ત્યાગ કરે છે, ઉપવાસ કરે છે, તેને અંદરનો આસ્વાદ મળે છે; એને તપશ્ચર્યા સહજ લાગે છે. સ્વાધ્યાય તેમ જ ચિંતનમાં ઉપવાસ કરનારને એ યાદ જ નથી આવતું કે આજે મેં ખાધું નથી. વસ્તુ પ્રત્યે લગન વિના

જે કરશો તે ભારરૂપ જ લાગશે. લગન એટલે વસ્તુમાં વસ્તુનો રસ.

જે વસ્તુ પ્રિય લાગે તેને માટે ગમે તેટલું કરો પણ કાંઈ નથી લાગતું. ઊલટાનું એમ થાય છે કે મેં એને માટે કશું જ નથી કર્યું. મા જ્યારે વહાલી દીકરીને કાંઈ આપે છે ત્યારે ગમે એટલું આપે પણ એને ઓછું જ લાગે છે. એક વસ્તુ પ્રિય લાગી પછી એને માટે ગમે એટલું કર્યા પછી પણ કાંઈ નથી કર્યું એમ થયા કરે છે. આત્મા માટે કરો પછી અહંકારનો પ્રશ્ન જ ક્યાં રહ્યો?

રાણકપુર કુદરતના ખોળામાં આવેલું રમણીય ધામ છે. અરવલ્લીના પહાડોના ખોળામાં મંદિર બેઠું છે. ધરણાશાહને એવી તો કેવી લગન લાગી હશે કે જેણે જંગલમાં જઈને એ મંદિર ઊભું કર્યું? આજે તો લોકોને દરેક ઠેકાણે પોતાની તખ્તી જોઈએ, જ્યારે આ મંદિરનો બાંધનાર શોધ્યો જડતો નથી. ધરણાશા કોણ એ ખબર નથી પડતી. મંદિરમાં ૧૪૪૪ થાંભલા છે. તેમાં એક થાંભલા પર બે નાની આકૃતિઓ હાથ જોડીને ઊભી છે. જાણે કહી રહી છે: 'અમે કાંઈ કરી શક્યા નથી.' જેના જીર્ણોદ્ધારમાં જ ૧૩ લાખ રૂપિયા લાગ્યા તેના બાંધકામમાં કેટલા રૂપિયા થયા હશે તેની કલ્પના કરો! છતાં, ક્યાંય બંધાવનારનું નામ દેખાતું નથી. હાથ જોડેલાં પતિપત્નીમાંથી નમ્રતા નીતરે છે. ભગવાનની લગન લાગી હોય તે એમ જ કહે ને કે જે જોયું છે તેની આગળ અમે જે કર્યું છે તે શી વિસાતમાં છે?

દર્શન એટલે રુચિ. તેની પ્રાપ્તિ વિના બેચેની લાગે.

ભગવાનના ભક્તો પાગલ લાગે, કારણ કે એ પોતામાં ખોવાઈ ગયા છે, સતની પાછળ પાગલ થયા છે, વાતો કરતાં પણ એને ભગવાનનું સ્મરણ આવે છે.

જ્ઞાન અને ચારિત્ર દર્શન વગર નકામાં છે. પહેલાં દર્શન થવું જોઈએ. ભગવાનને જોઈને મનમાં અહોભાગ્ય લાગવું જોઈએ. એમ થાય કે આ ભગવાન મારા આત્માનું પૂર્ણ રૂપ છે. કષાયોને લીધે તેમનો અધૂરો અંશ હું છું. તો હું પૂર્ણના ધ્યાનથી પૂર્ણ બનું એવી લગન, એવી રુચિ મને થવી જોઈએ.

મંદિરમાં ભગવાન કાંઈ એમ જ નથી દેખાતા. અંદર ભૂખ લાગવી જોઈએ; તો ભગવાન દેખાય.

જેટલી ભૂખ તીવ્ર એટલી રસોઈ મીઠી, જેટલી ભૂખ ઓછી એટલી રસોઈ ફિક્કી.

હું આત્મા—અનંત શક્તિનો સ્વામી—આ દેહમાં સમાઈને નાનકડી દુનિયામાં કેમ ભરાઈ બેઠો છું ? હું, કે જે આ જન્મની પહેલાં પણ હતો, અને આ મરણની પછી પણ રહેવાનો છું તે મરવાની ભીતિમાં કેમ ગભરાઈ બેઠો છું ! મૃત્યુ કોનું ? દેહનું કે આત્માનું ? દેહ મરે, આત્મા તરે; દેહ પડે, આત્મા ચઢે. એવા શાશ્વત આત્માની શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન........આ સમ્યગ્દર્શનથી તો જીવન મીઠું બની જાય.

ચાણક્ય નાનો હતો. એને ઘેર સાધુ વહોરવા આવ્યા. બાળકના દાંત જોઈને સાધુના મોં પર સુંદર સ્મિત આવ્યું. માએ કારણ પૂછ્યું. સાધુએ બાળકના દાંત જોઈને કહ્યું કે,

આ બાળક સમર્થમાં સમર્થ સમ્રાટ થવાનો હોય એવાં ચિહ્નો છે. મા ધર્મિષ્ઠ હતી. થયું કે, સમ્રાટ થવું એ એક ભવની વાત છે, પણ સમ્રાટ થતાં સંહાર કરી દુર્ગતિએ જવું એ ભવોભવની વાત છે. એના કરતાં સમ્રાટ ન થાય તો શું ખોટું? માએ કાનસ લઈને દાંત ઘસી કાઢયા. બાળકને ખૂબ દુઃખ થયું. મા બાળક માટે આ ભવનું નહિ પણ ભવોભવનું હિત ઇચ્છે છે. બાળકના આત્માના હિત માટે માએ હૃદય કઠોર કર્યું. ચાણક્ય સમ્રાટ ન થયો પણ પછી સમ્રાટનો સર્જક જરૂર થયો.

તમે બાળકનું શ્રેય ઇચ્છતા હો તો જીવનમાંથી ચૂંટી ચૂંટીને સારી વાતો કહો. બાળકનું મન કોમળ,સુકુમાર, નિર્દોષ હોય છે. સારી વાતો મૂકતાં બાળકના મનમાં સ્વપ્નો ઊભાં થાય છે. દરેક બાળક આગળ કાંઈ ને કાંઈ આદર્શ મૂકો. એ આદર્શ માટે એના મનમાં વિચાર ઊભા કરો. તમે બાળક આગળ સારી વાત ન મૂકો, સુંદર આદર્શ ન મૂકો એટલે એ નિર્દોષ બાળક સિનેમામાંથી નકલ કરે છે, ખરાબ શીખે છે.

આ સ્વજનો ગયા જન્મમાં હતાં, આ જન્મમાં છે, આવતા જન્મમાં રહેવાનાં છે. આ જન્મમાં આવેલ સ્નેહીનું સારું કરીએ તો આવતાં જન્મે તેઓ ઊંચા આવે.

બાળકોના મનમાં સુંદર વિચારોનાં બીજ વાવવાથી તેમની મનોભૂમિ પર તે વૃક્ષ બનીને આવે છે. બાળકને સુંદર વિચારો તથા સુંદર વાચન આપી તેમનું મન તૈયાર કરવાનું છે. પહેલાં સુંદર મન, પછી જ ધન. આજે મન ઓછું, પણ ધન વધારે છે.

આત્મજ્ઞાનવાળી વ્યક્તિ સુખ અને દુઃખમાં સમાન રહે. પૈસાથી અહંકારી ન બને, નિર્ધનતામાં દીન અને કંગાલ ન બને. સાધનોની વિપુલતામાં એટલી જ નમ્રતા અને સાદાઈ રહે તે આ દષ્ટિના જ પ્રતાપે.

ચરોતરમાં વિહાર કરતાં એક ધનાઢ્ય ભાઈ મળ્યા. તેમના કપાળમાં મોટો ઘા હતો. ગરીબમાંથી શ્રીમંત થયા હતા. સાદાઈથી રહે અને પૈસા દાન વગેરેમાં વાપરે. એમના કપાળના ઘા વિશે પૂછતાં તેમણે કહ્યું કે, " આ ઘા મારો ગુરુ છે, તેણે ગુરુનું કામ કર્યું છે. નાનપણમાં હું એક ધનવાનના મકાનની બાજુમાં રહેતો હતો. ધનવાનના દીકરા રમવા આવે ત્યારે કોઈ વાર ખિસ્સામાંથી ચોકલેટ વગેરે કાઢીને ખાય અને કોઈ વાર મને આપે. એક વાર તેમની માએ આપવાની ના કહેવાથી મને ન આપી. બાળકો માએ આપેલ વિચારોનું પ્રતિબિંબ છે. હું ઘેર જઈ રડવા લાગ્યો. માએ ઘણું સમજાવ્યો પણ મેં હઠ પકડી. માએ ધનવાનને હાથ જોડીને કહ્યું કે 'તમે તમારાં છોકરાંઓને ઘરમાં ગમે તે ખવડાવો પણ બહાર જઈને અમારાં છોકરાંનાં દેખતાં ખાય ને એ જોઈને અમારાં છોકરાં અમારી પાસે માગે ને અમને હેરાન કરે એ ઠીક નહિ.' આ સાંભળી શેઠાણી તો ગરમ થઈ ગઈ. કહે : 'મારાં છોકરાં બજારમાં અને શેરીમાં બધે ફાવે તે ખાશે.' અને મારી માને બહાર કાઢી. હું સમજ્યો કે મા અંદર ચોકલેટ લેવા ગયેલી છે. મા નીકળી એટલે મેં ચોકલેટ માગી. માને દુઃખ થયેલું, અપમાન થયેલું એટલે મારી આ માગણીથી ગુસ્સે થઈ, ને બાજુમાં પથ્થર

પડેલો તે ઉપાડી મારા પર ઘા કર્યો. મને વાગ્યું, લોહીની ધારા નીકળી. માને ઘણું દુઃખ થયું ને હું ફરીથી માગવાનું ભૂલી ગયો. મોટો થયો, પૈસાદાર થયો, પણ ઘા રહી ગયો. રોજ અરિસામાં મોં જોતાં ઘા યાદ આવે છે. એની પાછળ રહેલી જિંદગીની વાત યાદ આવે છે. એ ઘા જાણે કહેતો હોય છે: 'બીજાના સુખે તારા કપાળમાં ઘા કર્યો પણ હવે તારું સુખ બીજા કોઈના કપાળમાં ઘા ન કરે તે ધ્યાન રાખજે.' મેં મારા ઘામાંથી આ પાઠ લીધો, મેં એને મારો ગુરુ માન્યો."

દરેક માણસે એ વિચારવાનું છે કે આપણું આધ્યાત્મિક સુખ બાળકને પણ કેમ મળે. એવું જ્ઞાન એને કેમ પ્રાપ્ત થાય જેથી કોઈકના કપાળમાં એ ઘા કરી ન બેસે, સમાજને નુકસાન ન કરી બેસે. આ જવાબદારીની વાત છે. એ માટે પહેલાં આપણને એવું દર્શન થવું જોઈએ, એવી લગની લાગવી જોઈએ કે જેથી આત્મા શુદ્ધ બને. આ આત્મા સર્વમાં છે, ગયા જન્મમાં હતો, આ જન્મમાં છે અને હજુ પ્રવાસ ચાલુ જ છે, એવું જ્ઞાન થાય.

ઉપવાસ, ધ્યાન, તપ જે કરો છો તે આત્માની નિર્મળતા માટે છે, કારણ કે એમ કરતાં કરતાં શુદ્ધિનો અનુભવ થાય છે.

આત્મા છે એવી પ્રતીતિ થઈ એ દર્શનની શરૂઆતનું લક્ષણ છે. મોક્ષ મળ્યો એટલે દર્શનની પૂર્ણાહુતિ. આત્માની ઓળખ એટલે દર્શનનો પ્રારંભ; અને કર્મોથી આત્માની મુક્તિ એ દર્શનની પૂર્ણાહુતિ.

તમે માત્ર આ દેહને જ ઓળખો છો—આત્માને ભૂલીને. આત્માની ઓળખાણ ન થાય ત્યાં સુધી કંઈ નથી.

જે પોતાને જ ન ઓળખે, હું આત્મા છું, જ્યોતિર્મય છું, ત્રણ કાળમાં મરવાનો નથી ન જાણે તે તે બીજાને ચૈતન્યરૂપે કેવી રીતે ઓળખે? જે પોતાને જ જડરૂપે જુએ, અને માને કે પોતે પંચભૂતનું પૂતળું છે તે પોતાનાં સગાંઓને પણ પંચભૂતનાં પૂતળાં જ સમજે ને? જે પોતાને આત્મારૂપે ઓળખે છે તે જ અધ્યાત્મની ઓળખ દ્વારા જગતમાં ચૈતન્યનો ધબકાર જુએ છે. એને એમ થાય કે બધામાં મારા જેવો આત્મા પડ્યો છે. જેનામાં આત્મજ્ઞાન નથી તેના દુઃખનો પાર નથી. આવા માણસો માત્ર શરીરને ઓળખે છે અને શરીરમાં થોડું ખરાબ થાય તો તેને દુઃખ થાય છે.

ભારતીય સંસ્કૃતિ કહે છે કે સ્ત્રીપુરુષે લગ્નમાં પણ એ વાત ભૂલવાની નથી કે માત્ર સંસારના તુચ્છ ભોગ માટે આ જોડાણ નથી, પણ ધીમે ધીમે મોક્ષમાર્ગના સાથી થવા જોડાયા છીએ. આ ભારતીય સંસ્કૃતિમાં પતિ માંદો થાય કે અપંગ થાય તો નભાવવાની ભાવના છે. પત્ની બીમાર થાય કે લાંબી માંદગીમાં આવી જાય તોય પતિ એની કાળજી કરુણાપૂર્વક લેતો જ રહે છે.

જ્યાં ધર્મ નથી ત્યાં પતિ લાંબો સમય માંદો રહે તો છૂટાછેડા લેવાય છે, કારણકે પંચભૂતનાં પૂતળાં સુખ ન મળતાં છૂટ જ પડે ને.

આત્માની ઓળખાણ થતાં સંસાર અનાસક્તિવાળો અને ઉચ્ચ વિચારણાનું ધામ બને છે. અત્યારે લોકો તુચ્છ સ્વાર્થ માટે ભેગાં થયાં છે. ઊણપ આવી તો તમે તમારે રસ્તે અને હું મારે રસ્તે. બન્નેના રસ્તા જુદા. પણ આત્માની

ઓળખથી તો બન્ને એકબીજાને માટે સહન કરે છે.

અંજના સતીને પતિનો વિયોગ ૨૨ વર્ષ રહ્યો. પવનંજય સામે જુએ કે નહિ પણ બાઈ કહે કે, આ તો શરીરની વાત છે; ચાલો સંયમ પળાશે; તે છતાં એના આત્માને હું તારીશ. ૨૨ વર્ષે જ્યારે પવનંજયની આંખ ઊઘડે છે ત્યારે પશ્ચાત્તાપ થાય છે. રડે છે. કહે છે કે, "હું દુષ્ટ હતો." પત્ની કહે છે કે, "તમે દુષ્ટ હતા જ નહિ. જો દુષ્ટ હતા તો આંસુ ક્યાંથી? હવે તો દુષ્ટતા પણ ધોવાઈ ગઈ." જાણે કે ૨૨ વર્ષમાં કાંઈ બન્યું જ નથી. આવી વાત આત્માની ઓળખાણથી થાય.

રત્નત્રયીની ત્રિપુટી જીવનમાં આવી જાય. ઓળખ થાય તો સંસાર જુદો જ બને. પછી તમે સાથે રહો પણ ઊર્ધ્વગતિએ પહોંચવા સદા તત્પર રહો.

આત્માની ઓળખાણ પછી નવમે ભવે રાજુલ અને નેમ મોક્ષ પામ્યાં. નેમે જ્યારે રાજુલને પરણવાની ના કહી ત્યારે રાજુલ તેની બહેનપણીને કહે છે, "એ ભલે હાથ પર હાથ ન મૂકે, પણ માથા પર તો હાથ મૂકશે ને?" આ આત્માની ઓળખાણ છે.

આત્મા છે એ જાતની સમજણ થાય ત્યારે દર્શનનો પ્રારંભ થાય. એ માર્ગે સાધના કરતાં કરતાં આત્મા કર્મમાંથી મુક્ત થાય આત્મા કષાય અને વિષયથી મુક્ત થયો એટલે દર્શનનું કામ પૂર્ણ થયું.

આત્મા માટે તલસાટ, ભૂખ તે સમ્યગ્દર્શન.

હું ચેતન છું એ દર્શન. જ્યાં સુધી દર્શન નથી, ત્યાં

સુધી હું શરીર છું; દર્શન થાય એટલે હું આત્મા છું.

શરીરને સુખદુઃખના આઘાત-પ્રત્યાઘાત લાગે છે. આત્મજ્ઞાનીને સુખદુઃખના આઘાત-પ્રત્યાઘાત નથી લાગતા.

આત્મા સ્વામી છે, દેહ દાસ છે. આત્માએ શરીર ધારણ કર્યું છે. શરીર ધારણ કરનાર સ્વામી ધારે ત્યારે દેહને ફગાવી શકવાની સ્વતંત્રતા ધરાવે છે. જેમ કોઈ માલિક કહે કે આ નોકર છે; તેમ આત્મા કહે કે આ મારું શરીર છે. 'મારા'નો અર્થ મારાથી ભિન્ન એમ થાય છે. એકતા હોય તો તે સંબંધની છે. સંબંધ તૂટતાં આત્મા જુદો અને દેહ જુદો. સંબંધ પૂરો થયો એટલે દુઃખ પણ દૂર થયું. ઘણાય એવા સુકુમાર શરીરવાળા માણસો છે, જેમનાથી જરીયે તાપ સહન ન થાય, પણ સંબંધ પૂરો થતાં આત્મા આગળ વધે છે, પછી પાછળ રહેલા શરીરને બાળવામાં આવે છે; અને છતાં એ ફરિયાદ કરે કે મારાથી તાપ સહન નહિ થાય! આ વાત વિવેકદૃષ્ટિથી વિચારવાની છે-મૃત્યુ પછી નહિ, પણ જીવતાં સમજવાની છે; દ્રષ્ટા બની આ વસ્તુને જોવાની છે. દ્રષ્ટાની દૃષ્ટિ મળતાં તમે આજે જેને સ્વ માનો છો તે પર લાગશે. વસ્તુમાંથી સ્વત્વ નીકળી જતાં નિર્મમત્વની શાન્તિ મળશે. પછી શરીર પર દુઃખ થતું દેખાશે, પણ દુઃખનો સ્પર્શ નહિ થાય. દ્રષ્ટા બની જોનારને દુઃખ પડે ખરું, પણ સ્પર્શે નહિ.

આ પ્રયોગ બહુ વાર કરવો પડશે. પ્રારંભમાં કઠિન લાગશે પણ ધીરે ધીરે દૃષ્ટિ ખીલતાં ભિન્નતાનું જ્ઞાન વધતું જશે. પ્રયોગ વગર આગળ નહિ વધાય. પ્રસન્નતાપૂર્વક

ઉપવાસ કરતા અને ઉપવાસ કરી પ્રસન્નતા માણતા સાધકોને તમે જોયા છે? ભૂખ્યા છતાં પ્રસન્ન. ભૂખ લાગે પણ સ્પર્શે નહિ. અંદરની જાગૃતિનું આ જીવંત પરિણામ છે.

સમ્યક્ત્વની આ એક ભૂમિકા છે, જેનાથી ચિત્ત સ્થિતપ્રજ્ઞ થઈ જાય છે. સંપત્તિની જેમ વિપત્તિને પણ એ સ્વીકારે છે. એવી ભૂમિકાએ પહોંચેલો આત્મા સસ્મિત કહેશે: "તરંગો ગમે તેટલા આવે પણ નૌકા તરવા તૈયાર છે. સંપત્તિની ભરતી આવે કે વિપત્તિની ઓટ, પણ અમારી નૌકા તો તરવાની જ. જીવન છે તો સુખ અને દુઃખ આવવાનાં જ, કારણકે જીવનનો એ માર્ગ છે. આપણી આસપાસ બધા જ્ઞાની નથી. આપણે ઘણા ઘણા અજ્ઞાનીઓથી ઘેરાયેલા છીએ. ઘણી વાર મહાનમાં મહાન પુરુષોને એમના જીવનકાળ દરમિયાન એમના ઘરનાં પણ એમને નથી ઓળખી શકતાં; એ અણપ્રીછ્યાં જ રહી જાય છે. એમ જ લાગે કે ઘરના માણસો જાણે ધર્મશાળામાં આવી રહેલા મુસાફરોની જેમ વસે છે. જ્ઞાનદૃષ્ટિને કારણે એકબીજાથી અલિપ્ત રહેતા હોય તો તેમની આ જળકમળવત્ સ્થિતિ વિશે સમજી શકાય, પણ આ તો અજ્ઞાનના માર્યા અજાણ્યા રહે છે.

આપણાં પ્રિયમાં સ્વજનો પણ આપણને અંદરથી નહિ પણ બાહ્ય દૃષ્ટિથી જુએ છે. અંદરથી જોવા માટે તો આંખ જોઈએ. જે પોતાને જ ન જુએ તે સામાના આત્માને કેમ જુએ? આમાં માત્ર સામાનો જ વાંક નથી. જેમ એ તમને નથી જોઈ શકતા તેમ તમે પણ તમારા સ્વજનને આંતરદૃષ્ટિથી નથી જોઈ શકતા. અજ્ઞાનીઓની આ કેવી વિષમતા-

ભરી એકલતા છે? સમ્યગ્ દર્શનથી આત્મદૃષ્ટિ ખૂલે પછી માનવી દેહને નહિ, દેહધારીને જુએ છે; શરીરને નહિ, આત્માને જુએ છે.

ભૌતિક જ્ઞાન વસ્તુઓનો સંગ્રહ કરાવે છે, આત્માનું જ્ઞાન સંગ્રહમાંથી મુક્ત કરાવે છે. વિજ્ઞાનથી પ્રાપ્ત થયેલ સાધનો બંધનકારક બને છે, જ્યારે આત્મજ્ઞાનથી પ્રાપ્ત સાધનો બંધનમાંથી મુક્ત થવામાં સહાયક થાય છે. આ જ્ઞાન એ સમ્યગ્ જ્ઞાન છે.

એક નૌકામાં આઠ પ્રવાસી છે. એ સૌ યુવાન અને ભણેલા છે. દરેક જુદા જુદા વિષયમાં સ્નાતક થયેલા છે. નાવ પાણીમાં તરતી આગળ જઈ રહી છે. અડધે પટે ગયા પછી કોઈએ પૂછ્યું કે, કેટલા વાગ્યા હશે? જવાબ આપવાને બદલે સૌ યુવાન મશ્કરી કરવા નાવિકને જ પૂછે છે: "ભાઈ તારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે?" નાવિક કહે: "મને વાંચતા જ આવડતું નથી ત્યાં ઘડિયાળ રાખીને શું કરું?" સૌ બોલી ઊઠે છે: "તારી અડધી જિંદગી પાણીમાં ગઈ. વાંચતાં પણ ન આવડે?" થોડી વારમાં શહેર નજીક આવતું દેખાયું. ટાવરમાં ટકોરા પડે છે. યુવાનો પેલા નાવિકને પૂછે છે: "વાચતાં તો ન આવડે પણ બરાબર ગણતાં તો આવડે છે ને? ગણ જોઈએ, કેટલા ટકોરા થયા?" "ભાઈઓ, મને ગણતાંય બરાબર નથી આવડતું." ત્યારે સૌ ખડખડાટ હસી પડચા અને કહે: "તારી પોણી જિંદગી પાણીમાં ગઈ."

થોડી વાર પછી ઉપરવાસથી પૂર આવતું દેખાયું. નાવિકે જાહેર કર્યું: "પૂરનું ખૂબ જોર છે! પૂર આવી પહોંચતા

નૌકા કદાચ ગુલાંટ પણ ખાઈ જાય. તમને તરતાં આવડે છે?" કોઈને તરતાં આવડતું નહોતું. એટલામાં પૂર આવ્યું. નાવ ડૂબવા લાગી. નાવિકથી ન રહેવાયું. એણે કહ્યું: "મારી પોણી જિંદગી પાણીમાં ગઈ, પણ પા બચી જશે; જ્યારે તમારી તો હવે આખીય જિંદગી પાણીમાં જવાની. અહીં તરવાના જ્ઞાન સિવાય બીજું બધું જ્ઞાન નકામું છે."

આ વાત સૌને લાગુ પડે છે. તમને બીજું બધું જ્ઞાન છે, બધી રીતે હોશિયાર છો, આ બધું ખરું, પણ સંસાર-સાગરમાં કેમ તરી જવું તે આવડે છે? જ્ઞાનીઓ કહે છે: ભવસાગરને કેમ તરી જવો તે જાણે તે જ્ઞાની.

જ્ઞાનની બે શાખા છે: વિષયપ્રતિભાસ અને આત્મસ્પર્શી. પહેલું જ્ઞાન ભાડે મળે. સ્કૂલ અને કૉલેજમાં પણ મળે. આત્મસ્પર્શી જ્ઞાન ભાડે નથી મળતું; એને માટે અંદર ડૂબકી મારવી પડે છે, પોતે પોતાને પ્રશ્ન કરી, પોતાને જાણવો પડે છે, આવા જ્ઞાનવાળો દુનિયામાં વસતાં જેમ હસે છે તેમ દુનિયાને છોડતો હોય છે ત્યારે પણ હસતો હસતો છોડી શકે છે.

ભગવાન મહાવીરે દેહ છોડતાં પહેલાં સોળ પ્રહરની છેલ્લી દેશના આપેલી. તેમને થયું કે મારી પાસે જે છે તે સૌને આપતો જાઉં. જ્ઞાનના ખજાના જેવું ઉત્તરાધ્યયનસૂત્ર માનવજાતને આપ્યું. આ સુધાની વૃષ્ટિ પ્રસંગે પણ તેમના મુખકમળ પર કેવો અહ્‌લાદ હતો! એમને એમ જ થતું હશે ને કે જતાં જતાં જગતના હૃદયના પ્યાલા જ્ઞાનથી છલકાવી જાઉં!

જેને મરતાં આવડે તે જીવ્યો કહેવાય. એક તત્ત્વજ્ઞાનીએ કહ્યું છે: અકસ્માતને બાદ કરતાં મને કહો કે કોણ કેમ મરી ગયો, તો હું કહીશ કે એ કેમ જીવી ગયો, મરણ એ જીવનનું સરવૈયું છે. અકસ્માતમાં પૂર્વજન્મનું કર્મ ચાલ્યું પણ આવતું હોય એટલે એમાં માણસનું કંઈ ન ચાલે. પણ તે સિવાય સામાન્ય રીતે તો જીવન જેવું જિવાય તેવું જ મૃત્યુ થાય. જીવનનનો વળ મૃત્યુના છેડામાં છે.

વિવેકી માણસ જીવનનો છેડો સુંદર કેમ થાય તેનો જ વિચાર કરે છે. એટલા માટે આ સમ્યગ્ દર્શન પછી સમ્યગ્ જ્ઞાનની જરૂર છે. આત્મા શું છે, ક્યાં જવાનો છે, કેવી રીતે કર્મથી ભારે થાય છે, કેમ મુક્ત થાય અને અમૃત-તત્ત્વનો ભોક્તા બને તે જાણવાનું છે

યાજ્ઞવલ્ક્ય આત્મસાધના કરવા અરણ્યમાં જતાં પહેલાં પોતાની બધી સંપત્તિ વહેંચે છે. આ જોઈ પત્ની મૈત્રેયીએ તેમને પૂછ્યું : " આપ મને પણ શું આ સંપત્તિ જ આપવા માગો છો ? અને એ જો આપવા જેવી વસ્તુ હોય તો આપ એને તજવા કેમ તત્પર બન્યા છો ? આનાથી મને અમૃતનું તત્ત્વ મળનારું ખરું. જેનાથી અમૃત ન મળે તે લઈને હું શું કરું ? જે લીધા પછી છોડવું પડે તે લીધું પણ શા કામનું. મને તો તમે જે સાધનાથી આત્મતત્ત્વ પામવાના છો એ બતાવો."

આ આત્મજ્ઞાન પામવા શાંતિની પળોમાં ચિંતન કરવાનું છે. શાંત વાતાવરણમાં જ તળિયે રહેલી વસ્તુ દેખાય છે, ધાંધલમાં કંઈ ન દેખાય. તમે ધ્યાન કરવા બેસો છો

ત્યારે પણ તમારી આગળ–પાછળ ખેંચતાણ હોય છે. તમારા મન પર કેટલું બધું દબાણ છે? સુખીમાં સુખી માણસ પણ આ દબાણથી મુક્ત નથી. આવો માણસ શાંતિની લહેજત કેમ માણી શકે? વધારે સાધન એટલે વધારે દોડ! રે, ખાવામાંય શાન્તિ ન હોય તો સ્વાધ્યાય માટે તો હોય જ ક્યાંથી? તમે સુખી છો? સુખ શું છે? સુખ એટલે શાંતિ. તમને શાંતિ છે? જ્યાં સુધી શાંતિ ન સંભવે ત્યાં સુધી વસ્તુનું દર્શન કેમ થાય?

સ્નાન કરતાં, પાણીના હોજમાં તળિએ જઈ પડેલી હીરાની વીંટી પાણીમાં તરંગો હોય તો ન દેખાય. પાણી નિર્મળ થાય અને તરંગ શાંત થાય તો જ દેખાય. તેમ હૃદયની વસ્તુ પણ ક્યારે દેખાય? ચિત્ત શુદ્ધ થાય અને શાંત થાય ત્યારે.

અજ્ઞાનીનું કામ તરંગો વધારવાનું છે, જ્ઞાનીનું કામ તરંગો શાંત કરવાનું છે. જેટલા તરંગો ઓછા તેટલી શાંતિ વધારે. જેટલી વસ્તુ વધારે તેટલા તરંગો વધારે. ઘણીવાર તો આખો માણસ જ એમાં દટાઈ જાય છે.

વસ્તુઓ માણસને ઉપર લાવવા માટે હોય, નહિ કે એને ઢાંકી દેવા. જેમ પેલા અજ્ઞાની ભક્તો ભગવાનની પૂજા કરવાને બદલે ભગવાનને જ ફૂલોથી ઢાંકી દે છે, તેમ માણસ વસ્તુઓથી ઉપર આવવાનો બદલે પોતે જ વસ્તુઓથી ઢંકાઈ જાય છે.

આ બધાં Means છે, End નથી. સાધન છે, સાધ્ય નથી. સાધન અને સાધ્યનો ભેદ સમજાતાં તમે જ તમને પૂછશો: હું મારો શેઠ છું કે નોકર છું?

વાતાવરણ માણસની પરિસ્થિતિ પર નિર્ભર છે. માણસ નિર્બળ તો વાતાવરણ બળવાન. માણસ સબળ તો વાતાવરણ નિર્બલ. પછી વાતાવરણ માણસને નહિ, માણસ વાતાવરણને બદલે છે.

તમારી શાન્તિના ભોગે તમે કંઈ જ ન કરો. સ્વાધ્યાયની મજા શાન્તિમાં છે. સ્વનું અધ્યયન તે સ્વાધ્યાય. આ સ્વનું અધ્યયન શાંતિ વિના કેમ થાય ?

તરંગો વિહોણા શાંત જળમાં જેમ સ્પષ્ટ પ્રતિબિમ્બ પડે છે તેમ નિર્વિકારી અને વિકલ્પ વિહોણા શાંત અને સ્વચ્છ ચિત્તમાં 'હું કોણ'નો અનુભવ-પ્રકાશ ઝિલાય છે.

"હું કોણ છું" એનો અનુભવ નથી એટલે જ લોકો પરદત્ત નામના મોહમાં ફસાયા છે. નામના માટે માણસ પરેશાન પરેશાન થઈ જાય છે. ઘણી વાર તો એ નામની આ ભૂખને તૃપ્ત કરવા ધર્મસ્થાનોમાં અને સાધુસંતો પાસે પણ જતો હોય છે. ત્યાં ધર્મ કરતો કરતો પણ પોતાનું નામ કેમ વધે તે આડકતરી રીતે જોતો રહે છે. નામની મહત્તા એટલી બધી છે કે મરણ-પથારીએ પડેલા માણસનું નામ બોલો એટલે એ આંખ ઉઘાડે. તે વખતે ઘરના કોઈ યાદ ન આવે પણ પોતાનું નામ તો યાદ આવે જ. વિચારી જુઓ : નામ જન્મથી નથી લાવ્યા; નામ પાડેલું છે, આપેલું છે, બીજાએ દીધેલું છે; છતાં તે માણસના મનને કેવું વળગ્યું છે ! ઊછીની વસ્તુ પર પણ કેટલો મોહ ! જે સાધક આત્મલક્ષી છે, તે કોઈ પણ પ્રકારની પદવીથી રાજી નહિ થાય. તેને નામથી નહિ, રામથી કામ છે. એનું નામ ભૂંસાઈ જાય તોય

એને દુઃખ ન થાય. એ જાણે છે કે હું તો અનામી છું. નામ કોઈએ આપ્યું હતું અને એમણે જ ભૂંસી નાખ્યું.

નાની નાની વાતમાં લોકો અકળાઈ જાય છે. આત્મના અજ્ઞાનને લીધે માણસો આળા મનના થઈ ગયા છે. એમને નાની નાની વાતમાં અપમાન લાગે. જરીકમાં નારાજ થઈ જાય. પણ એ ભૂલી જાય છે કે જે પોતાની જાતનું જ ગૌરવ ન સમજે તે તમને ગૌરવ ક્યાંથી આપે! જે પોતાને સમજે છે તે બીજાને સમજવા કંઈક સફળ થઈ શકે છે.

એક જાહેર પ્રવચનમાં પ્રવચન શરૂ થતાં પહેલાં, એક આગેવાન ભાઈ મારી ઓળખ આપવા ઊભા થયા. મને મનમાં થયું: પહેલાં તું તારી ઓળખ તો આપ. જેની ઓળખ આપવાની છે તેની કોઈ આપતું નથી; બારદાનની જ વાતો કરે છે, માલને તો કોઈ પૂછતું જ નથી?

કોઈ આપણા માટે બોલે તો વિચારવું કે ઠીક છે, એ મારા વિષેનો બાંધેલો એમનો અભિપ્રાય છે; મારી ઓળખાણ નથી. અભિપ્રાય બધા ચર્મચક્ષુના છે, ઓળખ દિવ્ય નયનની છે. દિવ્ય નયનમાં હું કોણ છું તેની જાણ છે. એ જ્ઞાનદૃષ્ટિ છે. આ દૃષ્ટિના વિકાસ પછી લોકો પૂછે તો પોતાનું નામ જરૂર બતાવે, પણ અંદરથી ન્યારો રહે—એમાં આસક્ત ન થઈ જાય. આ દૃષ્ટિ આવતાં સંપ્રદાયોનો મોહ એની મેળે જ વિલીન થઈ જશે. એકતા માત્ર ભાષણોથી નહિ, સમજણથી આવે છે. આત્માની સાચી સમજ વધતાં ગચ્છ અને ફિરકાઓનાં બંધન એની મેળે જ તૂટી જશે. ઝાડ મોટું થાય તો વાડ રહે? અરે, ઘણી વાર તો ઝાડનો વિસ્તાર વાડને તોડી નાખે છે!

આત્માની સમજ વિનાની એકતા એ ઉપરની એકતા છે. નીચે નામનો મોહ તો છુપાઈને બેઠો જ છે; નામનાની જરાક તક મળતાં એ એકતામાં તડ પડતાં વાર નહિ લાગે! અજ્ઞાનીઓની એકતા પાણીથી બાંધેલા રેતીના લાડુ જેવી છે. તાપ પડતાં એ છૂટા પડ્યા વિના નહિ રહે.

સમ્યક્ જ્ઞાનની દૃષ્ટિ જ કોઈ ઓર છે; એમાં સહજ સંપ–શુદ્ધ પ્રેમ છે. આ દૃષ્ટિમાં આત્માનું જોડાણ છે. નામ ઓગળી ગયું છે. બસ, પછી આત્માઓની પ્રેમમય સૃષ્ટિ જ છે, આત્મમિલનનો પરમ રસ છે, આત્મદૃષ્ટિ રસેશ્વર છે.

તમને કાચમાં જોવાની કળા આવડે છે? તમે તમને બરાબર જુઓ છો? અંદર કોણ દેખાય છે? આત્મા દેખાય છે કે શરીરનું પ્રતિબિંબ દેખાય છે? અંદર દેખાય છે તે તું નથી; તું તો, નથી દેખાતો તે તું છે. શરીર દેખાય છે, પણ તે દેખી શકતું નથી. તે તો શરીરની અંદર, આંખની બારીની પાછળ બેઠો છે, કાચની સામે તો પૂતળું ઊભું છે. પૂતળું પોતે પોતાને જોઈ શકતું નથી. આત્મા પ્રયાણ કરી જતાં આ પૂતળું થોડું જ પોતાને જોવા કાચની સામે ઊભું થવાનું છે? પેલો જે નિરાકાર છે તે આ આકારને જોઈ રહ્યો છે. આકાર બદલાયા કરે છે. નાનામાંથી મોટો થાય, મોટામાંથી વૃદ્ધ થાય; વૃદ્ધ થતાં ઘસાઈને ક્ષય થાય! યૌવનમાં માંસથી લસલસતી કાયા ઘડપણમાં મૂઠીભર હાડકામાં ફેરવાઈ જાય છે ને?

આ બધી વધઘટ છે. વધઘટ એટલે પુદ્ગલ. પુદ્ગલની વ્યાખ્યા જ એ કે પુરાવવું અને ગળવું. ભરાય, ખાલી થાય. કેવી રીતે ભરાય અને કેવી રીતે ખાલી થાય તે વિચારો એટલે પુદ્ગલની અસારતા અને ચંચલતા સમજાશે.

કોઈએ પૂછેલું કે શરીર અને આત્માને જુદાં કેમ જાણવાં? પૂછનાર ભાઈ સુખી હતા. જ્યાં જાય ત્યાં કેમેરો તો તેમની પાસે હોય જ. ફોટાના ભારે શોખીન.

મેં કહ્યું: જેની વધઘટ—ક્ષય અને વૃદ્ધિ—થાય તે શરીર; અને જે સદા શાશ્વત, અક્ષયી તે આત્મા. તમે તમારા ફોટા પાડ્યા કરો છો, પણ શૈશવથી આજસુધીના વિવિધ ફોટાઓને ક્રમશઃ ગોઠવી, કોઈક દિવસ વિચાર તો કરો કે આમાં હું કોણ? આ બાબો કે આ યુવાન? તમને ખ્યાલ આવશે કે આ જે દિવસરાત બદલાયા કરે છે અને વધઘટ થયા કરે છે તે હું નથી; આ તો મારી અવસ્થા છે. હું તો અવસ્થાથી પર છું. સ્થિર છું.

પેલા મસ્ત આત્માએ ગાયું છે—

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું;
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

હંસલો નાનો છે–એ તો એ જ છે–પણ આ દેહદેવળ જૂનું થયું છે. આ સમજણે જ યોગીઓ સદા મસ્ત રહે છે. તેમને ઘડપણ આવે, પણ સ્પર્શે નહિ. મૃત્યુ આવે તો કહે: "ચાલો, હવે નવા ઘરે જઈએ." આ અનુભવ થાય. તો આનંદની સુવાસ લેતા લેતા જિવાય અને જીવતાં જીવતાં આનંદની સુવાસ ફેલાવાય.

આમ માણસનું જ જીવન પ્રેરણા બનવું જોઈએ. જેનું જીવન પ્રેરણારૂપ નથી તેને તો એના પુત્રો પણ પ્રેમથી યાદ નથી કરતા; અને કહે છે: “પૈસા મૂકી ગયા એમાં શું નવાઈ કરી ગયા? સાથે લઈ જવાતા હોત તો એક પૈસો પણ રહેવા ન દેત. શું કરે? લઈ ન જવાય એટલે મૂકી જ જાય ને?” સંસ્કાર વગરનાં ઘરોમાં તો પુત્રપુત્રીઓ માતાપિતાને પગે લાગતાં ય શરમાય. વારસો જોઈએ છે, વર્તન નહિ; પૈસો જોઈએ છે, માબાપનો પ્રેમ નહિ.

સારાં કામ તો કરવા નથી. પ્રેરણારૂપ બનવું નથી. લોકો એને યાદ કરે તે માટે એ જ્યાં જાય ત્યાં ધર્મશાળામાં પણ કાળા કોલસાથી પોતાનું નામ લખે. ઊજળું નામ કરવાને બદલે કાળું કર્યું. નામ દીવાલ પર નહિ, પણ હૃદયમાં રહે છે. કોલસાથી નહિ, પણ પ્રેરણામય જીવનથી લોક-સ્મૃતિમાં અમર થવાય છે.

પ્રભાતે પ્રતિક્રમણમાં બોલાતી ભરતેશ્વરની સ્તુતિમાં કોનાં નામ ગવાય છે? ભરત, સીતા વગેરે. સતા અને સતીઓ પોતાના અકલંક શીલના તેજથી આજ પણ જીવંત છે. એમના યશનામનો રણકો ત્રણે ભુવનમાં પ્રભાતના મંગળમય વાતાવરણમાં ગુંજે છે. પ્રેરણાદાયી જીવન ‘સ્વ’ અને ‘પર’ બંને માટે કલ્યાણપ્રદ છે.

જ્ઞાનના પ્રકાશથી જેઓ જીવન જીવે છે, તેઓ પ્રકાશ દ્વારા જીવન અને મૃત્યુ બંનેને જાણે છે એટલે એ અભય છે. આ જન્મ પહેલાં પણ જીવન હતું અને આવનાર મૃત્યુ પછી પણ જીવન રહેવાનું છે. આ કિનારે

પણ જીવન છે અને સામે કિનારે પણ જીવન છે. વચ્ચે જન્મ-મરણનો પ્રવાહ છે. કર્મ-વાસનાને લીધે આ આત્માને જન્મમરણના ચકાવામાં પરિભ્રમણ કરવું પડે છે. જેમ કોઈ તુંબડા પર કીચડના થર જામ્યા હોય તો તે કીચડના કારણે એટલા સમય પૂરતું પાણીમાં ડૂબે, પણ ઉપરનો કીચડ અને કચરો દૂર કરો એટલે એ તરત અદ્ધર આવે અને પાણીની સપાટીની ઉપર આવી તરવા લાગે. આત્મા પણ વાસના અને કર્મના કીચડને કારણે જન્મમરણની સરિતામાં ડૂબે છે. એ વાસના દૂર થતાં આત્મા એક ક્ષણમાં ઉપર આવે, એને ઉપર લાવવો નથી પડતો, એ આવે જ. ઉપર આવવું એ જ એનો સ્વભાવ છે. દીપકની જ્યોતનો સ્વભાવ જ છે ઉપર જવું. દીવાને ઊંધો કરો પણ જ્યોત ઊંધી નહિ થાય. જ્યોતનો સ્વભાવ નીચે જવાનો છે જ નહિ. એ તો ઉપર જ જાય.

સમ્યગ્ દર્શન એ આત્માની રુચિ છે, સમ્યક્ જ્ઞાન એ આત્માની સમજણ છે, સમ્યગ્ ચારિત્ર એ આત્માનો અનુભવ રસ છે. આ છેલ્લી ભૂમિકામાં પ્રશ્ન, પ્રશ્ન નથી રહેતો, ઉત્તર બને છે. ગુંજન, ગુંજન નથી રહેતું, તૃપ્તિ બને છે.

ભ્રમર અને ફૂલમાં આ ત્રણે ભૂમિકાનું દર્શન થાય છે. કોઈ એક બગીચામાં સુંદર એવું ફૂલ ખીલ્યું છે. ભ્રમરને તેની સુવાસ આવે છે; સુવાસ આવતાં જ એ ફૂલ અમુક દિશાએ આવેલા બગીચામાં હોવું જોઈએ એવી એને ઝાંખી થાય છે—આ થયું દર્શન. હવે ભ્રમર ઊડતો ઊડતો જે બગીચામાંથી ફૂલની સુવાસ આવે છે ત્યાં પહોંચે છે, ફૂલ ક્યાં છે એ શોધી કાઢે છે—

આ થયું જ્ઞાન. પછી ફૂલની અંદર એ રસપાન કરવા બેસી જાય છે. ન ઉડ્ડયન છે, ન ગુંજન છે, માત્ર ચૂસવાની મગ્નતા છે. શાંત અને મગ્ન બની મધપાન કરવામાં લીન થઈ જાય છે—આ થયું ચારિત્ર. ચારિત્ર આત્મતત્ત્વની રમણતા છે.

તત્ત્વજ્ઞાનની જે બીજી એક પદ્ધતિ છે એ રીતે આ વાત વિચારીએ:

तस्य एव अहम्—तस्यैवाहम् : હું તેનો જ છું—દર્શન

तव एव अहम् तवैवाहम् : હું તારો જ છું—જ્ઞાન

त्वम् एव अहम्—त्वमेवाहम् : તું એ જ હું છું—ચારિત્ર.

દર્શનમાં સાધક પરમાત્માના પ્રત્યક્ષ મિલનથી અજાણ છે. આપ્ત પુરુષના કહેવાથી એને શ્રદ્ધા થઈ છે. આ પ્રથમ ભૂમિકામાં શ્રદ્ધાળુ આત્મા કહે છે: હું તેનો છું. આમાં પોતે પ્રથમ પુરુષમાં છે. ભગવાન ત્રીજા પુરુષમાં છે. ભગવાનને જોયો નથી પણ એના વિષે સાંભળ્યું છે.

પછી આવે છે દ્વિતીય ભૂમિકા. પહેલામાં દર્શન હતું. હવે જ્ઞાન થયું છે. પ્રભુને જોયા છે. એ સામે જ છે એટલે કહે છે: હું તારો જ છું. પોતે પ્રથમ પુરુષમાં છે. ભગવાન હવે બીજા પુરુષમાં છે. નજીક આવ્યો છે.

તું એ હું જ છું—આ ત્રીજી ભૂમિકા છે. પોતે અને પરમાત્મા બંને પ્રથમ પુરુષમાં આવી ગયા. ભગવાનમાં જે ગુણો છે તે બધા પોતાનામાં છે એની એને દૃઢ પ્રતીતિ થઈ છે. એટલે આત્મરમણતામાં કહે છે: તું એ હું જ છું.

દૃષ્ટાન્ત તરીકે ગામડાની કોઈ કન્યાના શહેરના કોઈ ધનવાન યુવક સાથે વિવાહ થયા હોય, વેવિશાળ માબાપે

નક્કી કર્યું હોય; કન્યાએ યુવકને જોયો ન હોય અને સખીઓમાં વાત નીકળે તો કહેઃ હું તેની છું, જોયા પછી એમ કહેઃ હું તારી જ છું. લગ્ન થયા પછી ઘરની સ્વામિની બનીને કહે છેઃ તું એ હું જ છું.

એ જ રીતે કોઈ શેઠને ઘણી દુકાનો હોય, ગામેગામ એની શાખા હોય. અને એની કોઈ શાખામાં કોઈ નવો નોકરીએ રહે અને પૂછે તો કહેઃ હું શેઠનો માણસ છું. શેઠને જોયા પછી કહેઃ હું તમારો જ છું. અને આગળ વધતાં નોકરીમાંથી મુનિમ થાય, મુનિમમાંથી શેઠનો આઠ આનીમાં ભાગીદાર થઈ શેઠના જેવો શેઠ થઈ જાય. શેઠમાં અને એનામાં ભેદ ન રહે ત્યારે કહે ને કે તમે તે જ હું છું!

દર્શન એ આત્માની ઝાંખી છે, જ્ઞાન એ આત્માની સમજ છે. ચારિત્ર એ આત્માની રમણતા છે—પૂર્ણ એકતા છે.

સૂફીની મને એક કવિતા યાદ આવે છે. એક આશક છે. એ પોતાની પ્રિયાને ત્યાં જાય છે. પ્રિયાનું ઘર દૂર છે. છતાં એ ત્યાં પહોંચી જાય છે. સાંજે જઈ એ બારણા ઉપર ટકોરા મારે છે. અંદરથી અવાજ આવે છેઃ "કોણ છે?" આશકે જવાબ વાળ્યો, "હું છું." અંદરથી ઉત્તર આવ્યોઃ "આ સ્થાન નાનું છે, આમાં હુંની જગ્યા નથી!" દ્વાર ન ખૂલ્યું એ ચાલી ગયો. જંગલના એકાન્તમાં જઈ બેઠો. એનું મન ધીરે ધીરે શાન્ત પડ્યું. ચંચળતા શમી ગઈ. મન પરનું ઢાંકણું ઊઘડી ગયું. અંદરથી જ એને જવાબ મળ્યો. એ જવાબમાં જે તત્ત્વ સમાયું હતું તે સમજાતાં એ હસી પડ્યો. ઊભો થયો અને આવ્યો ફરી એ પ્રિયાને

દ્વારે. ટકોરા મારી એ પ્રતીક્ષા કરતો ઊભો જ રહ્યો. અંદરથી ફરી એ જ પ્રશ્નઃ "કોણ છે?" જવાબ વાળ્યોઃ "તું છે." દ્વાર ખૂલ્યું.

તું તે જે સ્વયં છો તે આ જ છે. આ અને તે જુદાં નથી. બિંદુ નાનું દેખાય છે, પણ સિંધુથી જુદી જાતનું નથી. અરે, બિંદુ એટલે જ સિંધુ! બિંદુઓ ન હોત તો સિંધુ સંભવત કેમ? આત્મા ન હોત તો પરમાત્મા આવત ક્યાંથી? વાતનો કે ચર્ચાનો આ વિષય નથી. આ તો અનુભવનો આનંદ છે.

વાસનાના વ્યસનમાં લપટાયેલા મનને મુક્તિની મઝા નહિ સમજાય. બંધાયેલા જંતુને આત્મસ્વાતંત્ર્યમાંથી ઊછળતી ઉર્મિઓની આહ્‌લાદકતા સ્પર્શે પણ કેમ?

નાહી-ધોઈને સ્વચ્છ બનેલા માણસને જરાક ધૂળની રજ અડતાં બેચેની થાય. પણ ધૂળ અને ઉકરડામાં જ આળોટતા પ્રાણીને સ્નાન કરી શુદ્ધ થવાનો વિચાર સરખોય સ્પર્શે?

શક્તિ ચંચળતામાં નહિ, સંયમમાં છે. અવાજોમાં નહિ, અંતરમાં છે. અંતરમાં ઊતરીને જુઓ કે અંદર કેવો પ્રશાન્ત શક્તિનો સ્રોત વહી રહ્યો છે!

Atom-અણુ ફૂટતાં અંદરથી શક્તિ પ્રગટે છે તેમ અહંનું કોચલું ફૂટતાં અંદરથી સ્વયં પ્રગટે છે. અહંના કોચલામાં સ્વયં છુપાયેલ છે. અહં ક્યારે ફૂટે? અંદર ઊંડા ઊતરો ત્યારે. લોકો અહંના નાળિયેરને દાંત વતી તોડી સ્વાદ

લેવા ચાહે છે. પણ બહાર કંઈ નથી. જે છે તે કોપરું અંદર છે. નાળિયેરનું ઉપરનું કોચલું તૂટે તો જ અંદરનું મીઠું પાણી મળે.

અહં ઢાંકણ છે, સ્વયં તત્ત્વ છે, અહં પ્રતિષ્ઠા કે અહંકાર છે, એ કોઈએ આપેલું છે, પારકું છે. સ્વયં કોઈએ આપેલું નથી. એ પોતે સ્વયંસિદ્ધ છે. અહં બેડી છે, સ્વયંમુક્તિ છે.

અહં ઓળખાણ આપવા માગે છે કે હું કોણ છું, જ્યારે સ્વયં ઓળખાણ ભૂંસવા માગે છે.

એક સાધુ પાસે ત્રણ મિત્રો આવ્યા. એમને સાધના કરવી હતી. સાધુએ પૂછ્યું: "તમે કોણ છો?" પહેલાએ કહ્યું: "હું? હું રાજકુંવર છું. વીશ ગામનો સ્વામી છું." "બસ!" સાધુએ બીજાને પૂછ્યું: "તમે કોણ છો?" "હું? હું નગરશ્રેષ્ઠીનો પુત્ર છું. એક કરોડ રૂપિયા મારા પિતા પાસે છે. હું તેનો એકનો એક પુત્ર છું. મારું સ્થાન ઘરમાં અદ્વિતીય છે."

સાધુએ ત્રીજાને પૂછ્યું: "અને તમે? તમે કોણ છો?"

ત્રીજાએ હાથ જોડી નમ્રતાથી કહ્યું: "પ્રભો! હું જાણતો હોત કે હું કોણ છું તો અહીં આપની પાસે શાને આવત? આપ જ બતાવો કે હું શું છું? હું કોણ છું? કારણ કે, હું સ્વયંને ભૂલી ગયો છું. બધાની સાથે નામ અને ધામમાં પુરાયો છું."

સાધુએ જાણ્યું: ત્રણમાં આ જ સાધક છે. શાંતિમાં સ્વયંને પામવા આ આવ્યો છે. પેલા બે તો નામ અને ધામવાળા છે: એકની પાસે પૈસાનો અહં છે, બીજાની પાસે

પ્રતિષ્ઠાનો. આ અહં તો સ્વયંને આવરે છે! પદવી અને પ્રતિષ્ઠામાં જ પ્રસન્નતા માનતો માણસ પ્રભુતાને કેમ પામે?

ચૈતન્યની ચારિત્ર્યરમણતા એટલે પ્રાપ્તિ નહિ, તૃપ્તિ. ભગવાન મહાવીર ગૃહત્યાગ કરી જઈ રહ્યા છે ત્યારે નન્દીવર્ધને એમને કહ્યું: "ભાઈ! રાજપાટ છોડી જંગલમાં જવા કરતાં આ રાજ્ય શું ખોટું છે?"

ભગવાન મહાવીરની આંખો આકાશ પ્રતિ ઊંચી થઈ અને તૃપ્તિનો પમરાટ પ્રસરાવતાં એમણે કહ્યું: "બંધુ! જેનું સામ્રાજ્ય ગગનથીય ઊંચું છે તે આ ધૂળમાં સમય કેમ વિતાવે? જે પોતાના પર આત્મામાં રાજ્ય કરવા આવ્યો છે તે અન્યના શરીર પર રાજ્ય કરવા કેમ રોકાય?........"

આ શબ્દો ક્યાં ઊંડાણોમાંથી આવે છે? જ્યાં વાસનાભરી બુદ્ધિ ડોકિયું કરવા પણ હિંમત નથી કરી શકતી એવાં ઊંડાણોમાં આ સમજ પડી છે. મધની પ્રાપ્તિ પછી તો મધુકર પણ ભટકવું મૂકી તૃપ્તિની લીનતા માણે છે! આ લીનતા એ જ જીવનના પરમ આનંદની પ્રાપ્તિભરી પૂર્તિ છે. એ પામવું એ જ આ માનવજીવનનો પરમ હેતુ છે, ઉદ્દેશ છે. મુક્તિની આ ભૂમિકા પામવા પ્રભુએ આપણને ત્રણ સાધન બતાવ્યાં: દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આત્માની ઝાંખી એટલે દર્શન, આત્માની સમજ એટલે જ્ઞાન, આત્માની રમણતા એટલે ચારિત્ર્ય; આ ત્રણમાંથી એક પણ અપૂર્ણ હોય તો મુક્તિ ન સંભવે. હરડાં–બેડાં–આમળાં એટલે ત્રિફળા. તેમ દર્શન–જ્ઞાન–ચારિત્રની પરિપૂર્ણ પ્રાપ્તિ એટલે મુક્તિ. આ પૂર્ણની પ્રાપ્તિ આપ સૌને આ રત્નત્રયીની પૂર્ણતાથી થાઓ એ મહેચ્છા.

# તેજનો લિસોટો

મને એક વૃદ્ધની યાદ આવે છે. એંસી વર્ષની ઉંમર હતી, અને રસ્તાની એક પડખે ખાડો ખોદીને તે એક આંબો વાવી રહ્યા હતા.

કોઈ કે જઈને પૂછ્યું: "દાદા, તમે આ શું કરો છો?"

દાદાએ કહ્યું: "હું આંબો વાવું છું."

કો'ક ટીખળી માણસ હતો એણે મશ્કરી કરી: "અરે, દાદા, તમને તે આ કેવી માયા લાગી છે! આ આંબો વાવો ક્યારે, એ ઊગે ક્યારે, એનાં ફળ આવે ક્યારે અને તમે ખાઓ ક્યારે?"

પેલા વૃદ્ધે કહ્યું: "ભાઈ, આ માયા નથી, આ તો માનવે જે અર્પણ કર્યું છે તે અર્પણનું આ તર્પણ છે."

પેલાને કાંઈ સમજણ ન પડી એટલે પૂછ્યું: "એટલે શું?"

એમણે કહ્યું: "રસ્તા ઉપર જે આંબો છે તે મારા પૂર્વગામીઓએ વાવેલો છે. તેની છાયા આજે હું માણું છું. એની કેરી હું ખાઉં છું. ત્યારે મને થયું કે હું પણ એકાદો આંબો વાવતો જાઉં કે જેથી ભાવિમાં આવનારી જે

જે પેઢી છે એને છાયા મળે. આપણે બીજાને લાભ આપવાનો છે."

અમાસની રાત્રે તમે જોયું હશે કે આકાશમાં એક તારો જો ખરે છે તો તે તેજનો લિસોટો મૂકી જાય છે.

એ જ રીતે તમે ભલે ખૂબ મહાન માનવી ન બની શકો, પરંતુ તમારા વર્તુળમાં, તમારા સમાજમાં, તમારા મિત્રમંડળમાં એક તેજનો લિસોટો મૂકીને જાઓ, કે જે માનવહૃદયમાં પ્રકાશ પાથરે.

# સ્ત્રી જવાળા નહિ, જ્યોત

હું માનું છું કે સ્ત્રી એક કવિતા છે. કવિતામાં છંદ હોય છે, શબ્દોનું લાલિત્ય હોય છે, જીવનને સ્પર્શે એવો એક સ્થાયી ભાવ હોય છે. કાવ્યશાસ્ત્રના નિયમોથી સુબદ્ધ કવિતા જ, ઉત્તમ કવિતામાં લેખાય છે. તે જ પ્રમાણે સ્ત્રીના જીવનમાં પણ સંયમ અને સત્યભાવ વગેરે હોય તો તેનું જીવન પણ કવિતા બને છે, નહિ તો બને છે કાકારવ–જે કલહ, કંકાસ અને કટુતાથી કલુષિત હોય છે.

શાણી સ્ત્રી જીવનને કવિતામય, કલ્યાણમય અને સંવાદ-મય કેમ બનાવી શકે છે તે જ આપણે વિચારવાનું છે.

સ્ત્રીની શક્તિને જ્યોત અને જવાળા એવી બે ઉપમા આપી શકાય. જ્યોત પ્રકાશ આપે છે; અંધકારને દૂર કરી સર્વને ઉજ્જવળ કરે છે, જ્યારે જવાળા ભસ્મ કરે છે; લાંબા કાળના સર્જનનો નાશ કરી વાતાવરણને ઉજ્જડ કરે છે. જગતનો ઇતિહાસ આ બંને વાતનાં ઉદાહરણ પૂરાં પાડે છે.

જ્યોતની શક્તિને દીપ્તિ છે; જવાળાની શક્તિને કાલિમા છે. એક જ પ્રકાશનાં કેવાં બે જુદાં સ્વરૂપ.

સ્ત્રીના જીવન-વિકાસમાં કે નવનિર્માણમાં આ ભાવના મુખ્ય ભાગ ભજવે છે. સ્ત્રીઓએ વિચારવાનું છે: 'એને શું બનવું છે? જ્યોત કે જ્વાળા?' યોગ્ય દીક્ષા અને શિક્ષા મળે તો જ્યોત, નહિ તો જ્વાળા. સુપાત્રે જ્યોત, કુપાત્રે જ્વાળા! જ્યોત એવું જીવન જીવી જાય છે કે જેથી સંસાર ઉજ્જ્વળ અને સુંદર બને, રમ્ય અને રસવંત બને; મહાપુરુષો પણ તેની સામે મસ્તક ઝુકાવે.

અત્યારે તમારો એવો સમય છે કે જ્યાં નિર્ણય થવાનો છે. આવતી કાલનાં દ્વાર ખોલવાની ચાવી તમારે હાથમાં લેવાની છે. તમારું અત્યારનું જીવન આશાથી સભર છે, સ્વપ્નોથી સુંદર છે, લાગણીઓથી છલોછલ છે. પણ લાગણીના ખોટા પૂરમાં તમે ક્યાંક તણાઈ ન જાઓ તે માટે અત્યારથી જ તમારે સાવધ રહેવાનું છે અને સજાગ બનવાનું છે.

માણસ પાસે ત્રણ સાધન છે: વિચાર, ઉચ્ચાર અને આચાર. વ્યક્તિ પોતાનો વિકાસ કે વિનાશ આ સાધનોથી જ કરે છે. પહેલાં વિચારનો ઉદય થાય છે, પછી ઉચ્ચાર આવે છે અને અંતે આચારનું દર્શન થાય છે.

સરકારના ભયથી કે દંડના દબાણથી આચાર સારો રાખી શકાય, સત્તા કે સમાજની બીકે ઉચ્ચાર પણ સારો રાખી શકાય, પણ વિચાર માટે કઈ સત્તા કે કયો ભય? માણસ આચારમાં કે ઉચ્ચારમાં દંભ કરી શકે પણ પોતાના વિચારોથી પોતે દંભ કેમ કરી શકે?

કોઈ માણસ જો આચારમાં ખરે જ સારો હોય તો તે મૂળ સ્વરૂપે વિચારમાં સારો હોવો જ જોઈએ. વિચાર આત્મ-

સાત્ છે; આચારને ઊછીનો લાવી શકો છો, કારણ કે તે પર છે. પણ વિચાર તો લોહીમાં વણાયેલ છે. જીવનને કવિતામય બનાવવા વિચારમાં આવા સૌંદર્યની આવશ્યકતા છે.

એકલતાની ઘડીમાં પણ વિચાર કઈ દિશામાં કામ કરે છે તેનું અવલોકન કરતા રહો. મહાન પુરુષો પોતાના વિચારની ચોકી કરે છે. એકાદ અશુભ વિચાર એકાન્તમાં પણ આવી ગયો હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરે છે. ગાંધીજી ઉપવાસ પછી વધુ પ્રસન્ન દેખાતા. એ ઉપવાસથી કદી થાકતા નહોતા તેનું કારણ એમણે લખેલ મીરાંબેન ઉપરના પત્રમાંથી તારવી શકાય છે: "ફૂલ રાતના ઝાકળમાં ધોવાઈને શુભ્ર, અને તાજું બને છે, તેમ મારા સાથીઓથી થયેલા અપરાધોને ધોઈને ઉપવાસ પછી હું બહાર આવ્યો છું."

અશુભ વિચાર ધોવાઈ જવાથી મન હળવું થતાં જે પ્રસન્નતા આવે છે તે ઓર છે.

આજે જે બહેનો અને ભાઈઓમાં વિષાદ છે, Depression અનુભવાય છે, હિસ્ટીરિયા આવે છે, તે બતાવે છે કે તેમના વિચારોમાં કંઈક અવ્યવસ્થિત તત્ત્વ રહેલું છે, જેના લીધે એમનું સમત્વભર્યું વ્યક્તિત્વ નષ્ટ થયું છે.

દુનિયામાં તો આજે જે પોતાના વિચારોને સંતાડી જાણે છે, તે લોકો મુત્સદ્દી ગણાય છે. જે હોય તે બોલે નહિ; જે બોલે તે હોય નહિ—આવી હવા જામી છે.

એક ભાઈએ મને પુસ્તક આપ્યું. એનું નામ હતું: "How to Win Friends and Influence People."

મેં એમને કહ્યું: 'આ પુસ્તક આત્માના વ્યક્તિત્વને પ્રગટ કરવાનું નથી શીખવતું પણ માત્ર polished કેમ બનવું તે બતાવે છે. એમાં સાચા બનવા કરતાં સારા દેખાવા પર વધુ વિવેચન છે. સભ્યતા રાખો એ સારી વાત છે, પણ તે સભ્યતા સહજ રીતે અંદરથી આવવી જોઈએ. સભ્યતા રાખવા ખાતર સભ્યતા રાખવી, એનો અર્થ તો દંભ પણ થાય. આજે યુરોપમાં 'વેરી ફાઈન,' 'નાઈસ,' 'થેન્ક યુ' જેવા શબ્દો કેટલા પ્રચૂર રીતે વપરાય છે! પણ તે ફક્ત બાહ્ય વિવેક ખાતર જ વપરાય છે. આ શબ્દો જો સહૃદયતાથી બોલાય તો શ્રેષ્ઠ, પણ આચારના દંભ રૂપે વપરાય તો? હું માનું છું કે વિવેક માટે બોલાતા શબ્દોમાં વિવેક તો જોઈએ જ.

માણસના વિચારને સત્ય આકાર આપવા માટે, ઉચ્ચાર અને આચાર એ બે સાધનો છે. આ બે માધ્યમ દ્વારા માણસમાં રહેલું શુભ તત્ત્વ બહાર આવે છે. એના ભાવમાં રહેલું સૌંદર્ય ઉચ્ચાર દ્વારા આકાર લે તે જ ઉદ્દેશ છે. પણ હું તો જોઉં છું કે કેટલાક લોકો સડી ગયેલા શાકના ભાગને સમારતી વખતે કાપીને ફેંકી દે છે, પણ સડેલા વિચારોને સંગ્રહી, મનની અંદર રાખી મૂકે છે.

કેટલાક લોકો એકાન્ત મળે અને એકલા હોય ત્યારે એવું વાચન વાંચે કે સભ્ય વ્યક્તિ તો એ જોતાં પણ ક્ષોભ પામે. આ એકાન્ત શાને માટે છે? શુભ વિચારોને અશુભ કરવા માટે? વિચાર એ તો વ્યક્તિનો પાયો છે. પાયો અશુભ હોય તો ઇમારત શુભ કેમ બની શકે?

પ્લેટફોર્મ પર જુઓ. એક ટ્રેન અમદાવાદ તરફ જનારી હોય છે તો બીજી પંજાબ તરફ. લોકો એક જ પ્લેટફોર્મ દ્વારા અંદર આવે છે. તે વખતે પંજાબી અને ગુજરાતી પ્રવાસી સાથે હોય છે. બંને ગાડીઓ પણ પાસે પાસે ઊભી હોય છે. પણ ચાલુ થયા પછી બન્ને વચ્ચે ધીરે ધીરે અંતર વધતું જાય જ છે. એક અમદાવાદ પહોંચે છે, બીજી પંજાબ. તે જ પ્રમાણે વિચારોનું અંતર પણ પ્રારંભમાં નહિ દેખાય પણ જીવનનું અંતર કપાતાં તે અંતર વધતું જાય છે. સંત પણ વિચારથી થવાય છે અને શેતાન પણ વિચારથી જ થવાય છે. સૌંદર્ય કે સીતમભર્યો સંગ્રામ વિચારનું જ પરિણામ છે!

જે વ્યક્તિ વિચાર સામે જાગ્રત છે તે જ જીવનમાં સંવાદ સર્જી શકે છે. એ માટે જીવનના ઊંડાણમાં જાઓ. ક્યાંય સૌથી વધુ ઊંડાણ હોય તો તે જીવનનું છે. જે ઉપરની સપાટી પર છે તે તો માત્ર આસપાસ પરકમ્મા જ કરે છે. તેને ખબર નથી કે જીવન એ સપાટી ઉપર નહિ પણ ઊંડું છે, ગહન છે.

તમે અત્યારે ભણો છો. તમારો આ સમય અભ્યાસ માટે છે. તમે તમારા માર્ક્સ અને ક્લાસ લાવવા માટે જાગ્રત રહો તે સહજ છે; પણ મૂળ જીવનદષ્ટિને ચૂકો નહિ. જીવનદષ્ટિ વિનાનું, માત્ર પુસ્તકિયું જ્ઞાન તમને ઊભા નહિ કરી શકે. વિપત્તિમાં પણ ઉન્નત મસ્તકે અને સ્વસ્થતાથી જીવન જીવવાનું બળ આ દષ્ટિથી જ મળી શકે છે.

જીવનના અવલોકનથી અંદરની વ્યક્તિ વિરાટ રૂપ લે છે, વિચાર સુવિચાર બને છે, વિચાર–વિચાર વચ્ચે સંવાદ

ઉત્પન્ન થાય છે અને સફળતા પ્રાપ્ત થાય છે.

અત્યારે મને સૌરાષ્ટ્રમાં બનેલી એક સત્ય ઘટના યાદ આવે છે. એ ગુલાબબાઈના જીવનમાંથી તમનેય પ્રેરણા મળશે.

મોહનનું લગ્ન એક શ્યામ પણ સંસ્કારી કન્યા ગુલાબ સાથે થયું હતું. થોડાં વર્ષ પછી મોહનને એક ધનવાનની મૈત્રી થઈ. મોહનને તે મુંબઈ લાવ્યો. ત્યાં તે નોકરીએ રહ્યો. હોશિયારીથી આગળ અને આગળ વધતો જ ગયો શેઠે જોયું કે મોહનની પકડ ગ્રાહકો પર અને ધંધા પર સારી છે. એટલે એને ચાર આની ભાગ કરી આપ્યો. દિવસો જતાં એનો આઠ આની ભાગ થયો.

દુઃખના એના દિવસોમાં એની પત્ની એને પ્રેરણા આપતી રહી હતી, સેવા કરતી અને એ દુઃખના દિવસોને હસીને પાર કરવામાં છાયાની જેમ સહાયક બનતી. પણ હવે જોત-જોતામાં સુખ અને સંપત્તિના દિવસો આવી મળ્યા. પૈસો વધતો જ ગયો. હવે એ મોહન નહિ, મોહનલાલ થયો.

અર્થ કેટલીક વાર અનર્થને તેડી લાવે છે ને! ધન પણ પ્રમાણમાં મળે તો સારું, પણ વધુ પ્રાપ્તિ કેટલીક વાર મુસીબતનું કારણ બને છે. આજે નખ વધારવાની ફેશન થઈ ગઈ છે એટલે શું કહું ? પણ તે પ્રમાણસર હોય તો સારા; વધુ હોય તો તેમાં મેલ ભરાય. ધન પણ વધુ હોય તો તેમાં કચરો ભરાય અને કોક વાર મૂળમાંથી ઊખડી જાય.

મોહનલાલ પાસે ધન આવ્યું એટલે એની સાથે કહે-વાતા મિત્રો પણ આવ્યા. એક સાંજે મિત્રોની આ મંડળી કોઈ મોટી હોટલમાં ભોજન-સમારંભ માણી રહી હતી.

તેમાં એક વરણાગી દોસ્તે ટપકું મૂક્યું : "ભલા માણસ ! આટલો પૈસો છે, આ નવી ગાડી છે, છતાં ઊતરી ગયેલા મોડલની આ સ્ત્રી લઈને ફરતાં તને શરમ નથી આવતી ?"

ગુલાબની સુવાસ ફેલાવનારા મિત્રો આજે ક્યાં છે ? હવે ઘરોમાં અને બ્લૉકોમાં પણ મોટાં મોટાં કુંડાંઓમાં ગુલાબને બદલે વિદેશી થોરિયાં વધતાં જાય છે ! મિત્રો પણ એ થોરિયા જેવા જ મળે ને ! પેલાએ મોહનના મનમાં વાત એવી રીતે મૂકી કે એ કાંટાની જેમ સીધી જ એના દિલમાં ઊતરી ગઈ.

એણે પત્નીને દેશમાં રવાના કરી દીધી. મિત્રોને રખડવાનું મેદાન મળી ગયું. બ્રેક હતી તે નીકળી ગઈ. ગાડી અનાચારને માર્ગે પૂરપાટમાં દોડવા લાગી. પૈસો આવ્યો પછી મુંબઈમાં પૂછવું શું ?

મોહનની મા કજિયાળી અને કડક હતી. એણે તો વહુના ગુણ જોવાને બદલે એના શ્યામ રંગને જ આગળ કર્યો. ત્રાસ આપવા લાગી. એના પર કામનો ઢગલો નાખ્યો. ગુલાબને ચાર વર્ષનો કિશોર નામે પુત્ર હતો. ગુલાબ માનતી કે ભલે એને પતિનું કે સાસુનું સુખ નથી પણ પોતાનો પુત્ર પોતા પાસે છે. એ ઓછું સુખ છે ? જીવન વિલાસ માટે નહિ, વિકાસ માટે છે. દુનિયાને ફળ અને ફૂલ આપવા માટે કોઈકે તો મૂળિયું બની જમીનમાં દટાવું જ રહ્યું. આવી ભાવના ગુલાબના વિચારોમાં હતી. એ બોલતી થોડું, પણ સમજતી ઘણું; એટલે એ પોતાના બાળકમાં સંસ્કાર-સિંચનના કામમાં લાગી રહેતી. કિશોર આઠ વર્ષનો થયો.

તેનું સુંદર ઘડતર થયું હતું.

સૌથી મોટો શિક્ષક મા છે. નેપોલિયને કહ્યું છે: ‘મા સો શિક્ષક બરાબર છે.” આવું કહેનારને માતાએ પ્રેરણાનાં કેવાં પીયૂષ પાયાં હશે? બાળકને પહેલાં મા ઘડે છે, પછી પિતા સભ્યતા શિખવાડે છે, પછી શિક્ષક શિક્ષણ આપે છે અને અંતે સમાજ એને ઘડે છે.

મોહન કિશોરને મુંબઈ તેડી ગયો. એને કોન્વેન્ટમાં મૂક્યો. અહીં એ ભણવામાં પહેલો આવે છે. એક વાર એણે કહ્યું: “પપ્પા! મારી મમ્મીને અહીં બોલાવો ને!”

મોહને મોં બગાડી કહ્યું: “તારી મમ્મી કેવી કાળી છે! તું કેવી સ્કૂલમાં જાય છે! ત્યાં આવતાં બાળકોનાં મમ્મી કેવાં હોય છે! તારી કાળી માને મમ્મી કહેતાં તને શરમ નહિ આવે?”

દશ વર્ષના નિર્દોષ મગજમાં એણે ઝેરી વિચાર ધીમે રહીને મૂકી દીધો. બાળકો તો શાહીચૂસ કાગળ જેવાં હોય છે. કિશોરના કુમળા મગજમાં આ વિચાર હવે આકાર લેતો ગયો: ‘મારી મા સારી છે, મીઠી છે, પણ સાચી વાત છે કે એ કાળી છે. હા, જરા કદરૂપી પણ છે.’

સાસુને થયું: આ શ્યામાએ મારા દીકરાની જિંદગી બગાડી. એને એમ ન થયું કે પૈસાના જોરે એનો પુત્ર રખડુ થયો. પૈસો ન હોત તો દેવીની જેમ પૂજત, પણ પૈસો થતાં એને એ જૂની મોડેલ લાગી!

વહુ વિચારતી: ‘મારી ચામડી શ્યામ છે, દિલ તો શ્યામ નથી ને? મારા વિચારો ઊજળા છે, પણ તેને મોહન

ધનના મદમાં આજ હવે નથી જોઈ શકતો; પણ ભગવાન તો જુએ છે ને ? કંઈ નહિ, કોલસો પણ આગમાં બળી જાય છે ત્યારે તેની રાખ તો ધોળી જ થાય છે ને ! કદાચ મારા જીવનમાં પણ એમ જ કાં ન બને ? મારા સમર્પણમાંથી ઉજ્જવળતા કાં ન પ્રગટે ?'

કિશોર વીશ વર્ષનો થયો. એનાં લગ્ન લેવાયાં. મુંબઈની કોલેજના સુધરેલા મિત્રોની મંડળી સાથે કિશોર પોતાની મોટી કારમાં આવી પહોંચ્યો. મંડપ નંખાયો. શહનાઈઓ શરૂ થઈ. જાન બાજુના ગામ જવાની હતી. એની તૈયારીઓ થઈ.

કિશોરને જોઈ માનું હૈયું હર્ષથી ફૂલું ફૂલું થાય છે. એને ત્યારે ખબર નહિ કે કિશોરના હૈયામાં પણ ઝેર પ્રસરી ગયું છે. એને તો બિચારીને મનમાં સંતોષ છે કે બધા પરાયા થઈ ગયા છે પણ એનો પુત્ર તો એનો જ છે ને ? આ લોહીની સગાઈ છે.

આવા વિચારમાં પરણવા જતા કિશોર પાસે એ જાય છે. વાત્સલ્યથી ઊભરાતા હૈયે દીકરાના કપાળમાં ચાંલ્લો કરવા હાથ લંબાવે છે. પણ કિશોરના મગજમાં તો પૂર્વગ્રહ છે. એને માતાના મમતા ભરેલ વાત્સલ્યથી ઊભરાતા હૃદયનું દર્શન નથી થતું, પણ કદરૂપી અને અભણ–સામાન્ય સ્ત્રી જેવી સ્ત્રી દેખાય છે. તિરસ્કારમાં એણે મા સામે હસીને જોયું પણ નહિ, અને તે બહાર નીકળી ગયો. ધામધૂમથી જાન ગઈ. કિશોરની મા અને તેની દાદી ઘેર રહ્યાં.

મા માટે આ ઘા કારમો હતો. એણે આવા પ્રસંગની તો કલ્પનાય નહોતી કરી. 'સૌ પરાયા થાય પણ પોતાનો પુત્ર પરાયો થાય ! બીજા તો ચામડીનો રંગ જુએ પણ એનો પુત્ર પણ એ હરોળમાં બેસે ! જગત તો દિલ ન સમજે પણ પુત્ર પણ ન સમજે ! તો પછી જીવવાનો અર્થ શો ? કંઈ નહિ, મેં તો મારી ફરજ બજાવી. સ્વકર્તવ્ય કરતાં કરતાં ખપી જવામાં જ જીવનનો સાર છે.'

એ જ રાતે કજિયાળાં દાદી અંદરના ઓરડામાં સૂતાં છે. કિશોરની બા બહારના ઓરડામાં છે. ત્યાં તો ઘરના પાછળના ભાગમાં આગ લાગી. ધૂમાડો અને આગના ગોટા અંદરના ઓરડામાંથી આવતા દેખાયા. એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના ગુલાબ દોડી. લાત મારી કમાડ તોડ્યું અને ધૂમાડાની અંદર મૂંઝાઈને રાડારાડ કરતાં સાસુને એણે પોતાના ખભા પર નાખી બહાર કાઢ્યાં. આ બધું કરતાં એના હાથ દાઝી ગયા, મોઢાને ઝાળ લાગી અને પગ પણ દાઝ્યા. પણ એનાં સાસુ સંપૂર્ણ રીતે બચી ગયાં.

આ જીવનદાનના મહાન સમર્પણથી સાસુનું હૃદય હવે પલટાયું. એના મન પર લાગેલો કચરો જાણે કે આ આગમાં બળી ગયો. એણે પોતાની આ ગુલાબવહુમાં રહેલા ઉજ્જવળ આત્માનું દર્શન કર્યું. એની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એના પગમાં પડી એ માફી માગવા લાગીઃ 'તારી તો મેં આજ સુધી નિંદા જ કરી છે. તારા પર દુઃખનો ભાર નાખવામાં મેં બાકી રાખી નથી, છતાં તેં મને જીવતદાન દીધું ! જીવના જોખમે તેં મને બચાવી.' અને

એ ભગવાનને પ્રાર્થના કરવા લાગી: 'મારી વહુને બચાવો.'

કિશોર પરણીને ઘેર આવ્યો. આગના સમાચારથી સૌની લગ્નની મઝા ઊડી ગઈ હતી.

મોહન, કિશોર, નવવધૂ સૌ ડોશીમાને પગે પડવા ગયાં ત્યાં એણે આંસુ લૂછીને કહ્યું: 'મને શું પગે પડો છો? દયાની દેવી, માણસાઈનો અવતાર તો તારી મા છે, એને પગે પડ, દીકરા! મેં આખો જન્મારો એની નિન્દા કરી પણ બદલામાં એણે તો પોતે બળીને પણ મને જિવાડી! મારામાં જે ખરાબી હતી તે મેં એનામાં જોઈ. ખરાબ માણસ સારું જુએ પણ શું? પણ આજે હવે મારી આંખ ઊઘડી ગઈ છે. હે ભગવાન! મારી વહુને બચાવ.

કિશોર સૌને સાથે લઈ મા પાસે ગયો. આ વાત સાંભળ્યા પછી એના મનમાં પણ મા પ્રત્યેનો પ્રેમ પૂર બનીને ઊછળી રહ્યો. એણે જોયું કે સમર્પણની આ જ્વાળામાં એની માના મુખને ઝાળ લાગી છે. પણ આ દાઝેલ મુખમાંય એ કેવી પ્રસન્ન અને શાન્ત હતી! એ માને પગે પડી ભેટી પડ્યો. માની છાતી પર મોં મૂકી એણે કહ્યું: "મા!" એનાથી વધારે ન બોલાયું.

માની આંખમાંથી પણ આંસુની ધારા વહેવા લાગી. એણે કહ્યું: "મને વિશ્વાસ હતો કે મેં મારા પુત્રમાં રેડેલા સંસ્કાર નિષ્ફળ નહિ જાય. આજે મારો એ વિશ્વાસ ફળ્યો છે, એટલે વીશ વર્ષ સુધી મેં વહેલો ભાર આજે આંસુ વાટે વહી જાય છે. એ મને હળવો કરે છે. મેં તો મૌનમાં પણ પ્રભુ પાસે એ જ પ્રાર્થના કરી હતી કે મારા પતિને

પણ પ્રભુ તું તારો પ્રકાશ આપ. એ ખીણને તળિયે પહોંચે તે પહેલાં તું તારો પ્રકાશમય હાથ એમની તરફ લંબાવ."

મોહને એનો હાથ ઝાલી કહ્યું: "ગુલાબ! તારો આત્મા ખરેખર ગુલાબ જેવો જ છે. મેં તારો માત્ર બહારનો રંગ જ જોયો. તારા ઉજ્જવળ આત્માની ઝાંખી મને ત્યારે ન થઈ. પણ આજથી હું પ્રતિજ્ઞા કરું છું....હવે આડે માર્ગે નહિ જાઉં."

મેં કહેલી આ એક સત્ય ઘટના છે. એ બાઈ ભણેલ ન હતી પણ સંસ્કારી હતી. એના વિચારોમાં સંવાદ હતો, સ્વચ્છતા હતી. એણે જીવનભર વિચારોને સ્વચ્છ રાખવાનો જ પ્રયત્ન કર્યો. જોકે એને દુઃખ સહેવું પડ્યું, પણ અંતે એના વિચાર, ઉચ્ચાર અને આચારનો વિજય થયો. આખાય કુટુંબને એણે બચાવી લીધું. અધઃપતનની ખીણમાં જતા મોહનને પણ અંતે એણે તાર્યો. ઝેરી વાતાવરણમાં પણ એ અંદરના બળથી ટકી શકી અને જ્વાળા નહિ પણ જ્યોત બનીને જીવનને અજવાળ્યું.

વિચાર એ બીજ છે, આચાર એ વૃક્ષ છે. બીજ ધરતીમાં ગુપ્ત હોય છે, એના પરિણામ રૂપ વૃક્ષ બહાર દેખાય છે. આ જ રીતે માણસનું સાચું ચારિત્ર્ય અને સારી ભાષા એ ગુપ્ત એવા સારા વિચારોનું જ પરિણામ છે. બહારથી તમે ટાપટીપ કરો, પણ અંદરના વિચારોને સારી રીતે અલંકૃત ન કરો તો કેમ ચાલે? બહારની શોભા તો અમુક વર્ષો જતાં નિસ્તેજ બનવાની છે. જીવનના અંત સુધી ગુલાબની

જેમ સુવાસ ફેલાવનાર તો અંદરના સુવિચારો જ છે; એ જ તમારી સાચી શોભા છે.

તમારી પરીક્ષા ચાલતી હોય, પાસે તમારી હોશિયાર બેનપણી પેપર લખતી હોય, ત્યાં તક મળે તો નકલ કરવાનું તમે જતું કરો ખરાં? તમને વિચાર આવે ખરો કે હું ચોરી કરું છું? આવા પ્રલોભન સામે કોણ ટકી શકે? જે વિચારક હોય, વિચારનો ચોકીદાર હોય તે. નાની ચોરી મોટી ચોરીને લાવે છે, પણ નાની ચોરીને જ ઊગતાં ડામો તો મોટી ચોરીને પાંગરવાનો સમય જ ક્યાંથી મળે?

ચોરીનો વિચાર આવે ત્યાં જ તમે સાવધ બનો. એ કેમ આવ્યો તે વિચારો. વિચારનો વિચાર એ જ 'જીવનની ખરી' જાગૃતિ છે.

કવિતામાં શબ્દ કરતાં વિચાર-ભાવ મુખ્ય હોય છે. વિચાર નિર્માલ્ય હોય અને શબ્દોથી તમે લાદો તો એ કંઈ ઉત્તમ કવિતા ન બને. તેમ, જીવનને તમે સુવિચાર વિના બીજી હજારો વસ્તુથી શણગારશો તોપણ તમારું જીવન ઉત્તમ કવિતા રૂપ નહિ બને. એ બહારનો ચમકાર ભર્યો આકાર માત્ર હશે, અંદરના આત્માનો સત્કાર નહિ હોય.

આખાય રામાયણમાં મને કોઈ વધારે આકર્ષક પાત્ર લાગ્યું હોય તો તે સીતાનું. સીતાએ પોતાના વિચારોને એવા શુદ્ધ બનાવ્યા કે જેની આગળ બળવાન રાવણ પણ નિર્બળ લાગે, અને એ અબળા હોવા છતાં સબળા લાગે. રાવણના સ્થાનમાં જ રાવણને એ પડકારે છે, રાવણનો તિરસ્કાર કરે છે. વિચારો કે એનામાં કેવી નિર્ભયતા હશે?

એ કેવી શુદ્ધ હશે ? એ માનતી હશે ને કે એના શુદ્ધ જ્યોત જેવા જીવનને કોઈ અડવા જશે તો એ બળીને ખાખ થઈ જશે ! આ બળ શરીરનું નહિ પણ સત્ત્વનું છે. શક્તિ શરીરમાં નહિ પણ વિચારોની શુદ્ધિમાં છે.

સુવિચારના સૂક્ષ્મ બીજમાંથી શુદ્ધ ઉચ્ચાર અને શુદ્ધ આચારનાં ફળફૂલ થવાનાં છે, તો સુવિચાર દ્વારા તમે જ્યોત અનો અને વાતાવરણને પ્રકાશથી ભરો. આજના અંધારઘેર્યા જગતમાં આવી જ્યોતની કેટલી અનિવાર્ય જરૂર છે ? તમારામાં રહેલી શક્તિ જ્વાળા નહિ પણ જ્યોત, કલહ નહિ પણ કવિતા બનો એવી શુભેચ્છા.

**ઘરમાં જ**

રસ અને સંસ્કારની ગંગા

એટલે

**શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળાનાં**

રસ અને નીતિપ્રેરક

સુંદર ગેટઅપવાળાં પુસ્તકો

વર્ષના રૂા. દશ (પો. ખર્ચ રૂા. ૨-૫૦)

રૂા. દશમાં રૂા. વીસનાં પુસ્તકો.

**આમનાં આમ છે, અને**

**ગોટલીના દામ છે.**


**નવમું વર્ષ પૂરું કરી દશમા વર્ષમાં**

પુનિત પ્રવેશ કરે છે.

**આજે જ** ગ્રાહક બનો.

**શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ**

હઠીભાઈના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર, **અમદાવાદ**


અમદાવાદ